અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૯ જુલાઈ ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, શ્રાવણ સુદ ૫ | અંક : ૩૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ઓપરેશન સિંદૂર પર ચર્ચામાં બોલ્યા રાજનાથ સિંહ

## પાકિસ્તાન અવળચંડાઈ કરશે તો ફરી ઓપરેશન સિંદૂર કરીશું

### ૯ આતંકવાદી ઠેકાણાને નિશાન બનાવવામાં આવ્યા હતા : લશ્કરી કાર્યવાહીમાં સોથી વધુ આતંકવાદીઓ, તેમના ટ્રેનર્સ, હેન્ડલર્સ અને સહયોગીઓ માર્યા ગયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

આજે સોમવારે સંસદમાં ઓપરેશન સિંદૂર પર ચર્ચાની શરૂઆત થઈ હતી. આ દરમિયાન સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે, ઓપરેશન સિંદૂર પરની ચર્ચાનો પ્રારંભ કરાવતા કહ્યું કે, ભારતીય વાયુસેનાના જબરદસ્ત હુમલાઓ, નિયંત્રણ રેખા પર સેનાનો જોરદાર જવાબી કાર્યવાહી અને નૌકાદળના હુમલાના ડરથી પાકિસ્તાનને નમવા માટે મજબૂર કરવામાં આવ્યું. પાકિસ્તાનનો આ પરાજય તેમની સામાન્ય નિષ્ફળતા નહોતી, પરંતુ તે તેના લશ્કરી બળ અને મનોબળ બંનેનો ભારત સામે પરાજય હતો. સંસદના ચોમાસા સત્રમાં, આજે સોમવારે લોકસભામાં ઓપરેશન સિંદૂર પર ખાસ ચર્ચા થઈ રહી છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સંસદમાં ઓપરેશન સિંદૂર વિશે વાત કરતા કહ્યું કે, પાકિસ્તાને ભારતના હુમલાના ડરથી આજીજી કરી હતી. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે, ૬ અને ૭ મે ૨૦૨૫ ના રોજ, ભારતીય દળોએ ઓપરેશન સિંદૂર નામે ઐતિહાસિક લશ્કરી કાર્યવાહી કરી. તે માત્ર લશ્કરી કાર્યવાહી નહોતી, પરંતુ તે ભારતના સાર્વભૌમત્વ, તેની ઓળખ, દેશના નાગરિકો પ્રત્યેની આપણી જવાબદારી હતી. આ દરમિયાન તેમણે કહ્યું કે, ઓપરેશન સિંદૂર પર ફક્ત વિરામ લીધો છે. જો પાકિસ્તાન અવળચંડાઈ કરશે તો ઓપરેશન ફરી શરૂ કરીશું. સંરક્ષણ મંત્રીએ કહ્યું કે, ઓપરેશન સિંદૂર હાથ ધરતા પહેલા, અમારા દળોએ દરેક પાસાઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો. અમારી પાસે ઘણા વિકલ્પો હતા, પરંતુ અમે એવો વિકલ્પ પસંદ કર્યો જેમાં આતંકવાદીઓ અને તેમના ઠેકાણાઓને વધુમાં વધુ નુકસાન થાય અને તેમાં પાકિસ્તાનના સામાન્ય નાગરિકોને કોઈ પણ પ્રકારનું નુકસાન ના થાય. રાજનાથ સિંહે કહ્યું કે, સૌ પ્રથમ, આ ગૃહ દ્વારા, હું દેશના તે બહાદુર સપૂતોને, તે બહાદુર સૈનિકોને સલામ કરું છું, જેઓ આ રાષ્ટ્રની સરહદોનું રક્ષણ કરવા માટે હંમેશા તૈયાર રહે છે. ઉપરાંત, હું તે સૈનિકોની સ્મૃતિને સલામ કરું છું જેમણે ભારતની એકતા અને અખંડિતતા સુનિશ્ચિત કરવા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું. આપણા દળો દ્વારા કરવામાં આવેલા સંકલિત હુમલાઓમાં, ૯ આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. એક અંદાજ મુજબ, આ લશ્કરી કાર્યવાહીમાં સોથી વધુ આતંકવાદીઓ, તેમના ટ્રેનર્સ, હેન્ડલર્સ અને સહયોગીઓ માર્યા ગયા છે. તેમાંથી મોટાભાગના જૈશ-એ-મોહમ્મદ, લશ્કર-એ-તૈયબા અને હિઝબુલ મુજાહિદીન જેવા આતંકવાદી સંગઠનોના હતા. આ એ જ આતંકવાદી સંગઠનો છે જેમને પાકિસ્તાનની સેના અને ISIનો ખુલ્લેઆમ ટેકો છે. માર્યા ગયેલા આતંકીઓના જનાજામાં પાકિસ્તાન આર્મી અને સરકારી પ્રતિનિધિઓ પણ જોડાયા હતા. સંરક્ષણ મંત્રીએ વધુમાં કહ્યું કે, અમારી કાર્યવાહી સંપૂર્ણપણે સ્વ-બચાવમાં હતી, તે ઉશ્કેરણીજનક નહોતી. તેમ છતાં, ૧૦ મે, ૨૦૨૫ ના રોજ, લગભગ ૧:૩૦ વાગ્યે, પાકિસ્તાને ભારત પર મોટા પાયે મિસાઈલ, ડ્રોન, રોકેટ અને અન્ય લાંબા અંતરના શસ્ત્રોનો ઉપયોગ કર્યો. સંરક્ષણ મંત્રીએ વધુમાં કહ્યું કે, મને એ કહેતા ગર્વ થાય છે કે આપણી હવાઈ સંરક્ષણ પ્રણાલી, કાઉન્ટર ડ્રોન સિસ્ટમ અને ઈલેક્ટ્રોનિક ઉપકરણોએ પાકિસ્તાનના આ હુમલાને સંપૂર્ણપણે નિષ્ફળ બનાવ્યો. પાકિસ્તાન આપણા કોઈપણ લક્ષ્યને નિશાન બનાવી શક્યું નહીં. આપણી સુરક્ષા વ્યવસ્થા કડક હતી અને દરેક હુમલો અટકાવી દેવામાં આવ્યો હતો. આ માટે, હું ભારતીય સેનાના બહાદુર સૈનિકોની પ્રશંસા કરું છું, જેમણે દુશ્મનની દરેક યોજનાને નિષ્ફળ બનાવી દીધી.

### ઓપરેશન સિંદૂર મુદ્દે સરકારને ગૌરવ ગોગોઈનો સવાલ

## ૨૧માંથી ઘટાડીને ૯ ટાર્ગેટ કેમ કરવામાં આવ્યા?

### કોંગ્રેસના નેતાએ રાજનાથસિંહના જવાબ પર વળતો પ્રહાર કર્યો, તેમણે રાફેલ વિમાનો, ટાર્ગેટ અને યુદ્ધવિરામ પર ચર્ચા કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

સોમવારે લોકસભામાં ઓપરેશન સિંદૂર પર ૧૬ કલાકની મેરેથોન ચર્ચા શરૂ થઈ છે. સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહના ભાષણ બાદ, કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ સરકારને ઘેરી હતી. ગૌરવે સંરક્ષણ પ્રધાનને પ્રશ્નો પૂછ્યા અને કહ્યું કે, રાફેલ કરોડો રૂપિયાના છે. યુએસ પ્રમુખ ટ્રમ્પ કહી રહ્યા છે કે, ૪ થી ૫ વિમાન તોડી પાડવામાં આવ્યા હતા. સરકારે વાસ્તવિક સંખ્યા જાહેર કરવી જોઈએ. આ ઉપરાંત, ગૌરવે કહ્યું કે, સેનાએ પહેલા કહ્યું હતું કે, ૨૧ લક્ષ્યો નક્કી કરવામાં આવ્યા હતા, પરંતુ ફક્ત ૯ પર જ હુમલો કરવામાં આવ્યો, લક્ષ્યો કેમ ઘટ્યા? ઓપરેશન સિંદૂર પર ચર્ચામાં બોલતા, કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ કહ્યું કે, "ઓપરેશન સિંદૂર પર આખો દેશ અને વિપક્ષ પીએમ મોદીને સમર્થન આપી રહ્યા હતા. ૧૦ મેના રોજ અચાનક અમને ખબર પડી કે, યુદ્ધવિરામ થઈ ગયું છે. શા માટે? અમે પીએમ મોદી પાસેથી જાણવા માંગીએ છીએ કે, જો પાકિસ્તાન ઘૂંટણિયે પડવા તૈયાર હતું, તો તમે કેમ રોકાયા અને કોની સામે શરણાગતિ સ્વીકારી? અમેરિકન રાષ્ટ્રપતિ ૨૬ વાર કહી ચૂક્યા છે કે, તેમણે ભારત અને પાકિસ્તાનને યુદ્ધવિરામ જાહેર કરવા દબાણ કર્યું હતું." વિપક્ષ વારંવાર ઓપરેશન સિંદૂર પર પ્રશ્નો ઉઠાવી રહ્યું છે કે, સરકારે જણાવવું જોઈએ કે, ભારતને કેટલું નુકસાન થયું છે. રાહુલ ગાંધી પોતે આ અંગે ઘણી વખત પ્રશ્નો પૂછી ચૂક્યા છે. હવે રાજનાથ સિંહે સંસદમાં આ વિશે વિગતવાર જણાવ્યું છે. આ જવાબ ખાસ છે કારણ કે સંસદમાં આપેલું નિવેદન દસ્તાવેજીકૃત છે અને સરકારી રેકોર્ડમાં નોંધાયેલું છે. રાજનાથ સિંહે સ્પષ્ટતા કરી કે, ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત તરફથી કોઈ લશ્કરી નુકસાન થયું નથી. તેમણે ગૃહને ગર્વથી કહ્યું કે, જો તમે કોઈ પ્રશ્ન પૂછવા માંગતા હો, તો આ પૂછો - શું આ ઓપરેશનમાં આપણા કોઈ બહાદુર સૈનિકને કોઈ નુકસાન થયું છે? જવાબ છે - ના, આપણા કોઈ પણ સૈનિકને કોઈ નુકસાન થયું નથી. રક્ષા મંત્રીએ કહ્યું કે, ભારતીય વાયુસેનાના જોરદાર હુમલાઓ, નિયંત્રણ રેખા પર ભારતીય સેનાનો જોરદાર જવાબ અને નૌકાદળના હુમલાના ડરથી પાકિસ્તાનને નમવા મજબૂર થવું પડ્યું હતું. પાકિસ્તાનની આ હાર સામાન્ય નિષ્ફળતા નહોતી, પરંતુ તે તેની લશ્કરી શક્તિ અને મનોબળ બંનેની હાર હતી. રાજનાથ સિંહે એ પણ સંકેત આપ્યો કે ભારતની લશ્કરી નીતિ હવે રક્ષણાત્મક નહીં, પરંતુ નિર્ણાયક અને આક્રમક છે.

### ૪ દિવસના યુદ્ધ બાદ થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે સમાધાન

। (એજન્સી) થાઈલેન્ડ, તા.૨૮ ।

થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહેલા યુદ્ધ બાદ અંતે તત્કાલ અને શરત વિના સીઝફાયર થયુ છે. મલેશિયન વડાપ્રધાન અનવર ઈબ્રાહિમે જાહેરાત કરી હતી કે, થાઈલેન્ડ અને કંબોડિયા અનેક દિવસોથી ચાલી રહેલા સરહદ સંઘર્ષનો અંત લાવવા તાત્કાલિક અને શરતો વિના યુદ્ધવિરામ પર સહમત થયા છે. મલેશિયા દ્વારા મધ્યસ્થી બાદ થાઈલેન્ડ અને કંબોડિયા સીઝફાયર માટે સહમત થયા છે. બંને દેશો વચ્ચે શાંતિ મંત્રણા કરાવવા માટે અમેરિકાની એક ટીમ પણ મલેશિયા પહોંચી હતી. કંબોડિયન વડાપ્રધાન હુન માનેટ અને થાઈલેન્ડના કાર્યકારી વડાપ્રધાન ફુમથમ વેચાયાચાઈએ મલેશિયાના પુત્રાજયામાં ઈબ્રાહિમના નિવાસ સ્થાને યોજાયેલી શાંતિ મંત્રણામાં ભાગ લીધો હતો. જેમાં ચીન અને અમેરિકાના રાજદૂત પણ ઉપસ્થિત રહ્યા હતા. બંને દેશો વચ્ચે ૨૪ જુલાઈના રોજથી તણાવ વધ્યો હતો. ૨૪ જુલાઈના રોજ થાઈલેન્ડે કંબોડિયાના અનેક ઠેકાણે એફ-૧૬ ફાઈટર પ્લેનની મદદથી બોમ્બ ફેંક્યા હતાં.

### ૧૯ વર્ષની દિવ્યા દેશમુખ બની વર્લ્ડ ચેમ્પિયન

## દિવ્યા દેશમુખે કોનેરુ હમ્પીને હરાવી જીત્યો Chess World Cup નો ખિતાબ

**ફાઇનલમાં સ્થાન મેળવવાની સાથે આગામી વર્ષે મહિલા ઉમેદવારોની ટુર્નામેન્ટમાં તેણીનો પ્રવેશ પણ નિશ્ચિત થયો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

દિવ્યા દેશમુખ વર્લ્ડ ચેમ્પિયન બની ગઈ છે. ૧૯ વર્ષીય યુવા ખેલાડીએ ભારતની કોનેરુ હમ્પીને હરાવીને Chess World Cup નો ખિતાબ જીત્યો છે. દિવ્યા દેશમુખએ ફાઈનલમાં શાનદાર પ્રદર્શન કર્યું. તેણીએ સેમિફાઈનલમાં ચીનની ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન ઝોંગયી ટૈનને હરાવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો અને ફાઈનલમાં સ્થાન મેળવવાની સાથે આગામી વર્ષે મહિલા ઉમેદવારોની ટુર્નામેન્ટમાં તેણીનો પ્રવેશ પણ નિશ્ચિત થઈ ગયો હતો. આ શાનદાર જીત સાથે દિવ્યા દેશમુખ ભારતની ૮૮મી ગ્રાન્ડમાસ્ટર પણ બની ગઈ છે. ગ્રાન્ડમાસ્ટરનો ખિતાબ ચેસની દુનિયામાં સૌથી પ્રતિષ્ઠિત માનવામાં આવે છે અને તે પ્રાપ્ત કરવું એ કોઈપણ ખેલાડીના કારકિર્દીમાં સૌથી મોટી સિદ્ધિઓમાંની એક છે. આ જીત પછી, દિવ્યાને ઈનામ તરીકે લગભગ ૪૩ લાખ રૂપિયા મળશે. હમ્પીને લગભગ ૩૦ લાખ રૂપિયા મળશે. આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટના ફાઈનલમાં બે ભારતીય ચેસ ખેલાડીઓ પહેલી વાર આમને-સામને આવી છે. બંને ખેલાડીઓ હવે ૨૦૨૬માં યોજાનારી મહિલા ઉમેદવારો ટુર્નામેન્ટ માટે ક્વોલિફાય થઈ ગઈ છે.

## હરિદ્વાર બાદ બારાબંકીના ઔસાનેશ્વર મહાદેવ મંદિરમાં વીજકરંટથી નાસભાગ

### કાવડ યાત્રા પછી રસ્તો ખોલવામાં આવ્યા બાદ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચ્યા હતા અને ભીડને કારણે અરાજકતા ફેલાઈ હતી

। (એજન્સી) હરિદ્વાર, તા.૨૮ ।

ઉત્તરાખંડના હરિદ્વારના મનસા મંદિરમાં નાસભાગની ઘટના બાદ હવે ઉત્તર પ્રદેશના બારાબંકીમાં શ્રાવણ માસના ત્રીજા સોમવારે જિલ્લાના હૈદરગઢ વિસ્તારમાં આવેલા પ્રખ્યાત ઔસાનેશ્વર મહાદેવ મંદિરમાં એક ભયાનક દુર્ઘટના સર્જાઈ. મહાદેવના જલાભિષેક દરમિયાન અચાનક વીજકરંટ ફેલાતા નાસભાગ મચી ગઈ હતી. આ ઘટનામાં બે શ્રદ્ધાળુઓના મોત થયા હતા, જ્યારે લગભગ ૪૦ લોકો ઘાયલ થયા હતા.મૃતકોમાં લોનિકત્રા પોલીસ સ્ટેશન વિસ્તારના મુબારકપુરા ગામના રહેવાસી ૨૨ વર્ષીય પ્રશાંત અને એક અન્ય શ્રદ્ધાળુનો સમાવેશ થાય છે. બંનેને સારવાર માટે ત્રિવેદીગંજ સીએચસી લાવવામાં આવ્યા હતા. સ્થાનિક પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આ ઘટના વહેલી સવારે ૩ વાગ્યાની આસપાસ બની હતી જ્યારે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જલાભિષેક માટે મંદિર પરિસરમાં ભેગા થયા હતા. આ દરમિયાન એક વાંદરો વીજળીના વાયર પર કૂદી પડ્યો હતો, જેના કારણે વાયર તૂટી ગયો અને મંદિર પરિસરના ટીન શેડ પર પડ્યો હતો. વાયર પડતાની સાથે જ વીજકરંટ શેડમાં ફેલાઈ ગયો, જેના કારણે ત્યાં હાજર લોકો ગભરાઈ ગયા અને નાસભાગ મચી ગઈ. ઉલ્લેખનીય છે કે એક દિવસ પહેલા રવિવારે સવારે હરિદ્વારના પ્રખ્યાત મનસા દેવી મંદિરમાં નાસભાગની ઘટના બની હતી જેમાં ૮ લોકોના મોત થયા હતા. કાવડ યાત્રા પછી રસ્તો ખોલવામાં આવ્યા બાદ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચ્યા હતા અને ભીડને કારણે અરાજકતા ફેલાઈ હતી. અકસ્માતમાં ૧૫ લોકો ઘાયલ પણ થયા હતા. જેના કારણે વાયર તૂટી ગયો અને મંદિર પરિસરના ટીન શેડ પર પડ્યો હતો. વાયર પડતાની સાથે જ વીજકરંટ શેડમાં ફેલાઈ ગયો, જેના કારણે ત્યાં હાજર લોકો ગભરાઈ ગયા અને નાસભાગ મચી ગઈ. ઉલ્લેખનીય છે કે એક દિવસ પહેલા રવિવારે સવારે હરિદ્વારના પ્રખ્યાત મનસા દેવી મંદિરમાં નાસભાગની ઘટના બની હતી જેમાં ૮ લોકોના મોત થયા હતા. કાવડ યાત્રા પછી રસ્તો ખોલવામાં આવ્યા બાદ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચ્યા હતા અને ભીડને કારણે અરાજકતા ફેલાઈ હતી. અકસ્માતમાં ૧૫ લોકો ઘાયલ પણ થયા હતા.

### મધ્યપ્રદેશના સિહોરમાં ઝરણામાં ન્હાવા કૂદેલા ૫ વિદ્યાર્થીઓ ડૂબ્યાં

। સિહોર, તા.૨૮ ।

મધ્યપ્રદેશના સિહોરમાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. સિહોરમાં ઝરણામાં ન્હાવા કૂદેલા ૫ વિદ્યાર્થી ડૂબી ગયા છે. સિહોરમાં પિકનિક મનાવવા ગયેલા VIT યુનિવર્સિટીના ૫ વિદ્યાર્થીઓ ઝરણામાં નહાતી વખતે ડૂબી ગયા છે. જેમાંથી ૨ વિદ્યાર્થીઓના મોત થઈ ગયા છે અને ત્રણ વિદ્યાર્થીઓ લાપતા છે. આ દુર્ઘટનાની સૂચના મળતા જ પોલીસ અને રેસ્ક્યૂ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને લાપતા વિદ્યાર્થીઓની તલાશ કરી રહી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ દુર્ઘટના દૌલતપુરના જંગલમાં આવેલા ભેરૂખો ઝરણામાં બની છે.

## સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને આધાર-ઈલેક્શન કાર્ડ SIRમાં સામેલ કરવા કહ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

સુપ્રીમ કોર્ટે બિહારમાં જાહેર કરાયેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પર સ્ટે મૂકવાનો ઈનકાર કરી દીધો છે. સોમવારે (૨૮મી જુલાઈ) હાથ ધરવામાં આવેલી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચ (ECI)ને સવાલ કર્યો હતો કે, મતદાર ઓળખ માટે આધાર કાર્ડ, વોટર આઈડી અને રેશન કાર્ડ કેમ સ્વીકારવામાં આવી રહ્યા નથી. નોંધનીય છે કે, કોર્ટે ચૂંટણી પંચને આ ડોક્યુમેન્ટનો સમાવેશ કરવા અને મંગળવારે (૨૯મી જુલાઈ) સવારે ૧૦:૩૦ વાગ્યા સુધીમાં જવાબ આપવા જણાવ્યું છે. અહેવાલો અનુસાર, સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને જસ્ટિસ જોયમાલા બાગચીની બેન્ચે સુનાવણીમાં કહ્યું કે, જો ફેક ડોક્યુમેન્ટની વાત કરીએ તો પૃથ્વી પર એવો કોઈ ડોક્યુમેન્ટ નથી જેની નકલ ન કરી શકાય. તો પછી તમારા ૧૧ ડોક્યુમેન્ટનો આધાર શું છે? સુનાવણી દરમિયાન ચૂંટણી પંચના વકીલે જણાવ્યું હતું કે, અમને રેશનકાર્ડ સ્વીકારવામાં મુશ્કેલી પડી રહી છે કારણ કે મોટા પાયે નકલી રેશનકાર્ડ છે. અમે કહી રહ્યા છીએ કે આધાર નાગરિકતાનો પુરાવો નથી, પરંતુ ઓળખના પુરાવા તરીકે આધાર સબમિટ કરી શકાય છે. અમારા ફોર્મમાં કહેવામાં આવ્યું છે કે તમારો આધાર નંબર આપો.

## મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભાષા આંદોલનની શરુઆત કરી

। (એજન્સી) કોલકાતા, તા.૨૮ ।

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સોમવારે(૨૮ જુલાઈ) ભાષા આંદોલનની શરુઆત કરી દીધી છે. તેમણે રાજ્યના બોલપુરથી આ આંદોલનની શરુઆત કરી અને કહ્યું કે, અમે પોતાની માતૃભાષાને ક્યારેય ભૂલી નહીં શકીએ. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ અન્ય રાજ્યોમાં બંગાળી પ્રવાસીઓ પર કથિત હુમલાઓ વિરુદ્ધ બોલપુરમાં વિરોધ માર્ચ શરુ કરી છે. તેમણે કહ્યું કે, અમે ભાષાના આધાર પર વિરોધ નથી ઈચ્છતા, પરંતુ બાંગ્લાના નામ પર ઉત્પીડન ન કરી શકાય. આપ સૌ કંઈક ભૂલી શકો છો, પરંતુ તમારે પોતાની અસ્મિતા, માતૃભાષા, માતૃભૂમિ ન ભૂલવી જોઈએ. રાજ્યમાં આગામી વર્ષે જ રાજ્ય વિધાનસભા ચૂંટણી થવાની છે અને તે પહેલા બાંગ્લા ભાષાને લઈને વિવાદ વધી રહ્યો છે. ખાસ કરીને એનસીઆરના ગુરુગ્રામ શહેરમાં ગેરકાયદે બાંગ્લાદેશીઓ વિરુદ્ધ ચાલી રહેલા એક્શનને લઈને વિવાદ વકરી રહ્યો છે. તૃણમૂલ કોંગ્રેસનો દાવો છે કે બંગાળી ભાષીઓને વિશેષ કરીને ભાજપ શાસિત રાજ્યોમાં બાંગ્લાદેશી ગણવામાં આવી રહ્યા છે અને તેમને જબરદસ્તી બોર્ડર પાર બાંગ્લાદેશમાં પરત મોકલવામાં આવી રહ્યા છે. બેનર્જીએ ૨૧ જુલાઈએ શહીદ દિવસ રેલી દરમિયાન ૨૮ જુલાઈએ રાજ્યવ્યાપી ભાષા આંદોલન શરુ કરવાની જાહેરાત કરી હતી.



## ન્યુઝ બોક્ષ

### વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન પાસે ફાટ્યું તળાવ, ૫ ટ્રક ગરકાવ

। (એજન્સી) ખેડા, તા.૨૮ ।

ખેડા જિલ્લામાં ભારે વરસાદ ખાબક્યો છે, ત્યારે વણાકબોરી પાવર સ્ટેશન પાસે આવેલું તળાવ ફાટ્યું છે. મોડી રાતથી વરસતા વરસાદના કારણે તળાવ ફાટ્યું છે. જેના લીધે એસ ભરવા ગયેલા પાંચ જેટલા ટ્રક પાણીમાં ફસાયા હતા. તળાવ ફાટતા ટ્રક પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. જ્યારે ટ્રક ડ્રાઈવર તેની છત ઉપર ઉભેલા અને મદદની રાહ જોતાં જોવા મળ્યા હતા. જ્યારે ઘટનાની જાણ થતાં ફાયરની ટીમ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને પાંચેય ટ્રક ચાલકનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. થર્મલ પાવર સ્ટેશન નજીક આવેલું તળાવ ફાટ્યું હતું. ફ્લાય એશ ભરવા ગયેલા ૫ ટ્રક પાણીમાં ફસાયા હતા. થર્મલ પાવર પ્લાન્ટના ફાયર ફાઈટરે રેસ્ક્યૂ કર્યું છે. થર્મલ પાવર સ્ટેશન નજીક આવેલું તળાવ ફાટ્યું હતું. ફ્લાય એશ ભરવા ગયેલા ૫ ટ્રક પાણીમાં ફસાયા હતા. થર્મલ પાવર પ્લાન્ટના ફાયર ફાઈટરે રેસ્ક્યૂ કર્યું છે.

### દહેજની કેમિકલ કંપનીના રિએક્ટરમાં બ્લાસ્ટ થયો

। (એજન્સી) દહેજ, તા.૨૮ ।

ભરૂચના દહેજ ખાતે આવેલી એક શિવા ફાર્મા કેમ કંપનીમાં ગઈકાલે મોડી રાત્રે રિએક્ટર બ્લાસ્ટ થતાં દોડધામ મચી ગઈ હતી. દુર્ઘટનામાં ૨ કામદારોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે, જ્યારે એક કામદારને ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે વડોદરાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. સમગ્ર ઘટનાને લઈને સેફ્ટી-હેલ્થ વિભાગ અને પોલીસની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, દહેજ સ્થિત જીઈઢ-૧માં આવેલી ૧૧ વર્ષ જૂની શિવા ફાર્મા કેમ કંપનીમાં ગત રાત્રે લગભગ ૨:૪૦ વાગ્યની આસપાસ એસિડ ક્લોરાઈડ પ્લાન્ટમાં ઉત્પાદન દરમિયાન રિએક્ટરની કોલમમાં ઓવરપ્રેશર સર્જાયુ હતું. જેમાં દબાણ વધતાં રિએક્ટર ફાટ્યું હતું. આ દુર્ઘટના દરમિયાન સ્થળ પર હાજર અર્જુન પટેલ અને પ્રવિણ પરમાર નામના કામદારોનું મોત નીપજ્યું હતું.

### વડોદરાના સાવલીમાં ડામરનું ટેન્કર ફાટતાં સર્જાઇ દુર્ઘટના, આગ લાગતા ત્રણ લોકોના મોત

। (એજન્સી) વડોદરા,તા.૨૮ ।

વડોદરાના સાવલી તાલુકામાં ડામરની કંપનીમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. ડામરનું ટેન્કર ફાટતાં ભીષણ આગ લાગી હતી. આ દુર્ઘટનામાં ટેંકર ચાલક, ક્લીનર અને મજૂર સહિત ત્રણ લોકોના ઘટનાસ્થળે મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટનામાં ત્રણેય મૃતકોના મૃતદેહને પીએમ અર્થે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, સાવલી તાલુકાના ભાદરવા-સાકરદા રોડ પર આવેલા મોક્સી ગામ પાસેની રીતુ એન્ટરપ્રાઈઝ નામની ડામરની કંપનીમાં ટેંકરમાં જામ થયેલા ડામરને કાઢતા સમયે દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં જામ થયેલા ડામરને નીકાળવા માટે ટેંકરને ગરમ કર્યુ હતું. જોકે, ટેંકરને ગરમ કરતી વખતે ટેંકરનું ઢાંકણું ખોલવાનું રહી જતાં ગેસના પ્રેશરથી ટેંકર ફાટ્યું હતું. સમગ્ર ઘટનામાં વિસ્ફોટ થતાં આગ લાગી હોવાનું સામે આવ્યું હતું.

# તું પાગાનો છોકરો છો ને? આટલું કહેતા જ દાદા-દાદીને મળ્યું મોત, અમરેલીના ડબલ મર્ડર કેસમાં ચોંકાવનારા ખુલાસા

### પોલીસે તપાસના અંતે ચાર આરોપીઓની ધરપકડ કરી, જેમણે લૂંટના ઈરાદે આ હત્યાઓ કરી હોવાની કબૂલાત આપી છે

। (એજન્સી) અમરેલી, તા.૨૮ ।

વડીયા તાલુકાના ઢૂંઢિયા પીપળીયા ગામે દસેક દિવસ પહેલા બનેલા બહુચર્ચિત ડબલ મર્ડર કેસનો ભેદ ઉકેલાયો છે. જેમાં ગામના વૃદ્ધ દંપતીની ઘરમાં ઘૂસી નિર્દયતાથી હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાએ સમગ્ર અમરેલી જિલ્લામાં ચકચાર જગાવી હતી. પોલીસે તપાસના અંતે ચાર આરોપીઓની ધરપકડ કરી, જેમણે લૂંટના ઈરાદે આ હત્યાઓ કરી હોવાની કબૂલાત આપી છે. જેથી આખા કેસમાં અનેક ચોંકાવનારા ખુલાસા થયા છે. મળતી માહિતી અનુસાર, આ ઘટના ૧૭-૧૮ જુલાઈ ૨૦૨૫ની રાત્રે બની હતી, જ્યારે ઘરમાં એકલાં જ રહેતાં આ વૃદ્ધ દંપતીની લાશો લોહીલુહાણ હાલતમાં સ્થાનિકોને મળી આવી હતી. ઘટનાની જાણ થતા જ પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. દરમિયાન ઘટનાસ્થળે જીવલેણ હથિયારનો ઉપયોગ થયો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું હતું. જેથી પોલીસે હત્યાનો કેસ નોંધી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન અમરેલી જિલ્લા પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેક્નિકલ સોર્સનો ઉપયોગ કરીને ચાર શકમંદોને રાઉન્ડઅપ કર્યા હતા. જેઓએ સઘન પૂછપરછ દરમિયાન પોતાનો ગુનો કબૂલ કર્યો છે અને આ કેસમાં ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે કે, આરોપીઓ લૂંટના ઈરાદેથી ઘરમાં ઘૂસ્યા હતા. તેઓએ ઘરમાંથી અંદાજે ૨ લાખ રૂપિયાની રોકડ અને કીમતી વસ્તુઓ લૂંટી લીધી હતી. પરંતુ એક ચૂકને કારણે આ લૂંટની ઘટના ડબલ મર્ડરમાં પરિણમી હતી. પોલીસે આપેલી માહિતી મુજબ, આ કેસમાં આરોપી ઢુંઢીયા પીપીળીયા ગામના જ બે સગા ભાઈઓ રામજી ઉર્ફે બાલો સોલંકી તેમજ અનિલ ઉર્ફે અનકો સોલંકી છે. આ બાલો અગાઉ મૃતક દંપતિને ત્યાં ખેત મજુરી કરી ચુક્યો હતો અને તે જાણતો હતો કે દંપતી અહીં એકલા જ રહે છે. જે જાણીને બન્ને ભાઈઓએ અન્ય આરોપી આષીશ ઉર્ફે બાવ અને એક મધ્ય પ્રદેશના જાંબવાનો મીઠુ પીડીયાભાઈ મુહવા સાથે મળીને વૃદ્ધ ચોરીનો પ્લાન બનાવ્યો હતો. આરોપીઓની કબૂલાત અનુસાર, પ્લાન મુજબ ચારેય આરોપીઓ મધ્ય રાત્રીએ દિવાલ કુદીને અંદર ઘરમાં ઘુસ્યા હતા. જ્યાં ચકુભાઈ રાખોલીયા અને તેમની પત્ની કુંવરબેન મીઠી ઊંઘ માણી રહ્યા હતા. જોકે થોડો અવાજ થતા ચકુભાઈ જાગી ગયા હતા અને મુખ્ય આરોપી બાલાને જોઈને પુછ્યું કે, તું પાગાનો છોકરો છો ને..? બસ આટલું બોલતા જ બાલાને ખ્યાલ આવી ગયો કે આપણે ઓળખાઈ ગયા છીએ અને સવારે આપણી પોલ ખુલી જશે. જેથી ચોરીની યોજના પડતી મુકી ખેતીકામમાં ઉપયોગમાં લેવામાં આવતી કોષથી વૃદ્ધ દંપતિને મોતને ઘાટ ઉતારી ત્યાંથી ફરાર થઈ ગયા હતા. ગામમાં શાંતિપ્રિય અને આદરણીય વ્યક્તિ તરીકે ઓળખાતા વૃદ્ધ દંપતીની આવી કરપીણ હત્યાની ઘટનાએ ઢૂંઢિયા પીપળીયા ગામમાં ભયનો માહોલ સર્જ્યો હતો. સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યું કે, ‘‘ચકુભાઈ અને કુંવરબેન ખૂબ જ સરળ અને ખેતી સાથે જોડાયેલા હતા. આવી ઘટના અમારા ગામમાં ક્યારેય બની નથી, હવે અમને રાત્રે ઘરે રહેવામાં પણ ડર લાગે છે.’’

## કાકોશીમાં કોહરામ, જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી

# સિદ્ધપુરમાં સાંબેલાધાર ૭ ઇંચ વરસાદ ખાબક્યો

### સિદ્ધપુરનું ઐતિહાસિક રસુલ તળાવ વરસાદી પાણીમાં ગરકાવ

। (એજન્સી) સિદ્ધપુર, તા.૨૮ ।

ઉત્તર ગુજરાતમાં મેઘરાજાએ મહેર સાથે-સાથે કહેર પણ વરસાવ્યો છે. પાટણ જિલ્લાના સિદ્ધપુર, સરસ્વતી અને પાટણ તાલુકાઓમાં અનરાધાર વરસાદ પડ્યો છે, જેને કારણે પરિસ્થિતિ વિકટ બની છે. ખાસ કરીને સિદ્ધપુર તાલુકામાં ગત મોડી રાતથી અત્યાર સુધીમાં ૭ ઈંચ વરસાદ ખાબકતા જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે અને જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. સિદ્ધપુર શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. સિદ્ધપુરનું ઐતિહાસિક રસુલ તળાવ વરસાદી પાણીમાં ગરકાવ થઈ ગયું છે. શહેરના મુખ્ય માર્ગો પર કેડસમા પાણી ભરાતા વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક રસ્તાઓ બેટમાં ફેરવાઈ ગયા છે, અને ગ્રામ્ય વિસ્તારોના રસ્તાઓ બંધ થઈ ગયા છે, જેને કારણે અવરજવર ખોરવાઈ ગઈ છે. પાટણના મેત્રાણા અને કાકોશીમાં પણ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સિદ્ધપુરના કાકોશી ગ્રામ પંચાયતના રોડ પર, કાકોશી ગામની બજારમાં અને સિદ્ધપુર-કાકોશી હાઈવે પર પણ પાણી ભરાયા છે. સેદ્રાણા ચાર રસ્તા પર પણ પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. પાટણ શહેરની ચિત્રકૂટ નગર સોસાયટીના ગેટમાં પણ ઢીંચણસમા પાણી ભરાયા હતા. ભારે વરસાદના કારણે ઊભા પાકવાળા ખેતરો પણ બેટમાં ફેરવાઈ ગયા છે, જેને કારણે ખેડૂતોને વ્યાપક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. સિદ્ધપુર તાલુકાના કાલેડા, ધનાવાડા, પચકવાડા, દશાવાડા, કલ્યાણા, કુંવારા, કાકોશી સહિતના ગામોમાં ભારે વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત, સરસ્વતી તાલુકાના ભીલવન ગામમાં પણ વરસાદી પાણી ભરાયા હતા. સરસ્વતી તાલુકાના વદાણી, જાખા, વાસણી, લાખડપ, વાગદોડ, કાનોસણ સહિતના ગામોમાં પણ વરસાદે હાજરી પૂરાવી છે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા પાણીના નિકાલ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જોકે, સતત વરસાદને કારણે પરિસ્થિતિ વધુ ગંભીર બની રહી છે. સરસ્વતી તાલુકાના વદાણી, જાખા, વાસણી, લાખડપ, વાગદોડ, કાનોસણ સહિતના ગામોમાં પણ વરસાદે હાજરી પૂરાવી છે. સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા પાણીના નિકાલ અને રાહત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જોકે, સતત વરસાદને કારણે પરિસ્થિતિ વધુ ગંભીર બની રહી છે.

## મહેસાણા જિલ્લામાં પડેલા નોંધપાત્ર વરસાદને કારણે ચારેતરફ પાણી જ પાણીની સ્થિતિ જોવા મળી રહી છે

# લાલાવાડા કોઝવેમાં કાર તણાઈ, મહેસાણા ખાતેના ખેરાલુ અન્ડરપાસમાં કાર ફસાઈ

। (એજન્સી) મહેસાણા, તા.૨૮ ।

મહેસાણા જિલ્લામાં પડેલા નોંધપાત્ર વરસાદને કારણે ચારેતરફ પાણી જ પાણીની સ્થિતિ સર્જાઈ છે. વરસાદી પાણીને કારણે મહેસાણા જિલ્લાના ખેરાલુમાં બે ગંભીર ઘટના બનતી અટકી જવા પામી છે. ખેરાલુના રેલવે અન્ડરપાસમાં કાર ફસાઈ ગઈ હતી જ્યારે ચિમનાબાઈ ચોકડીથી લાલાવાડા વચ્ચેના કોઝવેમાં એક કાર વરસાદી પાણીમાં તણાઈ જવા પામી હતી. વરસાદની સ્થિતિમાં હાઈવે પર દોડતા વાહનના ચાલકોના કેટલીકવાર ભૂલ ભરેલા નિર્ણયોને કારણે સૌ કોઈને વેઠવાનો વારો આવતો હોય છે. મહેસાણા જિલ્લાના ખેરાલુમાં આવા બે બનાવ સામે આવ્યા છે. ખેરાલુ અન્ડર પાસથી નીકળવાની લહાયમાં એક કાર પાણીમાં ફસાઈ ગઈ હતી. જો કે ઘટનાની જાણ સ્થાનિકોને થતા તરતજ કારમાં બેઠેલા મુસાફરો અને કાર ચાલકને બહાર કાઢીને બચાવી લેવાયો છે. આવો જ બીજો બનાવ, ખેરાલુ તાલુકાના લાલાવાડા નજીક બની છે. ચિમનાબાઈ ચોકડીથી લાલાવાડા વચ્ચે આવતા કોઝવેમાં વહેતા ધસમસતા પૂરના પાણીના પ્રવાહમાં કાર તણાઈ જવા પામી છે. જો કે ઘટનાની જાણ થતા જ સ્થાનિકો દોડી આવ્યા હતા. અને તણાતી કારમાં રહેલા ડ્રાઈવરને મહામુશ્કેલથી બહાર કાઢીને બચાવવામાં આવ્યો હતો. ચિમનાબાઈ ચોકડીથી લાલાવાડા વચ્ચે આવતા કોઝવેમાં હાલમાં પાણીનો પ્રવાહ ૨ ફુટ જેટલો છે.

## ગુજરાતના ૪૯ ડેમમાં જળસ્તર ૯૦% થી વધી જતાં હાઇએલર્ટ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

ગુજરાતમાં ચોમાસાના વધુ એક રાઉન્ડનો પ્રારંભ થઈ ગયો છે. અત્યાર સુધીના વરસાદના કારણે જળાશયની સ્થિતિમાં પણ સતત સુધારો થયો છે. હાલ રાજ્યના જળાશયોમાં જળસ્તર વધીને ૬૨ ટકા થઈ ગયું છે.ગુજરાતના ૨૯ જળાશયો હાલ ૧૦૦ ટકા ભરાઈ ગયા છે. જેમાં કચ્છના સૌથી વધુ ૫, ભાવનગરના ૪, સુરેન્દ્રનગરના ૩ જળાશયનો સમાવેશ થાય છે. ૬૨ જળાશયોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકા, ૩૮ જળાશયોમાં ૨૫ ટકાથી ૫૦ ટકા જળસ્તર છે. હજુ પણ ૩૬ જળાશયો એવા છે જ્યાં જળસ્તર ૨૫થી નીચું છે.

## નર્મદા ડેમના કેચમેન્ટ વિસ્તારને એલર્ટ જાહેર કરાયું

# MPના ડેમ ઓવરફ્લો થતા નર્મદા ડેમમાં પાણીની ભારે આવક થશે

### ધોધમાર વરસાદને કારણે મધ્યપ્રદેશના બે મુખ્ય ડેમ, ઈન્દિરા સાગર અને ઓમકારેશ્વર ડેમ ઓવરફ્લો થયા

। (એજન્સી) નર્મદા, તા.૨૮ ।

ધોધમાર વરસાદને કારણે મધ્યપ્રદેશના બે મુખ્ય ડેમ, ઈન્દિરા સાગર અને ઓમકારેશ્વર ડેમ ઓવરફ્લો થયા છે. પાણીની સતત આવક થતા ડેમના દરવાજા ખોલવાની ફરજ પડી છે, જેના પગલે નર્મદા ડેમમાં નવા નીરની ભરપૂર આવક થવાની શક્યતા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ઈન્દિરા સાગર ડેમના ૧૦ દરવાજા ખોલવામાં આવ્યા છે અને તેમાંથી ૧,૨૧,૧૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. જ્યારે ઓમકારેશ્વર ડેમના ૯ દરવાજા ખોલીને ૧,૨૨,૮૫૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે.

મધ્યપ્રદેશના આ બંને ડેમમાંથી લાખો ક્યુસેક પાણી છોડવામાં આવતા આગામી ૧૨ કલાકમાં આ પાણી નર્મદા નદીમાં પહોંચશે. જેને ધ્યાનમાં રાખીને નર્મદા ડેમના કેચમેન્ટ વિસ્તારને એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હાલ નર્મદા ડેમના દરવાજા બંધ છે, પરંતુ સપાટી ૧૩૧ મીટરે પહોંચતા જ તેને ખોલવામાં આવશે. મધ્યપ્રદેશમાં થઈ રહેલા ભારે વરસાદને કારણે ગુજરાતના ખેડૂતો અને જળસંગ્રહ માટે આ પાણી અત્યંત મહત્ત્વનું સાબિત થશે. આ સ્થિતિ પર વહીવટી તંત્ર ચાંપતી નજર રાખી રહ્યું છે અને જરૂર પડ્યે આગળના પગલાં લેવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. અને જળસંગ્રહ માટે આ પાણી અત્યંત મહત્ત્વનું સાબિત થશે. આ સ્થિતિ પર વહીવટી તંત્ર ચાંપતી નજર રાખી રહ્યું છે અને જરૂર પડ્યે આગળના પગલાં લેવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

## નદીમાં પાણી છોડાતાં શહેરા-મહીસાગરના ૨૮ ગામોને

# પંચમહાલમાં પાનમ ડેમ ઓવરફ્લો થતા બે દરવાજા ૪ ફૂટ ખોલાયા

### ૧૦,૧૬૧ ક્યુસેક પાણી પાનમ નદીમાં છોડવામાં આવ્યું છે : હાલ ડેમમાં ૨૪,૫૦૦ ક્યુસેક પાણીની આવક

। (એજન્સી) પંચમહાલ, તા.૨૮।

રાજ્યમાં મધ્ય અને ઉત્તર ગુજરાતમાં વરસાદનું જોર વધ્યું છે, ત્યારે પંચમહાલ જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે શહેરા તાલુકાના પાનમ ડેમના બે દરવાજા ૪ ફૂટ સુધી ખોલવામાં આવ્યા છે. જેથી ૧૦,૧૬૧ ક્યુસેક પાણી પાનમ નદીમાં છોડવામાં આવ્યું છે. હાલ ડેમમાં ૨૪,૫૦૦ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે.

રાજ્યમાં બનાસકાંઠા, અમદાવાદ, પંચમહાલ સહિતના વિસ્તારોમાં અતિભારે વરસાદ ખાબક્યો છે, ત્યારે પંચમહાલમાં પાનમ ડેમના કેચમેન્ટ વિસ્તાર અને ઉપરવાસમાં થયેલા સાર્વત્રિક વરસાદને લઈને પાણીની સતત આવક થઈ રહી છે. તેવામાં ડેમનું રૂલ લેવલ જાળવવા માટે વહીવટી તંત્ર દ્વારા પાણી છોડવાનો નિર્ણય લેવાયો હતો. પાનમ ડેમમાંથી પાનમ નદીમાં પાણી છોડવામાં આવતા નદી કાંઠા વિસ્તારમાં આવેલા ૨૮ જેટલાં ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. જેમાં શહેરા તાલુકાના કોઠા, મોર, ઉંડારા, રમજીની નાળ અને બલુજીના મુવાડા સહિત પંચમહાલ અને મહીસાગર જિલ્લાના ૨૮ જેટલા અસરગ્રસ્ત ગામોના રહીશોને સાવચેત રહેવા અને નદી કિનારે ન જવા માટે સૂચના આપવામાં આવી છે. આ દરમિયાન વહીવટી તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને લોકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે. આ દરમિયાન વહીવટી તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને લોકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

## વિશેષ

### મનોરંજન અને હાસ્યથી ભરપૂર એક સોશિયલ કોમેડી ફિલ્મ "મહારાણી"ના કલાકારો અને નિર્દેશક અમદાવાદના મહેમાન બન્યા

# “મહારાણી” – મનોરંજન અને હાસ્યથી ભરપૂર એક સોશિયલ કોમેડી

। (એજન્સી) તા.૨૮।

ગુજરાતી સોશિયલ કોમેડી ફિલ્મ મહારાણીની બહોળી આતુરતાથી રાહ જોવાઈ રહી છે અને એનાઉન્સમેન્ટ થી લઈને ટ્રેલર સુધી લોકો ની ઉત્સુકતા સતત વધતી દેખાઈ છે. ઉપરાંત ફિલ્મ ના ટાઈટલ ટ્રેક અને મુંબઈયા ગુજરાતી ને ખૂબ લોક ચાહના મળી રહેલ છે. ફિલ્મ તેની મજેદાર તથા રસપ્રદ સ્ટોરીલાઈન થી દર્શકોના દિલ જીતી રહ્યું છે. ફિલ્મના પ્રમોશન અર્થે અભિનેત્રી માનસી પારેખ, શ્રદ્ધા ડાંગર તથા અભિનેતા સંજય ગોરાડિયા અને નિર્દેશક વિરલ શાહ અમદાવાદના, જીએલએસ યુનિવર્સિટીના મહેમાન બન્યા હતા અને ફિલ્મ અંગે ચર્ચા કરી હતી.ફિલ્મ ૧ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ રિલીઝ થવાનું છે.

મહારાણી ફિલ્મની કથા રાણી (શ્રદ્ધા ડાંગર) આસપાસ ફરે છે, જે એક આધુનિક ઘરના ઘરકામ માટે આવેલી ક્વર્કી અને ગફલતભરી કામવાળી છે. મહારાણી આ ઘરના માલિક - માનસી પરેખ અને ઓજસ રાવલ ના જીવનની વાર્તા છે. રાણીનો ગેરવ્યવસ્થિત સ્વભાવ અને અણઘડ આચરણ ઘરભરમાં કયારેક હાસ્યનો વિષય બને છે તો કયારેક પરેશાનીનું કારણ. રોજબરોજના કામકાજ દરમિયાન તે જે ઘોર ગોટાળો ઊભો કરે છે અને પછી તેના માટે અવનવા બહાના કાઢે છે તે દર્શકોને હસવા મજબૂર કરે છે.

કહાની વધુ રસપ્રદ ત્યારે બને છે જ્યારે એક દિવસ માનસી પરેખનું પાત્ર રાણીની આ લાપરવાહી અને કંટાળાજનક વર્તનથી કંટાળી જાય છે અને તેને નોકરીમાંથી કાઢી મૂકવાનો નિર્ણય લે છે. ત્યાર પછી એક નવી કામવાળી શોધવાનું સંઘર્ષ શરૂ થાય છે જેનાથી હાસ્ય, ડ્રામા અને થ્રિલ ભરેલી એક મનોરંજક કહાની આગળ વધે છે.

ફિલ્મ વિશે વાત કરતાં, અભિષેક પાઠક, પ્રોડ્યૂસર અને એમ.ડી., પેનારોમા સ્ટુડિયોઝે કહે છે કે, “પેનારોમા સ્ટુડિયોઝમાં અમે હંમેશા એવા પ્રયત્નો કરીએ છીએ કે લોકો સુધી એવી કહાનીઓ લાવીએ જે પ્રત્યેક સામાન્ય ભારતીય સાથે સંકળાયેલી હોય. અમને આનંદ અને ગર્વ છે કે અમે એવી ફિલ્મોને સહારો આપી રહ્યા છીએ જે સામાન્ય ક્ષણોમાંથી હાસ્ય અને લાગણી શોધી કાઢે છે. ‘મહારાણી’ લાગણીસભર છે, મનોરંજક છે અને ખાસ તો એ, કે રીયલ છે. એક શાનદાર કાસ્ટ અને દરેક ઘરનું પ્રતિબિંબ એવી કહાની સાથે, અમે દેશભરના દર્શકો માટે આ દિલથી હસાવતી કોમેડી પ્રસ્તુત કરવા ઉત્સુક છીએ.’’

ફિલ્મના ડિરેક્ટર, વિરલ શાહ, વ્યક્ત કરે છે કે, “‘મહારાણી’ એવા સંબંધો નો ઉત્સવ છે જેના વિશે ખૂબ ઓછી વાત થાય છે – જે રસોડામાં, લિવિંગ રૂમ માં અને સામાન્ય ચા ના કપ સાથેના મૌન માં છાની રીતે ઘણું કહી જાય છે. આ ફિલ્મ એ ખૂબ જ હળવી પરંતુ ખૂબ જ મહત્વપૂર્ણ કહાની કહે છે. જાણે સૌના જીવનનો એક ટુકડો લઈ લખી હોય તેવી આ કોમેડી ફિલ્મ ઘરની માલકીન અને ઘરની કામવાળી વચ્ચેના અનોખા બંધન વિશે ઘણું કહી જાય છે. આ કહાની છે ભાન કરાવે છે કે જે આઝાદી અને સગવડ આપણે અનુભવીએ છીએ તેની પાછળ આપણા જીવનના અમુક મજબૂત પાયા સ્વરૂપ લોકોનું ખૂબ મહત્વપૂર્ણ યોગદાન છે. એક એવી નરમ અને લાગણીસભર કહાની.. જે કહેવી જરૂરી છે.’’

ફિલ્મ વિશે માનસી પારેખ કહે છે, “આ ફિલ્મ પર કામ કરતાં મને સમજાયું કે ખરેખર આપણા ઘરની કામવાળી સાથે નો આપણો સંબંધ અતુલ્ય અને બેજોડ છે. ‘મહારાણી’ સ્ત્રી મિત્રતા, આત્મમુલ્ય અને આત્મપ્રેમને પણ મોટા પરિપ્રેક્ષ્યમાં સ્પર્શે છે. આ એક એવી કહાની છે જે સામાન્ય જીવન પર બનેલી એક અદભુત વાત કહી જાય છે. અનેક પ્રતિભાશાળી કલાકારો અને વિરલ જેવા ડિરેક્ટર સાથે કામ કરવું સ્વપ્ન સમાન અનુભવ રહ્યો. મારુ પાત્ર, માનસી, કોઈ પણ સ્વતંત્ર વર્કિંગ વુમન જેવું જ છે – જીવન રોજ નવા ચેલેન્જીસ લાવે છે અને તે પોતાની રીતે તેનું ઉત્તમ રીતે સામનો કરે છે. શ્રદ્ધા સાથે કામ કરવામાં ખૂબ મજા પડી અને જેમ જેમ અમે આ જર્ની માં આગળ વધ્યા તેમ તેમ અમારી વચ્ચે એક ગહન મિત્રતા વિકસી છે જે સ્ક્રીન પર અવશ્ય દેખાશે. હું આતુર છું કે દર્શકો આ ફિલ્મ જોવે અને થિયેટરમાંથી કંઈક મૂલ્યવાન શીખ લઈને નીકળે.’’

ફિલ્મ વિશે શ્રદ્ધા ડાંગર કહે છે, “‘મહારાણી’ એક સાધારણ જીવન પર અસાધારણ રીતે લખાયેલી કહાની છે, જે અનેક સ્તરે વ્યક્તિગત રીતે મને જોડે છે. રાણીનું પાત્ર શક્તિ અને આત્મજ્ઞાન દર્શાવે છે. ફિલ્મનો મુખ્ય તત્વ કોમેડી છે અને હું આનો એક ભાગ બની શકી તેનો મને ખૂબ આનંદ છે. માનસી સાથે કામ કરવાનો અનુભવ અદભુત રહ્યો. અમે સાથે મળીને ક્રિએટિવ પ્રોસેસ શેર કરી અને એક એવી મિત્રતા બંધાઈ ગઈ છે જે સ્ક્રીન પર તેમજ સ્ક્રીન બહાર લોકોને જરૂર દેખાશે. ‘મહારાણી’ એક અનોખી ફિલ્મ છે અને મને આશા છે કે દર્શકો આ ફિલ્મનો પુરેપુરો આનંદ લેશે.’’

પેનારોમા સ્ટુડિયો દ્વારા પ્રસ્તુત ’મહારાણી’ નું પ્રોડક્શન મંકી ગોડ એન્ટરટેઈનમેન્ટ, સમિટ સ્ટુડિયો અને એક્કા એન્ટરટેઈનમેન્ટ હેઠળ કરવામા આવેલ છે. આ ફિલ્મ ના પ્રોડ્યૂસર્સ છે કુમાર મંગત પાઠક, અભિષેક પાઠક, પ્રિતેશ ઠક્કર, મધુ શર્મા અને વિરલ શાહ. તેમજ કો પ્રોડ્યૂસર્સ છે - મુરલીધર છટવાની, ચંદ્રેશ ભાનુશાલી, સુચિન આહલુવાલિયા અને માસુમેહ માખીજા .

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## છત્તીસગઢ : બીજાપુરમાં સેનાનું મોટું ઓપરેશન

। (એજન્સી) બીજાપુર, તા.૨૮ ।

છત્તીસગઢના બીજાપુરમાં સુરક્ષા દળએ મોટું ઓપરેશન પાર પાડ્યું છે. બે દિવસ ચાલેલી અથડામણમાં જવાનોએ બે મહિલા સહિત ૧૭ લાખના ઈનામી ચાર નક્સલીઓને ઠાર કર્યા છે.

સુરક્ષા દળોએ શનિવારે (૨૬ જુલાઈ) સાંજે અથડામણ શરૂ થયા બાદ રવિવારે બપોર સુધીમાં ઓપરેશન પાર પાડી હથિયારોનો જથ્થો પણ જપ્ત કર્યો છે. આ દરમિયાન બંને તરફી સતત બે દિવસ સામેસામે ગોળીબાર થયો હતો. સુરક્ષા દળોને દક્ષિણ-પશ્ચિમ વિસ્તારના બાસાગુડા અને ગંગલૂર ગામના સરહદી જંગલોમાં નક્સલવાદીઓ હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ સર્ચ ઓપરેશન વખતે નક્સલીઓએ ગોળીબાર શરૂ કરી દીધો હતો. ઘટનામાં દક્ષિણ સબ ઝોનલ બ્યૂરોના ચાર નક્સલીઓ ઠાર કરી દેવાયા છે. તેમાં ત્રણ એસીએમ સ્તરના અને એક પાર્ટી કમાન્ડર પણ સામેલ છે. ઘટના સ્થળ પરથી એક સેલ્ફ-લોડિંગ રાઈફલ, એક ઈન્સાસ રાઈફલ, એક લી-એનફીલ્ડ રાઈફલ, એક ૧૨ બોરની બંદૂક, બટ્ટ ગ્રેનેડ લોન્ચર, સિંગલ શૉટ હથિયાર સહિત મોટાપ્રમાણમાં વિસ્ફોટ સામગ્રી અને નક્સલીને લગતો સામાન જપ્ત કર્યો છે. બીજાપુર પોલીસ અધિક્ષક જિતેન્દ્ર યાદવે કહ્યું કે, જિલ્લાના દક્ષિણ-પશ્ચિમ વિસ્તારમાં નક્સલીઓ હોવાની સૂચના મળ્યા બાદ ડીઆરજી બીજાપુરની ટીમે સર્ચ અભિયાન ચલાવ્યું હતું.

## ભારે વરસાદ અને વાવાઝોડા વચ્ચે ટ્રેન પાટા પરથી ખડી પડી, 3ના મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

જર્મનીમાં એક મોટી ટ્રેન દુર્ઘટના સર્જાી છે. દક્ષિણ જર્મનીમાં એક પેસેન્જર ટ્રેન પાટા પરથી ઉતરી જતાં ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા છે જ્યારે ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. સ્થાનિક પોલીસે જણાવ્યું હતું કે આ અકસ્માત મ્યુનિખથી ૧૫૮ કિલોમીટર (૯૮ માઈલ) પશ્ચિમમાં રીડલિંગેન નજીક થયો હતો. ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે આ અકસ્માત થયો હોવાનું માનવામાં આવે છે. જોકે, પોલીસે કહ્યું છે કે અકસ્માતના કારણની તપાસ હજુ ચાલુ છે. ટ્રેન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ અકસ્માત સ્થળની તસવીરોમાં ટ્રેનના ઘણા કોચ પલટી ગયેલા જોવા મળ્યા હતા, જેમાંથી બચાવ કાર્યકરો મુસાફરોને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેના પરથી સ્પષ્ટ થાય છે કે અકસ્માત ખૂબ જ ભયાનક હતો. અત્યાર સુધી અધિકારીઓએ ત્રણ લોકોના મોતની પુષ્ટિ કરી છે. હાલમાં કેટલા લોકો ઘાયલ થયા છે તે સ્પષ્ટ નથી. ટ્રેન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ અકસ્માત સ્થળની તસવીરોમાં ટ્રેનના ઘણા કોચ પલટી ગયેલા જોવા મળ્યા હતા, જેમાંથી બચાવ કાર્યકરો મુસાફરોને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેના પરથી સ્પષ્ટ થાય છે કે અકસ્માત ખૂબ જ ભયાનક હતો. અત્યાર સુધી અધિકારીઓએ ત્રણ લોકોના મોતની પુષ્ટિ કરી છે. હાલમાં કેટલા લોકો ઘાયલ થયા છે તે સ્પષ્ટ નથી.

### આ બંનેએ ૪૧૭ બોલનો સામનો કર્યો

# કેએલ રાહુલ અને શુભમન ગિલની જોડીએ ઇંગ્લેન્ડમાં રચ્યો ઇતિહાસ

### ઇંગ્લેન્ડમાં એક પાર્ટનરશીપ દરમિયાન સૌથી વધુ બોલ રમવાનો રેકોર્ડ પહેલા રાહુલ દ્રવિડ અને સંજય માંજરેકરના નામે હતો

। (એજન્સી) માન્ચેસ્ટર, તા.૨૮ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ સિરીઝની ચોથી મેચ માન્ચેસ્ટરમાં રમાઈ રહી છે. આ મેચમાં હાલ પાંચમા દિવસની રમત શરૂ છે. ભારતીય ટીમ હાલ બીજી ઈનિંગમાં બેટિંગ કરી રહી છે. બીજી ઈનિંગમાં ઈન્ડિયાની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. એક પણ રન બનાવ્યાં વગર ભારતીય ટીમે પોતાની બે વિકેટ ગુમાવી દીધી હતી. ત્યાર બાદ ત્રીજી વિકેટ માટે શુભમન ગિલ અને કેએલ રાહુલ વચ્ચે ૧૮૮ રનની પાર્ટનરશીપ થઈ. આ પાર્ટનરશીપ દરમિયાન બંનેએ ૪૧૭ બોલનો સામનો કર્યો અને તેની સાથે તેઓએ ઈંગ્લેન્ડમાં ઈતિહાસ રચી દીધો છે. ઈંગ્લેન્ડમાં એક પાર્ટનરશીપ દરમિયાન સૌથી વધુ બોલ રમવાનો રેકોર્ડ પહેલા રાહુલ દ્રવિડ અને સંજય માંજરેકરના નામે હતો. આ બંને વચ્ચે ૨૦૦૨માં લીડ્સ ટેસ્ટ મેચમાં ૧૭૦ રનની પાર્ટનરશીપ થઈ હતી અને આ દરમિયાન બંનેએ ૪૦૫ બોલનો સામનો કર્યો હતો. હવે આ રેકોર્ડ શુભમન ગિલ અને કેએલ રાહુલના નામે નોંધાઈ ગયો છે. આ બંનેએ ૪૧૭ બોલનો સામનો કર્યો છે, તેની સાથે જ તેઓએ ૨૩ વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે. લિસ્ટમાં ત્રીજા નંબરે સચિન તેંડુલકર અને સૌરવ ગાંગુલીની જોડી છે. તેઓએ ૩૫૭ બોલનો સામનો કર્યો હતો. ચોથી ટેસ્ટ મેચની બીજી ઈનિંગમાં કેએલ રાહુલ પાસે શાનદાર સદી ફટકારવાની તક હતી પરંતુ તે ૧૦ રનના અંતરે સદી ચૂકી ગયો હતો. તે ૨૩૦ બોલમાં ૯૦ રન બનાવીને આઉટ થયો હતો. આ દરમિયાન તેણે ૮ ચોગ્ગા ફટકાર્યા હતા. તેને ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે એલબીડબ્લ્યૂ આઉટ કર્યો હતો. જ્યારે બીજી બાજુ ટીમ ઈન્ડિયાના કેપ્ટન શુભમન ગિલે આ ઈનિંગમાં શાનદાર સદી ફટકારી હતી. તેણે આ ઈનિંગમાં ૨૨૮ બોલનો સામનો કરી સદી પૂરી કરી. ભારતીય ટીમ હાલ આ ઈનિંગમાં ઈંગ્લેન્ડથી ૮૮ રન પાછળ છે. હાલ વોશિંગ્ટન સુંદર અને રવિન્દ્ર જાડેજા ક્રિઝ પર છે.

### શુભમન ગિલ ઈંગ્લેન્ડમાં એક ટેસ્ટ સીરિઝમાં સૌથી વધુ સદી ફટકારનારો કેપ્ટન બન્યો છે

# ગિલે બ્રેડમેનના ૮૬ વર્ષ જૂના રેકોર્ડની બરાબરી કરી

। માન્ચેસ્ટર, તા.૨૮ ।

ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે માનચેસ્ટરમાં રમાયેલી ચોથી ટેસ્ટ મેચમાં શુભમન ગિલે ઈતિહાસ રચ્યો છે. આકાશમાં છવાયેલા હારના વાદળો અને ટીકાઓ વચ્ચે શુભમન ગિલે પોતાની કારકિર્દીની સવર્શ્રેષ્ઠ ઈનિંગ રમી બે મોટા રેકોર્ડ સર્જ્યા છે.

ટેસ્ટ મેચની બીજી ઈનિંગમાં ટીમ ઈન્ડિયાની શરૂઆત અત્યંત ખરાબ હતી. પહેલી ઓવરમાં જ બે ઓપનર બેટર ઝીરો રન પર આઉટ થયા હતાં. જેના લીધે ગિલની કેપ્ટનશીપ પર સવાલો ઉઠ્યા હતા. ખાસ કરીને ઈંગ્લેન્ડની પ્રથમ ઈનિંગમાં ફિલ્ડિંગ સેટિંગ્સ અને બોલર્સમાં ફેરફાર મુદ્દે. જો કે, ગિલે બે વિકેટ પડ્યા બાદ પીચ પર ઉતરી આ સવાલોના આક્રમક જવાબ આપ્યા હતા. ૨૫ વર્ષીય કેપ્ટન ૭૮ રન પર અણનમ રહ્યો હતો. ચોથા દિવસના બે સેશન સુધી કેએલ રાહુલ સાથે મળી ઈંગ્લેન્ડના બોલર્સને હંફાવ્યા હતા.

ગિલે આ સીરીઝમાં ચાર સદી ફટકારી રેકોર્ડ સર્જ્યો છે. ટેસ્ટ મેચ સીરિઝમાં ચાર સદી ફટકારાના અત્યારસુધી બે ભારતીય સુનીલ ગાવસ્કર (૧૯૭૧,૧૯૭૮) અને વિરાટ કોહલી (૨૦૧૪-૨૫) હતાં. હવે આ યાદીમાં ગિલનું નામ પણ ઉમેરાયું છે. તેણે ડોન બ્રેડમેનનો ૮૬ વર્ષ જુનો રેકોર્ડ પણ તોડ્યો છે. ગિલ ઈંગ્લેન્ડમાં એક ટેસ્ટ સીરિઝમાં સૌથી વધુ સદી ફટકારનારો કેપ્ટન બન્યો છે. તેની પહેલાં બ્રેડમેને ૧૯૩૮માં એશેજમાં ચાર સદી ફટકારી હતી.

ટેસ્ટ કેપ્ટન તરીકે પહેલી સીરિઝમાં સર્વાધિક રન

૮૧૦ - સર ડોન બ્રેડમેન (ઓસ્ટ્રેલિયા) vs ઈંગ્લેન્ડ, ૧૯૩૬/૩૭ (ઘરેલું)

૭૨૨★ - શુભમન ગિલ (ભારત) vs ઈંગ્લેન્ડ, ૨૦૨૫ (વિદેશી)

૭૦૨ - ગ્રેગ ચેપલ (ઓસ્ટ્રેલિયા) vs વેસ્ટ ઈન્ડિઝ, ૧૯૭૫/૭૬ (ઘરેલું)

૬૩૬ - ક્લાઈવ લોયડ (વેસ્ટ ઈન્ડિઝ) vs ભારત, ૧૯૭૪/૭૫ (વિદેશી)

૫૮૨ - પીટર મે (ઈંગ્લેન્ડ) vs દક્ષિણ આફ્રિકા, ૧૯૫૫ (ઘરેલું)

ગિલ અત્યારસુધી એક સીરિઝમાં ૭૦૦થી વધુ રન બનાવનારા ત્રીજા ભારતીય બેટર બન્યો છે.

### જાપાનનાં વેપારીએ પોતાનો કરોડોનો કારોબાર છોડીને ભગવાન શિવની ભક્તિમાં પોતાની જાતને સમર્પિત કરી

# જાપાનથી કરોડોનો બિઝનેસ અને કંપની છોડી બન્યા શિવભક્ત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

હાલના સમયમાં દુનિયા પૈસાની પાછળ દોડી રહી છે, ત્યારે જાપાનથી ભારત આવીને એક વ્યક્તિએ ધર્મ અને સેવાનો રસ્તો અપનાવ્યો છે, જે આપણા સૌ માટે પ્રેરણાદાયી કિસ્સો છે. હકીકતમાં જાપાનનાં વેપારીએ પોતાનો કરોડોનો કારોબાર છોડીને ભગવાન શિવની ભક્તિમાં પોતાની જાતને સમર્પિત કરી દીધી છે. તમને જણાવી દઈએ કે, ૪૧ વર્ષના હોશી તાકાયુકી કે જેઓ પહેલા ટોક્યોમાં ૧૫ બ્યૂટી પ્રોડેક્ટ્સ સ્ટોરના માલિક હતા, હવે તેઓ બાલા કુંભ ગુરુમુનિ બની ગયા છે.

જાપાનના એક ૪૧ વર્ષીય વ્યક્તિ પોતાના વ્યવસાયિક સામ્રાજ્યને છોડીને ભગવો ધારણ કરી શિવભક્ત બનતા હાલમાં ખૂબ ચર્ચામાં જોવા મળી રહ્યા છે. હવે બાલા કુંભ ગુરુમુનિ તરીકે ઓળખાતા, હોશી તાકાયુકી એક સમયે ટોક્યોમાં ૧૫ સફળ બ્યૂટી પ્રોડેક્ટ્સના માલિક હતા. પણ હવે? તે ઉત્તરાખંડમાં આત્મ - ખોજની યાત્રા પર નીકળેલા એક ભગવાન શિવના ભક્ત છે. પારંપારિક ભગવા વસ્ત્રોમાં સજ્જ અને ૨૦ જાપાની અનુયાયીઓ સાથે તેઓ હાલમાં કાવડ યાત્રા દરમિયાન પવિત્ર ગંગા જળ લઈને ખુલ્લા પગે ચાલતાં જોવા મળી રહ્યા છે. એવું પણ કહેવાય છે કે તેઓ પોતાની યાત્રા દરમિયાન દહેરાદૂનમાં કાવડિયાઓ સાથે બે દિવસીય ભોજન શિબિરનું આયોજન કર્યું હતું.

હોશી તાકાયુકીની આધ્યાત્મિક યાત્રાની શરુઆત ૨૦ વર્ષ પહેલાં તમિલનાડુમાં શરૂ થઈ હતી. યાત્રા દરમિયાન તેમની નજર નાડી જ્યોતિષ પર પડી હતી. એક પ્રાચીન સિદ્ધ પદ્ધતિ જે તાડ પત્ર પર લખાયેલી હસ્તપ્રતોમાંથી જીવનનું અર્થઘટન કરે છે, જે હજારો વર્ષ જૂની હોવાનું કહેવાય છે. વાંચન દરમિયાન તેમને કહેવામાં આવ્યું હતું કે, તેમણે પોતાનું પાછલું જીવન હિમાલયમાં વિતાવ્યું હતું અને તેમનું ભાગ્ય હિન્દુ આધ્યાત્મિકતાનું પાલન કરવાનું હતું. તાડ પત્ર પર લખેલું હતું કે, તમારું પાછલું જીવન ઉત્તરાખંડમાં વિતાવ્યું હતું. એ પછી થોડા સમય પછી તેમને એક સ્વપ્ન આવ્યું, જેમાં તેમણે પોતાને ઉત્તરાખંડના એક ગામમાં જોયા. ત્યાંથી તેમનું જીવન બદલાઈ ગયું. આ અનુભવથી પ્રેરિત થઈને તાકાયુકીએ પોતાનું વ્યાપાર સામ્રાજ્ય તેમના અનુયાયીઓને સોંપવાનો નિર્ણય કર્યો અને એક નવી આધ્યાત્મિક ઓળખ અપનાવી અને પોતાનું નામ બાલા કુંભ ગુરુમુનિ રાખ્યું. તેઓએ ટોક્યોના ઘરને સંપૂર્ણ શિવ મંદિરમાં રૂપાંતરિત કર્યું અને બીજું મંદિર પણ બનાવ્યું. આ ઉપરાંત તેમણે જાપાનમાં બીજું એક નવું મંદિર બનાવ્યું છે અને હવે પુડુચેરીમાં ૩૫ એકર જમીન પર એક વિશાળ શિવ મંદિર બનાવવા જઈ રહ્યા છે. આ સાથે ટૂંક સમયમાં ઉત્તરાખંડમાં એક આશ્રમ ખોલવાની યોજના બનાવી છે.

### વન ટાઈમ નાણાકીય પેકેજની જાહેરાત કરાઈ

## કાયમી અપંગ બનેલા CAPFના જવાનો ભથ્થાં, બઢતીના હકદાર : ગૃહ સચિવ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (સીએપીએફ)ના જવાનો તથા અધિકારીઓ ફરજ દરમિયાન કાયમી અપગંતા છતાં ભથ્થાં અને સન્માન મેળવવા માટે હકદાર છે તેમ કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહને જણાવ્યું હતું. સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ના ૮૭માં સ્થાપના દિવસ પર જવાનોને સંબોધતાં કેન્દ્રીય ગૃહ સચિવે જણાવ્યું કે, ડ્યુટી પર અધિકારીઓ અને જવાનો તેમના પગ ગુમાવે છે અથવા કોઈપણ પ્રકારની કાયમી અપગંતાનો ભોગ બને છે તો પણ તેમને નોકરી પર ચાલુ રખાશે અને તેમને ભથ્થાં, લાભો અને બઢતી પણ અપાશે. આ ઉપરાંત કેન્દ્ર તેમને વન ટાઈમ નાણાકીય પેકેજ પણ આપશે.સીએપીએફના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, સીઆરપીએફના ડાયરેક્ટર જનરલ ગ્યાનેન્દ્ર પ્રતાપ સિંઘની અધ્યક્ષતા હેઠળ અધિકારીઓ એક કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટી આગામી મહિનાઓમાં તેની ભલામણો સોંપશે અને યોજનાની રૂપરેખા તૈયાર કરશે. છેલ્લા એક દાયકામાં ફરજ દરમિયાન અથડામણ વખતે આઈઈડી બ્લાસ્ટ અને સમાન તીવ્રતાના બ્લાસ્ટથી સંખ્યાબંધ સીએપીએફ જવાનોએ હાથ, પગ, આંખ સહિત શરીરના કેટલાક ભાગો ગુમાવવા પડ્યા છે. ઈજા પામેલા જવાન કે અધિકારીને નોકરીમાંથી ભાગ્યે જ હટાવાયા હોવાનું જણાયું છે પરંતુ ફિટનેસના ધોરણોનું પાલન ના થઈ શકતા આ લોકો બઢતી મેળવી શકતા નથી તેમ એક અધિકારીએ ઉમેર્યું હતું. કમિટી આ બાબતને ધ્યાનમાં રાખીને ભલામણો રજૂ કરશે. સામાન્ય જવાનને મળે છે તે મુજબ લાભો કાયમી અપંગતા પામેલા જવાન તથા અધિકારીને પણ આપવા નિયમોમાં ઢીલ અંગે વિચારણા કરાશે. ગૃહ સચિવના મતે ડ્યુટી પર અથડામણ દરમિયાન પગ કે શરીરનો અન્ય ભાગ ગુમાવનારા જવાનોને નોકરીમાં નહીં હટાવવાનો નિર્ણય કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કર્યો છે. આવા જવાનોને કેટલાક પસંદગીની ટુકડીમાં કામગીરી ચાલુ રાખવા જણાવાશે અને તેમને નિવૃત્તિ સુધી ભથ્થાં અને લાભો મળતા રહેશે જેથી તેઓ ગૌરવભેર માથું ઊંચું રાખીને સામાન્ય લોકોની જેમ જીવન જીવી શકશે.

### FIR બાદ તપાસ શરૂ

# પાર્ટીમાં પ્રોડ્યુસરને ચંપલ-બોટલથી મારવાના કેસમાં અભિનેત્રી સામે એક્શન!

### આ કેસ માન સિંહની ફરિયાદ પર નોંધવામાં આવ્યો છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૮ ।

અભિનેત્રી રુચિ ગુર્જર કેસમાં વળાંક આવ્યો છે. તેણે મુંબઈના ઓશિવારા પોલીસ સ્ટેશનમાં ફિલ્મ નિર્માતા કરણ સિંહ ચૌહાણ વિરુદ્ધ ૨૪ લાખ રુપિયાની છેતરપિંડીની ફરિયાદ કરી છે. પરંતુ હવે આ મામલે રુચિ ગુર્જરની મુશ્કેલી વધતી જોવા મળી રહી છે. અમ્બોલી પોલીસે અભિનેત્રી રુચિ ગુર્જર સહિત ૬ લોકો વિરુદ્ધ FIR દાખલ કરી છે. આ કેસ ફિલ્મ સો લોન્ગ વૈલી ના નિર્માતા માન સિંહની ફરિયાદ પર નોંધવામાં આવી છે. મુંબઈ પોલીસે અભિનેત્રી રૂચિ ગુર્જર સહિત ૬ લોકો વિરુદ્ધ IPCની કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૧૮૯(૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૧), ૩૨૯(૩), ૩૫૧(૨) અને ૩૫૨ હેઠળ કેસ નોંધ્યો છે. કેસ નોંધ્યા પછી મુંબઈ પોલીસે આ મામલે ત્વરિત તપાસ શરૂ કરી દીધી છે. માન સિંહે રૂચિ ગુર્જર પર આરોપ લગાવ્યો છે કે, તે પ્રીમિયર શો દરમિયાન તેના ખાનગી સુરક્ષા ગાર્ડ સાથે પરવાનગી વિના સિનેમા હોલમાં આવી હતી. અહીં તેણે જોર જોરથી બૂમો પાડીને હોબાળો મચાવ્યો હતો. અભિનેત્રીએ દુર્વ્યવહાર કરીને ફિલ્મના સ્ક્રીનિંગમાં ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટના ૨૫ જુલાઈના રોજ અંધેરી વેસ્ટના સિનેપોલિસ સિનેમામાં બની હતી, જ્યાં ફિલ્મનો પ્રીમિયર શો રાત્રે ૯ વાગ્યે યોજાયો હતો. માન સિંહે તેમની ફરિયાદમાં પોલીસને જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૨થી ફિલ્મ સો લોંગ વેલી નિર્માણ હેઠળ હતી અને ૨૫ જુલાઈએ તે સત્તાવાર રીતે રિલીઝ થવાની હતી, પરંતુ પ્રીમિયર શો પહેલા રાત્રે ૮:૪૦ વાગ્યે રૂચિ, ચાર મહિલાઓ અને કેટલાક બોડી ગાર્ડ સાથે સિનેમા હોલમાં પહોંચી અને કોઈપણ આમંત્રણ કે પરવાનગી વિના અંદર પ્રવેશી.

માન લાલ સિંહે આરોપ લગાવ્યો છે કે, રૂચિ ગુર્જર ત્યાં હાજર લોકોની સામે જોર જોરથી બૂમો પાડીને કહી રહી હતી કે, તે ફિલ્મ પ્રદર્શિત નહીં થવા દે. તેણે નિર્માતા માન લાલ સિંહને અપશબ્દો બોલીને દુર્વ્યવહાર કર્યો હતો અને પૈસાની માંગણી કરીને તેમને ધમકી પણ આપી હતી. જ્યારે ત્યાં હાજર સુરક્ષા કર્મચારીઓએ તેમને રોકવાનો પ્રયાસ કર્યો, ત્યારે રુચિના બોડીગાર્ડ્સે તેમને ધક્કો માર્યો અને અભિનેત્રીએ પોતે પોતાનુ ચંપલ કાઢીને માન સિંહ પર હુમલો કર્યો. એટલું જ નહીં, તેણેએ પ્લાસ્ટિકની બોટલ પણ ફેંકી હતી.

### આવકનું પ્રમાણપત્ર વાયરલ થયું

# મધ્યપ્રદેશનો ખેડૂત ભારતનો સૌથી 'ગરીબ' વ્યક્તિ, વાર્ષિક આવક રૂ.3!

### ઈન્ટરનેટ પર સતના જિલ્લાના ખેડૂતની ૨૫ પૈસાની માસિક આવક ધરાવતું પ્રમાણપત્ર વાયરલ થયું

। (એજન્સી) સતના, તા.૨૮ ।

દેશમાં કૂદકેને ભૂસકે વધી રહેલી મોંઘવારી વચ્ચે ગરીબ અને મધ્યમવર્ગની હાલત કફોડી બની રહી છે. આ પરિસ્થિતિમાં મધ્યપ્રદેશના એક ખેડૂતની વાર્ષિક આવક ફક્ત ૩ રૂપિયા જ હોવાનું જણાયું છે અને તે ભારતનો સૌથી ગરીબ વ્યક્તિ હોવાની ચર્ચા ઈન્ટરનેટ પર ઝડપથી વાયરલ થઈ રહી છે. એમપીના સતના જિલ્લાના કોઠી તાલુકાના નયાગાઁવના રહેવાસી એવા રામસ્વરૂપ (૪૩) વ્યવસાયે ખેડૂત છે પરંતુ તેમના મામલતદાર દ્વારા વાર્ષિક ૩ રૂપિયાની આવક સાથેનું પ્રમાણપત્ર આપ્યું હતું જે સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થયું હતું. મામલતદારે બાદમાં આને ક્લેરિકલ ભૂલ ગણાવી હતી અને ખેડૂતને સુધારેલું પ્રમાણપત્ર આપ્યું હતું.રામસ્વરૂપને મામલતદારે ૩ રૂપિયા વાર્ષિક આવક સાથેનો આવકનો દાખલો આપ્યો હતો. આ મુજબ તેની માસિક આવક ૨૫ પૈસા થાય છે. ઈન્ટરનેટ પર કેટલાક યુઝર્સે આ સર્ટિફિકેટ પોસ્ટ કરીને રામસ્વરૂપને ભારતના સૌથી ગરીબ વ્યક્તિ ગણાવ્યા હતા. ૨૨ જુલાઈએ ઈશ્યુ કરાયેલા આ સર્ટિફિકેટમાં મામલતદાર સૌરભ દ્વિવેદીએ સહી પણ કરી હતી. બાદમાં સોશિયલ મીડિયા પર આ પ્રમાણપત્ર વાયરલ થયું હતું જે બાબત મામલતદારના ધ્યાન પર આવતા તેમણે રામસ્વરૂપને ૨૫ જુલાઈએ નવો આવકનો દાખલ કાઢી આપ્યો હતો.

જેમાં મહિનાના રૂ.૨,૫૦૦ની આવક સાથે વાર્ષિક આવક રૂ.૩૦,૦૦૦ દર્શાવવામાં આવી હતી.અગાઉ અપાયેલા આવકના દાખલામાં ક્લેરિકલ ભૂલ હતી. જેને પાછળથી સુધારી લેવામાં આવી છે અને ખેડૂતને નવું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોવાની સ્પષ્ટતા દ્વિવેદીએ કરી હતી. મધ્યપ્રદેશ કોંગ્રેસે સરકારી તંત્રના આ છબરડાને મુદ્દો બનાવીને રાજ્ય સરકાર પર પ્રહાર કર્યા હતા. પ્રદેશ કોંગ્રેસે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું કે, રાજ્યના મુખ્યમંત્રી મોહન યાદવના શાસનમાં અમે ભારતના સૌથી ગરીબ વ્યક્તિને શોધ્યો છે. જેની વાર્ષિક આવક ૩ રૂપિયા છે! ખરેખર આઘાતજનક છે. લોકોને ગરીબ બનાવવાના મિશનમાં હવે ખુરશી જ કમિશન ખાઈ જાય છે તેવો આક્ષેપ મધ્યપ્રદેશ કોંગ્રેસે કર્યો હતો.

### કૂલ કર્મચારીઓમાંથી ૨ ટકા કર્મચારીઓની છટણી થશે

# દેશની સૌથી મોટી આઈટી કંપની ટીસીએસમાં ૧૨,૦૦૦ કર્મચારીની છટણી કરાશે

### જે કર્મચારી ૩૫ થી વધારે દિવસ સુધી કોઇ પ્રોજેક્ટમાં કામ નહીં કરતો હોય તે તેનો રાજીનામું આપવામાં માટે કહેવામાં આવ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ભારતના સૌથી મોટી આઈટી સેવા પૂરી પાડનારી કંપનીએ પોતાના કર્મચારીઓને મોટો ઝટકો આપતો નિર્ણય લીધો છે. આ કંપની હવે આગામી વર્ષમાં પોતાના કૂલ કર્મચારીઓમાંથી ૨ ટકા કર્મચારીઓની છટણી કરવાની છે.ચોંકાવનારી વાત એ છે કે કંપનીએ પોતાના કર્મચારીઓના વર્કફોર્સમાં ૨ ટકા ઘટાડશે. આ ૧૨ હજાર કર્મચારીઓને કંપની આવતા વર્ષે છટણી કરવામાં આવશે અને કારણ શું હોઈ શકે? ચાલો વિગતે જાણીએપઆ મામલે ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS)ના સીઈઓ કે. કૃતિવાસનએ જણાવ્યું કે, અત્યારે દુનિયા બદલાઈ રહી છે. હવે કંપની પણ આ બદલાવ માટે તૈયારી કરી રહી છે. ખાસ કરીને વાત એઆઈની છે. હવે એઆઈ દ્વારા નવું વર્ક મોડેલ તૈયાર કરવા માટે કંપની કામ કરી રહી છે.કંપનીનું એવું પણ માનવું છે કે, ભવિષ્યમાં અત્યારેની જે કાર્યપદ્ધતિ છે તે કામ નહીં આવે તેથી તેમના બદલાવ કરવો અતિ આવશ્યક છે. આ છટણીમાં મધ્યમ અને વરિષ્ઠ સ્તરના કર્મચારીઓને વધુ અસર થઈ શકે છે.TCSના મતે, તેમણે કર્મચારીઓને નવી કુશળતા શીખવવા અને તેમને નવા પ્રોજેક્ટ્સમાં તૈનાત કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો, પરંતુ આ તૈનાતી ઘણી ભૂમિકાઓમાં સફળ રહી નહીં. જેના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે.સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે કંપનીએ એક નવી પેનલ બનાવી છે. જે કર્મચારી ૩૫ થી વધારે દિવસ સુધી કોઈ પ્રોજેક્ટમાં કામ નહીં કરતો હોય તે તેનો રાજીનામું આપવામાં માટે કહેવામાં આવ્યું છે.જે કર્મચારીએ જાતે રાજીનામું આપે છે તેને ત્રણ મહિનાનો પગાર આપવામાં આવશે. પરંતુ જો કોઈ કર્મચારી જાતે રાજીનામું નહીં આપે તેને ટર્મિનેટ કરવામાં આવશે. જેમાં તેને પગાર પણ નહીં આપવામાં આવે! કંપની દ્વારા આ પ્રક્રિયાને સંભવિત એટલી સંવેદનશીલ રીતે કરવામાં આવી છે.અસરગ્રસ્ત કર્મચારીઓને નોટિસ પીરિયડ પગાર, નોકરી છોડવા પર વધારાનો પગાર, આરોગ્ય વીમા લાભો અને બહાર નોકરી આપવા જેવા વિકલ્પો આપવામાં આવી રહ્યા છે.

### ભાજપના નેતા રાજ પુરોહિતે કહ્યું નરેન્દ્ર મોદી ગરીબોના સેવક છે, જ્યારે હું તેમને જોઉં છું, ત્યારે વિષ્ણુનો અવતાર દેખાય છે

# નરેન્દ્ર મોદી ભગવાન વિષ્ણુના ૧૧મા અવતાર

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૮।

ભાજપના નેતા રાજ પુરોહિતે તાજેતરમાં પીએમ મોદીની તુલના ભગવાન વિષ્ણુ સાથે કરી હતી. તેમણે પીએમ મોદીને ભગવાન વિષ્ણુનો ૧૧મો અવતાર કહ્યા હતા. હવે તેમણે પીએમને વિષ્ણુનો ૧૧મો અવતાર કેમ કહ્યા તેનું કારણ પણ સમજાવ્યું. રાજ પુરોહિતે કહ્યું, આ લોકશાહી છે. દરેક પર ટીકા થશે. મને પણ મને જે લાગે છે તે કહેવાનો અધિકાર છે. જો હું કોઈ વ્યક્તિ વિશે કહું કે તે સરદાર વલ્લભભાઈ પટેલ જેવો કાર્યકર છે. જો કોઈ મને મહાત્મા ગાંધી જેવો દેખાય છે, તો હું કહું છું કે તે મહાત્મા ગાંધી જેવો છે.

તેમણે આગળ કહ્યું, જ્યારે હું પીએમ મોદીનું કામ જોઉં છું. હું પીએમને તેમની માતાની સેવા કરતા જોઉં છું, હું તેમને ભારત માતાની સેવા કરતા જોઉં છું. હું વિશ્વમાં તેમની પ્રતિમા જોઉં છું. હું તેમને રોકાયા વિના, થાક્યા વિના, નમ્યા વિના કામ કરતા જોઉં છું. તે દુનિયામાં જ્યાં પણ જાય છે, તેમને સર્વોચ્ચ પુરસ્કારથી નવાજવામાં આવે છે. તે જ્યાં પણ જાય છે, પછી ભલે તે મુસ્લિમ દેશ હોય કે ખ્રિસ્તી દેશ, તેમને સર્વોચ્ચ પુરસ્કારથી નવાજવામાં આવે છે. ભાજપના નેતાએ કહ્યું કે, તેઓ જે પણ કામ હાથમાં લે છે, તે પૂર્ણ કરે છે. ૧૧ વર્ષ પહેલા આ દેશની સ્થિતિ શું હતી? આજે, રેલ્વે હોય કે રસ્તા, ભારતમાં એવું કોઈ ક્ષેત્ર નથી જ્યાં નરેન્દ્ર મોદીનો પ્રભાવ દેખાતો નથી. ભાજપ નેતાએ વધુમાં કહ્યું કે નરેન્દ્ર મોદી ગરીબોના સેવક છે. તેઓ ૨૪ કલાક કામ કરે છે. પહેલા તેમણે લંડનમાં કરાર કર્યો, પછી તેઓ માલદીવ ગયા, જ્યારે હું તેમને જોઉં છું, ત્યારે મને ભગવાન વિષ્ણુનો અવતાર દેખાય છે. જ્યારે હું તેમને જોઉં છું, ત્યારે મને તેમનામાં ભગવાનનું એક સ્વરૂપ દેખાય છે અને લાગે છે કે તેઓ દેશની સેવા કરવા માટે જ જન્મ્યા છે. ભારતીય સંસ્કૃતિમાં, જે ગરીબોની સેવા કરે છે, જે સામાન્ય માણસની સેવા કરે છે તેને ભગવાનનું સ્વરૂપ માનવામાં આવે છે. ભાજપ નેતાએ વધુમાં કહ્યું કે નરેન્દ્ર મોદી ગરીબોના સેવક છે. તેઓ ૨૪ કલાક કામ કરે છે. પહેલા તેમણે લંડનમાં કરાર કર્યો, પછી તેઓ માલદીવ ગયા, જ્યારે હું તેમને જોઉં છું, ત્યારે મને ભગવાન વિષ્ણુનો અવતાર દેખાય છે. જ્યારે હું તેમને જોઉં છું, ત્યારે મને તેમનામાં ભગવાનનું એક સ્વરૂપ દેખાય છે અને લાગે છે કે તેઓ દેશની સેવા કરવા માટે જ જન્મ્યા છે.

## તંત્રી લેખ...

# સરકાર નકામી વસ્તુ, ચાલુ ગાડીમાં પંચર કરી દેશે

કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી અને નાગપુરથી ભાજપ સાંસદ નીતિન ગડકરીએ ચોંકાવનારું નિવેદન આપ્યું છે. તેમણે નાગપુર સ્થિત 'સ્પોર્ટ્સ એઝ એ કેરિયર' કાર્યક્રમમાં કહ્યું કે, રાજ-કારણ નશા જેવું હોય છે અને જ્યારે વ્યક્તિ નશામાં હોય છે, ત્યારે તેમની વિચાર કરવાની શક્તિ જતી રહે છે. સત્તા, સંપત્તિ અને સૌંદર્ય પરમેનેન્ટ હોતા નથી, પરંતુ ક્ષણિક હોય છે. ગડકરીએ કહ્યું કે, 'જ્યારે સારા દિવસો હોય છે, ત્યારે તમારી પ્રશંસા કરનારાઓ ઘણા મળી જાય છે, પરંતુ જ્યારે સમય ખરાબ હોય છે, ત્યારે પૂછનાર એક પણ હોતો નથી. મારી ઘણી ઈચ્છા છે કે, નાગપુરમાં ૩૦૦ સ્પોર્ટ્સ સ્ટેડિયમ બનાવું, જોકે મારા ચાર વર્ષના અનુભવમાં ધ્યાને આવ્યું છે કે, સરકાર ખૂબ જ નકામી વસ્તુ છે. કોર્પોરેશનના ભરોસે કોઈ કામ થતું નથી, આ લોકો ચાલતી ગાડીમાં પંક્ચર કરવાનું કૌશલ્ય ધરાવે છે.' તેમણે વધુમાં કહ્યું કે, હું સ્પોર્ટ્સ સ્ટેડિયમ ચલાવતા દુબઈના એક બિઝનેસમેનને મળ્યો હતો. ત્યારબાદ મેં નિર્ણય કર્યો કે, અમે ટેન્ડર બહાર પાડીને ૧૫ વર્ષ માટે એક જગ્યા આપીશું, લાઈટ, ગેલેરી વગેરે બનાવીને આપીશું. જ્યારે લોનના મેન્ટેન્સની જવાબદારી તેઓની રહેશે. એરિયા મુજબ ત્યાં સ્પોર્ટ્સ રમાડી શકાશે. અહીં રમવા ઈચ્છુક ખેલાડીઓ પાસેથી ઓછામાં ઓછી ૫૦૦-૧૦૦ ફી લેવામાં આવશે.' કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, 'ફી લેવી જરૂરી છે, મફતમાં ન શિખવાડવું જોઈએ. હું રાજકારણમાં છું અને તેમાં ફોગટ્યાઓનું બજાર છે. અહીં બધી જ વસ્તુ ફોગટમાં જોઈએ, પરંતુ હું મફતમાં કંઈપણ આપતો નથી. રમત અને રાજકારણ નશા જવો હોય છે, જ્યારે કોઈ વ્યક્તિ આ નશામાં કામ કરે છે તો તે વિચારવાનું બંધ કરી દે છે. સત્તા, સંપત્તિ અને સૌંદર્ય હંમેશા માટે હોતા નથી, પરંતુ ક્ષણિક હોય છે.' તેમણે એમ પણ કહ્યું કે, 'હું નાણાંકીય સલાહકાર નથી અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પણ નથી, પરંતુ નાણાકીય નિષ્ણાત જરૂર છું. હું કોઈપણ પૈસા આપ્યા વગર પાંચ લાખ કરોડ રૂપિયાનું કામ કરાવી શકું છું. હું જાણું છું કે, કયું કામ કેવી રીતે પૂરું કરવું જોઈએ.' સંબોધન દરમિયાન ગડકરીએ યુવાઓને કોઈપણ કેરિયરમાં ઈમાનદારી સાથે મહેનત કરવાની સલાહ આપી હતી અને કહ્યું કે, ખરાબ સમયમાં કોઈપણ સાથ દેતું નથી. તેમણે એમ પણ કહ્યું કે, 'હું નાણાંકીય સલાહકાર નથી અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પણ નથી, પરંતુ નાણાકીય નિષ્ણાત જરૂર છું. હું કોઈપણ પૈસા આપ્યા વગર પાંચ લાખ કરોડ રૂપિયાનું કામ કરાવી શકું છું. હું જાણું છું કે, કયું કામ કેવી રીતે પૂરું કરવું જોઈએ.' સંબોધન દરમિયાન ગડકરીએ યુવાઓને કોઈપણ કેરિયરમાં ઈમાનદારી સાથે મહેનત કરવાની સલાહ આપી હતી.

### મોદીએ મન કી બાતમાં દેશને સંબોધિત કર્યો

# ઓગસ્ટ મહિનો ક્રાંતિનો મહિનો છે : પીએમ મોદી

**પીએમ નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના ૧૨ કિલ્લાઓને વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં સામેલ કરવા પર ખુશી વ્યક્ત કરી**



પીએમ મોદીએ આજે મન કી બાત કાર્યક્રમના ૧૨૪મા એપિસોડ દ્વારા દેશને સંબોધિત કર્યો. આ દરમિયાન તેમણે અવકાશ, ઓગસ્ટ ક્રાંતિ, મહારાષ્ટ્રના ૧૨ કિલોના યુનેસ્કો વારસા તરીકે જાહેર કરાયેલા, શુભાંશુ શુક્લાના સફળ પુનરાગમન અને અવકાશ વૈજ્ઞાનિકો વિશે ઘણી વાતો કરી. આ દરમિયાન તેમણે ભારતના કાપડ સ્ટાર્ટઅપ્સ વિશે પણ ઘણી વાતો કરી.

પીએમ મોદીએ કહ્યું કે ઓગસ્ટ મહિનો ક્રાંતિનો મહિનો છે. ભારતને આઝાદી મળવા સિવાય ભારત છોડો સહિત અનેક ચળવળો પણ ઓગસ્ટમાં આપણા સ્વાતંત્ર્ય સેનાનીઓ દ્વારા શરૂ કરવામાં આવી હતી. પીએમએ મહારાષ્ટ્રના ૧૨ કિલ્લાઓને વર્લ્ડ હેરિટેજ લિસ્ટમાં સામેલ કરવા પર ખુશી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે દરેક કિલ્લા સાથે ઈતિહાસનું એક પાનું જોડાયેલું છે. પીએમએ કાર્યક્રમમાં શિવાજી મહારાજના જન્મ સાથે સંબંધિત શિવનેરી કિલ્લાની પણ ચર્ચા કરી. પીએમએ કહ્યું કે શિવનેરી કિલ્લો એટલો વિશાળ હતો કે દુશ્મન ક્યારેય તેમાં પ્રવેશ કરી શક્યું નહીં.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે લખનૌની ગોમતી નદી ટીમનો ઉલ્લેખ કરવો પણ મહત્વપૂર્ણ છે. છેલ્લા ૧૦ વર્ષથી દર રવિવારે, થાક્યા વિના, અટક્યા વિના, આ ટીમના સભ્યો સફાઈ કાર્યમાં રોકાયેલા છે. છત્તીસગઢના બિલ્હાનું ઉદાહરણ પણ મહાન છે. અહીં મહિલાઓને કચરા વ્યવસ્થાપનની તાલીમ આપવામાં આવી હતી અને સાથે મળીને તેમણે શહેરની સુરજ જ બદલી નાખી.

ગોવાના પણજી શહેરનું ઉદાહરણ પણ પ્રેરણાદાયક છે. ત્યાં, કચરાને ૧૬ શ્રેણીઓમાં વહેંચવામાં આવે છે અને તેનું નેતૃત્વ પણ મહિલાઓ કરી રહી છે. પણજીને રાષ્ટ્રપતિ પુરસ્કાર પણ મળ્યો છે. સફાઈ એ એક વખતનું, એક દિવસનું કામ નથી. જ્યારે આપણે દરરોજ, વર્ષના દરેક ક્ષણે સ્વચ્છતાને પ્રાથમિકતા આપીશું, ત્યારે જ દેશ સ્વચ્છ રહેશે.

પીએમ મોદીએ કાપડ ક્ષેત્રમાં સાંસ્કૃતિક વિવિધતાની પણ પ્રશંસા કરી હતી. પીએમએ કહ્યું કે આજે કાપડ અને બજાર ખૂબ જ ઝડપથી વિકસી રહ્યું છે. આજે ભારતમાં ૩૦૦૦ થી વધુ કાપડ સ્ટાર્ટઅપ્સ છે. આ સાથે પીએમએ હસ્તપ્રતોને સાચવી છે. ભારત સરકાર એક મિશન હેઠળ પ્રાચીન હસ્તપ્રતોને ડિજિટાઈઝ કરવાનું કામ કરશે.

ભારતના મહાન સ્વાતંત્ર્ય સેનાની ખુદીરામ બોઝને ૧૨ ઓગસ્ટ ૧૯૦૮ ના રોજ બિહારના મુઝફ્ફરપુરમાં ફાંસી આપવામાં આવી હતી. લોકોએ જેલને ઘેરી લીધી હતી, તેમની આંખોમાં આંસુ હતા. જેલની અંદર અંગ્રેજો યુવાનોને ફાંસી આપવાની તૈયારી કરી રહ્યા હતા.

**મુનિઓ કહે છે કે ઘોર કળિયુગમાં મનુષ્ય પુણ્ય કર્મ કરતાં બંધ થઈ જશે, અને સતત કોઈને કોઈ દુરાચારમાં પ્રવૃત રહેશે. સત્યને નીતિથી વિમુખ થતાં જશે.**

# જન માનસમાં વ્યાપેલાં કળિયુગ માટેની શૌનક આદિ મુનિઓની વ્યથા શું હતી??



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**વિપ્ર, દ્વિજ, કે બ્રાહ્મણ શબ્દ જેની માટે પ્રાયોજિત થાય છે, એ હકીકતમાં છે શું? એવો કોઈ પ્રશ્ન થાય તો! આપણો શું જવાબ હોય શકે! સદગુરુ કૃપાથી એટલું સમજાયું છે કે આ માત્ર વર્ણ પરક શબ્દ નથી! સમાજની બહુ મોટી જવાબદારી છે એની પર! અંતઃકરણ ની પ્રવૃત્તિ મુજબ ૧૫ કે ૧૭ વર્ષ સુધી જેને પ્રસિષ્ત કરવામાં આવે,**



હે દેવાધિદેવ મહાદેવ.

સૌનાં હૃદયમાં કરુણા રુપે રહેલાં આપનાં સૌમિત્રી સ્વરૂપને સાષ્ટાંગ પ્રેમ. શિવ પુરાણના મહાત્મ્યમાં આપણે ભગવાન ભોળાનાથની કૃપાનું સુખદ્ પરિણામ જોયું, અને દેવરાજ, ચંચુલા તથા તેના પતિ બિન્દુગનાં અત્યંત પાપાચાર ને કારણે અધોગતિ થવી જોઈએ, પણ શિવ પુરાણ સાંભળ્યું એટલે શિવલોકને પામ્યા. ત્યાર પછી શિવ પુરાણની કથા કરાવવી હોય તો વક્તા શ્રોતાના નિયમોની વાત સૂતજી એ કરી! અને એ બધું શાસ્ત્રોની મર્યાદા સચવાય એમ અમુક હદે થવું પણ જોઈએ! આ ઉપરાંત શિવ પુરાણની કથાનું આયોજન થાય ત્યારે સૌને સાંભળવા આમંત્રણ આપવું, જેથી વધુને વધુ લોકોની બુદ્ધિ શુદ્ધ થાય, અને એ રીતે સમાજમાંથી વિકારિત માનસિકતા ઓછી થાય. કથા સ્થળ અને એની શોભા વિશે પણ કહ્યું. પરંતુ એમાં મુખ્યત્વે નિર્મળ અને પવિત્ર સ્થાન હોવું જરૂરી છે. પણ કથા નિમિત્તે જે કંઈ થાય તે બિલકુલ નિષ્કામ ભાવે થવું જોઈએ! એટલે કે દાન દક્ષિણા વગેરે! આ ઉપરાંત આપણી એક બહુ મોટી ભૂલ એ થઈ કે આપણે ધર્મની બાબતમાં આગ્રહમાં અટવાઈ ગયાં, એટલે કે આમ તો થવું જ જોઈએ! અથવા એવું બિલકુલ નહીં ચાલે! અને એને કારણે નવી પેઢી ધર્મને પ્રંપચનો અડ્ડો સમજવા લાગી, અને ધર્મને નામે કોઈ ઠોસ આધાર ન મળતાં ભટકી ગઈ, એટલે બાપુ કહે છે, એમ શ્રોતા વક્તા બંને વચ્ચે ચૈતસિક સેતુ બની શકે એમ કથાનું આયોજન કરવું! અને એમાં પરમ તત્વની જ પ્રધાનતા રહેવી જોઈએ. કે જ્યાં ગંગા યમુનાનો સંગમ થયો છે એવાં તપસ્વીઓનાં પુણ્યથી પ્રકાશતાં પ્રયાગમાં જ્યારે સૂતજીને આવતા જોયા ત્યારે મુનિઓ અત્યંત હર્ષિત થઈ ગયાં, અને એમને પુછવા લાગ્યાં, કે આ પહેલાં પણ અમે આપના શ્રી મુખેથી કથા સાંભળી છે, પણ અમને હજી તૃપ્તિ થઈ નથી. કળિયુગની વ્યાપકતાની વ્યાધિ અમને પીડા આપે છે! તો આ કાળમાં પણ સર્વનું હિત જેમાં સમાયેલું છે, એવો કોઈ ઉપાય બતાવો! અને આમ કહી કળિયુગનું વર્ણન કર્યું છે.

મુનિઓ કહે છે કે ઘોર કળિયુગમાં મનુષ્ય પુણ્ય કર્મ કરતાં બંધ થઈ જશે, અને સતત કોઈને કોઈ દુરાચારમાં પ્રવૃત્ત રહેશે. સત્યને નીતિથી વિમુખ થતાં જશે, અન્યોની નિંદામાં એમને રસ પડશે. પારકું ધન હડપ કરી લેવાની ઈચ્છા દિન પ્રતિદિન વધતી રહેશે, પર સ્ત્રીમાં આસક્તિ વધતી જશે, પ્રાણીઓની હિંસા કરતાં પણ અચકાશે નહીં. પોતાનાં દેહને જ આત્મા સમજવાની ભૂલ કરી દિવસે ને દિવસે દેહ કેન્દ્રી અથવા નાસ્તિક થતાં જશે. બુદ્ધિમાં પશુતા પ્રવેશી જતાં માતાપિતા સાથે પણ દ્વેષ કરશે,બ્રાહ્મણો લોભી બની જશે, અથવા બનતા જાય છે. વેદ વેચીને પણ આજીવિકા ચલાવશે, વિદ્યા પણ માત્ર આર્થિક ઉપાર્જન માટે જ છે, એવો અર્થ કરી વિદ્યાને પણ વેચશે, બ્રાહ્મણ ત્રણે કાળની સંધ્યા ઉપાસના છોડી બ્રહ્મજ્ઞાન અને વેદ વેદાંતથી પરેનું જીવન જીવશે. આમ કુસંગી પાપી અને વ્યભિચારિ થઈ જશે, એમનામાં સાહસ અને શૌર્યનો અભાવ હશે, તેવો કપટ અને ચોરી જેવા દુર્ગુણને હથિયાર બનાવી જીવિકા ચલાવશે. દૂરબુદ્ધિથી પ્રેરાઈને પોતાની ચિત્તવૃત્તિને મલિન કરશે, અને બ્રાહ્મણ હોવા છતાં આચારમાં બ્રાહ્મણનો એક પણ ગુણ હશે નહીં. ધર્મને માત્ર બાહ્ય દેખાવનું માધ્યમ બનાવી બધાં ધર્મના કર્મ છોડીને, માત્ર દેખાવે ટીલાં ટપકાં કરીને ફરશે, પણ એમનાં વિચાર ધર્મ વિરુદ્ધ હશે, તે દ્વિજ નિંદક કહેવાશે. જો ધન મળી જશે તો એ કુકર્મમાં જોતરાઈ જશે, વિદ્વાન હશે તો વાદવિવાદમાં જ સત્યની ઉર્જા ખર્ચાઈ જશે. પોતાની જાતને અતિશય કુલીન સમજી અથવા બુદ્ધિશાળી સમજીને ચારે વર્ણ સાથે રોટી બેટી વ્યવહાર કરશે. સ્ત્રીઓ પણ સદાચારથી વિમુખ થશે, અને ઘર પરિવારનાં વડીલોનું અપમાન કરશે, મલિન ભોજન કરશે, દેહ પ્રદર્શનની સ્પર્ધા કરશે, એમનાં શીલ સંસ્કારના પ્રમાણ બદલાઈ જશે, એમને મન પતિ પરિવારની સેવાનું મહત્વ નહીં રહે. માટે હે સૂતજી આવાં મનુષ્યની દુરાચારથી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ હશે! અને જેમણે પોતાનાં સ્વધર્મનો ત્યાગ કર્યો હશે, એવાં પતિતને આલોક કે પરલોકમાં સ્થાન નહીં મળે, એ ચિંતાથી અમે સર્વ મુનિઓ ચિંતિત છીએ. પરોપકાર જેવો ઉત્તમ કોઈ ધર્મ નથી, માટે આપ કોઈ નાનાં એવા ઉપાયથી આ કળિયુગી મનુષ્યનાં સર્વ પાપનો નાશ થાય એવો ઉપાય કહો, કારણકે આપ સર્વ સિદ્ધાંતોનાં જ્ઞાત છો.

આદ્યન્તમંગલમજાત
સમાનભાવ
માર્ય
તમીશમજરામરમાત્મદેવમ્
પંચાનન પ્રબલપ
ંચવિનોદશીલં,
સમ્ભાવયે મનસિ
શંકરમમ્બિકેષમ્.

સૂતજી, જેનો આદિ મધ્ય અને અંત મંગલ છે, અને જે સર્વ માં સમ ભાવ ધરાવે છે, પાંચ મુખ વાળા છે, પ્રબળ છે, અને સ્વભાવે વિનોદ શીલ છે, એવાં અંબિકા પતિ શિવનું સ્મરણ કરે છે. સૂતજી આગળ શિવ પુરાણના શ્લોક અને સંહિતા નું વિવરણ કરે છે,પણ આપણે એ અગાઉના લેખમાં જોયું! હવે મુખ્ય વાત અત્યાર સુધીમાં શૌનક મુનિ તેમજ અન્ય મુનિઓને કળિયુગમાં દ્વિજ એટલે બ્રાહ્મણ ભ્રષ્ટ બુદ્ધિ થતો જશે, એની ચિંતા સતાવે છે! અને આપણે સૌ જોઈ રહ્યા છે કે આ મુનિઓની ચિંતા વ્યાજબી હતી, કારણકે બ્રાહ્મણ... પણ વર્ણની રીતે જોઈએ નહીં, અને એક સજ્જન અથવા મહેતાજી જેને વૈશ્નવ કહે છે, એવાં માનવી સમાજમાંથી ઘટતાં જાય છે. સમય ઘણો બદલાઈ ગયો છે, અને આપણે એકવીસમી સદીમાં જીવીએ છીએ, ત્યારે માત્ર ખોખલી વાતો વિકાસ ને અટકાવે , અને આમપણ અસ્પૃશ્યતા આપણાં સમાજનું દૂષણ હતું, એ નીકળવું જ જોઈએ! પરંતુ સૌ સમાનની એક બહુ મોટી સમસ્યા એ છે કે, હવે ગુમરાહ થતાં સમાજને દોરશે કોણ ? વેદોમાં અને અન્ય પૌરાણિક શાસ્ત્રોમાં સામાન્ય માનવીને કંઈ રીતે જીવન જીવવું એની વાત વણી લેવામાં આવી હતી! અને આ ઉપદેશ બ્રાહ્મણ દ્વારા સમાજને આપવામાં આવતો! હવે પોતે જ કેમ જીવવું એ ભૂલી ગયેલા, કે દિશા હીન જીવન જીવનારા, બીજાને કંઈ રીતે રાહ ચીંધી શકે! વિપ્ર, દ્વિજ, કે બ્રાહ્મણ શબ્દ જેની માટે પ્રાયોજિત થાય છે, એ હકીકતમાં છે શું? એવો કોઈ પ્રશ્ન થાય તો! આપણો શું જવાબ હોય શકે! સદગુરુ કૃપાથી એટલું સમજાયું છે કે આ માત્ર વર્ણ પરક શબ્દ નથી! સમાજની બહુ મોટી જવાબદારી છે એની પર! અંતઃકરણ ની પ્રવૃત્તિ મુજબ ૧૫ કે ૧૭ વર્ષ સુધી જેને પ્રસિષ્ત કરવામાં આવે, અથવા વેદ પુરાણોનું જ્ઞાન આપવામાં આવે, અને પછી સામાજિક ઉદેશ્યથી સંસારી બની સમાજમાં રહે એ બ્રાહ્મણ! વિપ્ર એટલે જેનાં જન્મનું કોઈ વિશેષ પ્રયોજન હોય એ વિપ્ર! દ્વિજ એટલે જેનાં બે જન્મ, એક જનનીનો જાયો, અને બીજો જન્મ તેને યજ્ઞોપવિત જેવા પવિત્ર સંસ્કારથી સંયમી અને સુસંસ્કૃત બનાવે એ શાસ્ત્ર. આગળ શિવ પુરાણમાં શિવ પોતાને વિપ્ર કહે છે, વર્ણની રીતે આપણે જે હોઈએ તે પણ શંકર જેમ સૌનાં શુભ મંગલનું વલણ અપનાવી શકીએ એમ જીવીએ. ૐ નમઃ શિવાય.

**શ્રાવણ માસમાં શિવ મહિમા-૫**

# શિવપુરાણના શ્રવણ પઠનનો મહિમા



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**શિવપુરાણમાં કુલ એક લાખ શ્લોકો હતા .તેને ટૂંકાવીને વેદવ્યાસજીએ તેને ચોવીસ હજાર શ્લોકોમાં અને સાત સંહિતામાં નિરૂપી છે. સદા શિવ ભોળાનાથ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સહ અસ્તુ.**



Image: freepik

શ્રાવણ માસ સડસડાટ પસાર થઈ રહયો છે. શ્રાવણ માસમાં શિવ મહીમા અંતર્ગત આપણે ચાર વાતો જાણી તમારી હુંફ પ્રોત્સાહન થકી લેખન કરી પીરસવાની બહુ મજા આવે છે આવા સહકારની આશા સાથે આપણે પાંચમા મણકામાં શિવપુરાણના શ્રવણ પઠનનો મહિમા જોઈએ તો પ્રયાગતીર્થમાં ઋષિમુનિઓ શિવમહાપુરાણ સાંભળવા ભેગા થયેલા તેમાં વક્તા તરીકે વ્યાસજીના શિષ્ય સૂત વ્યાસપીઠ ઉપર બેઠા હતા. તે સમયે મુનીઓમાં શ્રેષ્ઠ અને બુધ્ધિમાના શૌનક મુનિ સુતજીને ઉદેશીને બોલ્યા હે મહાજ્ઞાની સૂત!તમે અમને પુરણોની કથા સંભળાવો.જ્ઞાન વૈરાગ્યથી યુક્ત સદભક્તિથી વૈરાગ્ય શી રીતે વધે?તથા જે કલ્યાણકારી અને પાવનકારી ઉપાય દ્વારા આત્મા તાત્કાલિક - પવિત્ર બની શિવને પામી શકે તે બતાવો.સુતજી બોલ્યા- શિવમહાપુરાણની કથા ભક્તિ વધારનાર,સંતોષ આપનાર સાયનરુપ છે આ કથા શિવજીએ પોતે જ કહેલ છે,જે કાળરૂપીસર્પ ના મોટા ત્રાસનો નાશ કરનાર છે . શિવમહાપુરાણ સનતકુમાર મુનિએ વ્યાસજીને કહેલું પછી વ્યાસજીએ તે શિવમહાપુરાણ કળિયુગમાં જન્મેલ મનુષ્યોના હિત અર્થે ટૂંકમાં કહેલું છે,જે મનુષ્યના મનને પવિત્ર કરવા માટેનું ઉત્તમ સાધન છે શિવમહાપુરાણના પાઠથી કે શ્રવણથી મનુષ્ય શિવપદને પામે છે તે ઈચ્છિત ફળ આપનારું અને પાપનો નાશ કરનારું છે . તે ધર્મ અર્થ કામ મોક્ષની પ્રાપ્તિ કરાવે છે તે રાજસુય યજ્ઞને અગ્નિષ્ટોમ યજ્ઞ નું ફળ પામે છે.કલ્યાણરૂપ મોક્ષ ધર્મ પામે છે, તેની દૂરગતી થતી નથી. અનેક પ્રકારના દાન અને પુણ્ય પ્રાપ્ત કરે છે.ત્રણે તપોને સમાવે છે,આમ, શિવમહાપુરણ ના શ્રવણ-પઠનથી મનુષ્ય અનેક પ્રકારના લાભ મેળવી શકે છે શિવમહાપુરાણ સર્વ પાપનો વિનાશ કરનાર અને ઉત્તમગતિ આપનાર છે. વળી તે વેદાંત અને સર્વ પુરાણનો સારપણ દર્શાવે છે. આ જગતમાં શિવ પુરાણનો ઉદય થાય નહીં ત્યાં જ સુધી આ કળિ યુગમાં થતા રહેશે જેઓ શિવ પુરાણનો ઉદય થશે કે મંત્ર-તંત્રના ભેદ, દેવ દાનવની મુઝવણો અને મતભેદો આ બધા વિવાદોનું સમન થશે. શિવપુરાણના પઠન,મનન અને ચિંતનથી અતિ દુર્લભ ફળની પ્રાપ્તિ થાય છે.જેઆ પુરાણનો એક પણ શ્લોક સંભળે કે ભક્તિ પૂર્વક પઠન કરેતે જીવન મુક્ત બને છે જે પાઠક તેનું પુજન કરે છે. તેમણે અશ્વમેધયજ્ઞનું ફળ મળે છે જે ભાવ. મુખેથી શિવ પુરાણનું પઠન સાભળે છે, તેના પાપો નાશ પામે છે. જે ભાવક શિવપુરાણને વંદન કરે, તેના પ્રત્યે તમામ દેવોની કૃપા વરસે છે.ચૌદસના મંગળ દિવસે ઉપવાસ સાથે શિવપુરાણ પાઠ કરવાથી પુરણનું પુણ્ય મળે છે ઉપરાંત તે મુક્તિપદને પામે છે જે આ પુરાણની રુદ્રસહિતાનો ભાવ પૂર્ણ રીતે પાઠ કરે, તેનું બ્રહ્મહત્યા જેવુ પાપ પણ નાશ વંત બની જાય છે. ભૈરવની સામે શાંતચિત્તે ગંભીર મૌન સાથે રુદ્ર સહિતાનો દિવસમાં ત્રણ વાર પાઠ કરવાથી મનોકામનાઓ પૂર્ણ થાય છે.કૈલાશસંહિતા ૐકારના સ્વરૂપ ને નિરૂપણ કરનારી હોઈ સાક્ષાત બ્રહ્મસ્વરૂપ પણ તે છે . પ્રભુ શિવે ઉપનિષદરૂપી સમુદ્રનું ભીષણ મંથન કરીને સંહિતા ઉત્પન્ન કરી હતી તેનું પણ કરીને માનવ અમર ત્વ પામે છે . શિવપુરાણમાં કુલ એક લાખ શ્લોકો હતા .તેને ટૂંકાવીને વેદવ્યાસજીએ તેને ચોવીસ હજાર શ્લોકોમાં અને સાત સંહિતામાં નિરૂપી છે. સદા શિવ ભોળાનાથ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સહ અસ્તુ. જે ભાવક શિવપુરાણને વંદન કરે, તેના પ્રત્યે તમામ દેવોની કૃપા વરસે છે.ચૌદસના મંગળ દિવસે ઉપવાસ સાથે શિવ પુરાણ પાઠ કરવાથી પુરણનું પુણ્ય મળે છે ઉપરાંત તે મુક્તિપદને પામે છે જે આ પુરાણની રુદ્રસહિતાનો ભાવ પૂર્ણ રીતે પાઠ કરે, તેનું બ્રહ્મહત્યા જેવુ પાપ પણ નાશ વંત બની જાય છે. ભૈરવની સામે શાંતચિત્તે ગંભીર મૌન સાથે રુદ્ર સહિતાનો દિવસમાં ત્રણ વાર પાઠ કરવાથી મનોકામનાઓ પૂર્ણ થાય છે.કૈલાશસંહિતા ૐકારના સ્વરૂપ ને નિરૂપણ કરનારી હોઈ સાક્ષાત બ્રહ્મસ્વરૂપ પણ તે છે . પ્રભુ શિવે ઉપનિષદરૂપી સમુદ્રનું ભીષણ મંથન કરીને સંહિતા ઉત્પન્ન કરી હતી તેનું પણ કરીને માનવ અમર ત્વ પામે છે . શિવપુરાણમાં કુલ એક લાખ શ્લોકો હતા .તેને ટૂંકાવીને વેદવ્યાસજીએ તેને ચોવીસ હજાર શ્લોકોમાં અને સાત સંહિતામાં નિરૂપી છે. સદા શિવ ભોળાનાથ સૌનું કલ્યાણ કરે તેવી પ્રાર્થના સહ અસ્તુ.

# યુઝર્સે કહ્યું- તમારાથી આવી આશા નહોતી

# ૧૦ વર્ષ નાની અભિનેત્રીની તસવીર પર હની સિંહની 'અશ્લીલ' કોમેન્ટ



રેપર-ગાયક યો યો હની સિંહ ફરી એકવાર ચર્ચામાં છે. તેણે સીરતની પોસ્ટ પર કાંઈક એવી કોમેન્ટ કરી કે, બધા આશ્ચર્યચકિત થઈ ગયા.ગાયકે અભિનેત્રી સીરત કપૂરના લેટેસ્ટ ફોટો પર મજાકમાં એવી અશ્લીલ કોમેન્ટ કરી કે, જેમા તેઓ ટ્રોલ થવાથી બચી ન શક્યા.તેલુગુ ફિલ્મ 'રન રાજા રન' થી એક્ટિંગમાં ડેબ્યૂ કરનારી સીરત કપૂરે તાજેતરમાં તેના ગ્લેમરસ ફોટા પોસ્ટ કર્યા હતા, જેનાથી હની સિંહ સહિત તેના ચાહકો પણ ફિદા થઈ ગયા છે. તસવીરમાં સીરત સિલ્વર સિક્વિન સ્ટ્રેપલેસ ટોપ અને મેચિંગ ફીટેડ લોંગ સ્કર્ટમાં જોવા મળી રહી હતી. કેપ્શનમાં તેણે લખ્યું, જ્યાં હૃદય મહેસૂસ કરે ત્યાં ઘર છે.પરંતુ હની સિંહના નિવેદને ચાહકોનું સૌથી વધુ ધ્યાન ખેંચ્યું છે. ગાયકે ટિપ્પણી કરી, '( મા') અને સાથે રેડ હાર્ટ ઈમોજી પણ ઉમેર્યો હતા. યુઝર્સને હની સિંહના આ નિવેદન યોગ્ય ન લાગ્યું અને લખ્યું કે, હની પાજી, તમારી પાસેથી આવી અપેક્ષા નહોતી. આ કેવા પ્રકારની કોમેન્ટ છે? ઉલ્લેખનીય છે કે, સીરત ૩૨ વર્ષની છે, તેણે 'ટાઈગર', 'કોલંબસ', 'રાજુ ગરી ગાડી ૨', 'કૃષ્ણા એન્ડ હિઝ લીલા', 'મા વિંથા ગધા વિનુમા', 'ભામકાલપમ ૨' અને 'મનમે' જેવી ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે. પરંતુ અહીં નોંધવા જેવી વાત એ છે કે, અભિનેત્રી હની સિંહ કરતાં ૧૦ વર્ષ નાની છે.

# અભિનેત્રી તૃપ્તિ ડિમરીને વિકી કૌશલમાંથી પ્રેરણા મળે છે

## તૃપ્તિ આગામી ફિલ્મ 'ધડક ૨' પછી તે શાહિદ કપૂર સાથે વિશાલ ભારદ્વાજની 'રોમિયો'માં જોવા મળશે



તૃપ્તિ ડિમરીની કેરિઅરમાં 'એનિમલ' પછી જાણે ભરતી આવી ગઈ છે, હાલ પણ તે સંદીર રેડ્ડી વાંગાની પ્રભાસ સાથેની 'સ્પિરિટ' સહિતની ફિલ્મ કરી રહી છે. હાલ તેની 'ધડક ૨'ના પ્રમોશન ચાલી રહ્યા છે, જેમાં તેની સાથે સિદ્ધાંત ચતુર્વેદી લીડ રોલમાં છે. ત્યારે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેણે જણાવ્યું કે તાજેતરમાં 'બૅડ ન્યુઝ'માં વિકી કૌશલ સાથે કામ કર્યું હતું, તેમાં ઍમિ વિર્ક પણ હતો. વિકીએ તાજેતરમાં ઈન્ડસ્ટ્રીમાં ૧૦ વર્ષ પૂરાં કર્યા છે. ત્યારે વિકી સાથે કામ કરવાના અનુભવ વિશે તૃપ્તિએ કહ્યું, ''એ બહુ જ વધારે સ્વીટ અને ટેલેન્ટેડ વ્યક્તિ છે અને બહુ જ વિનમ્ર છે.'' તૃપ્તિને વિકીની જે વાત સૌથી વધુ ગમે તે અંગે તેણે કહ્યું, ''મને લાગે છે કે એનામાં બહુ જ ધીરજ છે. મને લાગે છે, મારે તેની પાસેથી ધીરજ શીખવા જાવી છે.''વિકીના સ્વભાવની કઈ બાબત તેને અન્ય કલાકારોથી અલગ બનાવે છે, તે અંગે વિકી જે મહેનત અને એકાગ્રતા સાથે કામ કરે છે તેને યાદ કરતાં તૃપ્તિએ કહ્યું, ''એ એક પણ શબ્દ બોલ્યા વિના ૨૪ કલાક કામ કરી શકે છે. એ ખરેખર બહુ જ સારો છે.'' આગળ તૃપ્તિએ એવું પણ કહ્યું કે, ''અને મને લાગે છે, મેં એને એક દિવસ પૂછ્યું પણ હતું કે, તું કોઈ ફરિયાદ વિના આ રીતે કામ કઈ રીતે કરી શકે છે?'' ત્યારે વિકીએ જે જવાબ આપ્યો હતો, તેનાથી તૃપ્તિને આશ્ચર્ય થઈ ગયું હતું. એણે કહેલું, ''મારે જીવનમાં હંમેશા આ જ જોઈતું હતું.'' તૃપ્તિએ કહ્યું, ''એના આ જવાબથી મને ઘણી બાબતોનો જવાબ મળી ગયો હતો. એ ધીરજ, મને લાગે છે, મારે એ શીખવાની જરૂર છે.'' જો તૃપ્તિની આગામી ફિલ્મની વાત કરવામાં આવે તો 'ધડક ૨' પછી તૃપ્તિ શાહિદ કપૂર સાથે વિશાલ ભારદ્વાજની 'રોમિયો'માં જોવા મળશે, તેમાં નાના પાટેકર, રણદીપ હૂડા અને દિઆ મિર્ઝા પણ હશે. તે ઉપરાંત તેમાં દિશા પટ્ટણીનું સ્પેશિયલ સૉંગ પણ છે. આ ફિલ્મ પછી તે રણબીર કપૂરન સાથે વાંગાની વધુ એક ફિલ્મ 'એનિમલ પાર્ક'માં પણ જોવા મળશે.

## ૨૪ ઓટીટી પ્લેટફોર્મસ પર અશ્લીલ સામગ્રી પ્રસારિત કરવામાં એલટીટી પણ સામેલ હતી

# એકતા કપૂરે એએલટીટી સાથે સંકળાયેલી ન હોવાની સ્પષ્ટતા કરી

૨૬ જુલાઈના રોજ બાલાજી ટેલિફિલ્મસે સ્પષ્ટીકરણ કહ્યું હતું કે,એકતા કપૂર અને શોભા કપૂરનો એએલટીટી સાથે કોઇ સંબંધ નથી. કંપનીએ જણાવ્યું હતું કે ૨૦૨૧ જૂનના રોજ બન્ને જણાએ પોતાના પદ પરથી રાજીનામા આપી દીધા હતા. તેમને એલટીટી સાથે કોઇ સંબંધ નથી. વાત એમ છે કે, અશ્લીલ સામગ્રી પ્રસારિત કરવાના આરોપમાં ૪ ઓટીટી પ્લેટફોર્મસ પર ભારત સરકારે કાર્યવાહી કરી હતી . જેમાં એએલટીટી ઓલ્ટ બાલાજીના નામે જાણીતું હતું. વ્યાપક અટકળો અને મીડિયા કવરેજ પછી બાલાજી ટેલીફિલ્મસે એક સ્પષ્ટીકરણ કર્યું છે. જેમાં જણાવામાં આવ્યું છે કે, એકતા કપૂર અને તેની માતા શોભા કપૂરે



તેમને આ પ્લેટફોર્મથી દૂર કરી દીધા છે. એકતાની કંપની તરફતી આ સ્પષ્ટીકરણ એટલે કરવામાં આવ્યું હતું કે, એએલટીટી નિષ્કિય કરવામાં આવ્યું પછી પણ એકતા અને શોભા કપૂર કંપની સાથે જોડાયેલા છે. તેથી કંપનીએ જણાવ્યું હતું કે, બન્ને જણાઓ ૨૦૨૧થી જ આ કંપનીથી છુટા પડી ગયા છે અને તેનો હિસ્સો નથી. કંપનીએ પોતાના નિવેદનમાં એ પણ જણાવ્યું છે કે, મીડિયાએ હવે પછી આ બાબતે પોતાની જવાહતારી તથા તથાત્મક રિપોર્ટ કરવો જરૂરી છે.

# બીજી સિઝન ખૂબ જ મર્યાદિત એપિસોડવાળી હશે : એકતા



## સીઝન ૨માં ફરી એક વાર સ્મૃતિ ઈરાની તુલસીની ભૂમિકામાં અને અમર ઉપાધ્યાય મિહિરના રોલમાં જોવા મળશે

ફિલ્મ અને ટીવી-શો નિર્માતા એકતા કપૂર હાલમાં તેના 'ક્યોંકિ... સાસ ભી કભી બહુ થી' શોની પચીસમી વર્ષગાંઠને લઈને ચર્ચામાં છે, કારણ કે તે આ લોકપ્રિય શોની બીજી સીઝન લઈને આવી રહી છે.સીઝન ૨માં ફરી એક વાર સ્મૃતિ ઈરાની તુલસીની ભૂમિકામાં અને અમર ઉપાધ્યાય મિહિરના રોલમાં જોવા મળશે.હવે શોની પ્રોડ્યુસર એકતાએ સોશ્યલ મીડિયા પર એક લાંબી પોસ્ટ કરીને આ શોની બીજી સીઝન લાવવાનાં કારણોની ચર્ચા કરી છે. એકતાએ સોરયલ મીડિયા પર લખ્યું છે, 'જ્યારે 'ક્યોંકિ... સાસ ભી કભી બહુ થી'નાં ૨૫ વર્ષ પૂર્ણ થવા આવ્યાં અને એને ફરી પાછી ટીવી પર લોન્ચ કરવાની વાતો શરૂ થઈ.ત્યારે મારો ૮ પહેલો જવાબ હતો ના, બિલકુલ નહીં; હું શા માટે એ જૂની યાદોને ફરીથી તાજી કરવાનો વિકલ્પ પસંદ કરું? જે લોકો જૂની યાદોમાં ખોવાયેલા રહે છે તેઓ સમજે છે અને તેઓ જાણે છે કે જૂની યાદોને ક્યારેય ભૂલી શકાતી નથી.''ક્યોંકિ... સાસ ભી કભી બહૂ થી'ની પહેલી સીઝનનો છેલ્લો એપિસોડ ૨૦૦૮ની ૬ નવેમ્બરે પ્રસારિત થયો હતો. આ છેલ્લા એપિસોડમાં અંબા વીરાણી એટલે કે બાની વસિયત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. શોમાં બાનું નિધન થઈ જાય છે અને ત્યાર બાદ વાર્તામાં ટ્વિસ્ટ આવે છે.ખરેખર બાની વસિયંત પર કોનો અધિકાર હેશે એના પર સસ્પેન્સ બતાવવામાં આવે છે. એ દરમ્યાન તુલસીને એક ધમકીભર્યો પત્ર મળે છે જેમાં લખેલું હોય છે કે જો સંપૂર્ણ સંપત્તિ તુલસીના પૌત્ર માર્ચના નામે કરવામાં નહીં આવે તો પાર્યને મારી નાખવામાં આવશે.શોમાં પાર્થને કરણ અને નંદિનીના પુત્ર તરીકે બતાવવામાં આવ્યો છે, જે નાનપણમાં ખોવાઈ ગયો હતો. તુલસી એ પત્ર જોઈને હેરાન થઈ જાય છે અને પોતાના પૌત્રને શોધવા નીકળી પડે છે.એ દરમ્યાન તુલસૌની મિત્ર પાર્વતી અગ્રવાલ તેને જણાવે છે કે તેણે જ પાર્થ નામના બાળકનો ઉછેર્યો છે અને પત્ર પણ તેણે જ મોકલ્યો હતો. તુલસી આ ખુલાસા બાદ આશ્ચર્યચકિત થઈ જાય છે. અને આની સાથે જ એપિસોડને સમાપ્ત કરી દેવામાં આવે છે.

# સુહાગન બનેલી ધનશ્રીએ ઈન્ટરનેટ પર આગ લગાવી દીધી

## વીડિયોમાં ધનશ્રી વર્માએ લાલ સાડી પહેરી છે, ગળામાં લીલા મોતીવાળા જ્વેલરી સેટની સાથે મંગળસૂત્ર પણ પહેર્યું છે

ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માની જોડીથી મોટાભાગના લોકો પરિચિત છે. ૨૦૨૦માં બંને લગ્ન ગ્રંથીમાં જોડાયા હતા. પરંતુ પાંચ વર્ષ બાદ બંનેએ છૂટાછેડા પણ લઈ લીધા હતા. તાજેતરમાં ધનશ્રી વર્માના લાલ સાડી, ગળામાં મંગલસૂત્ર અને સેંથામાં સિંદૂર સાથેનો વીડિયો વાયરલ થયો છે. શું ફરી ધનશ્રી વર્માએ લગ્ન કરી લીધા? એવા પ્રશ્નો ઊભા થયા છે.ધનશ્રી વર્માએ પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર કેટલાક ફોટોસ અને એક વીડિયો શેર કર્યો છે. તેનો વીડિયો ખાસ કરીને ચર્ચાનું કારણ બન્યો છે. આ વીડિયોમાં ધનશ્રી વર્માએ લાલ સાડી પહેરી છે. ગળામાં લીલા મોતીવાળા જ્વેલરી સેટની સાથે મંગળસૂત્ર પણ પહેર્યું છે. સાથોસાથ તેણે કાનમાં મેચિંગ ઈઅરિંગ્સ પણ પહેર્યા છે. આ સિવાય



સેંથામાં સિંદૂર પણ પૂર્યું છે. એક દુલ્હન જેવો લૂક ધનશ્રી વર્માની સુંદરતામાં વધારો કરી રહ્યો છે. પરંતુ તેના કેટલાક ફેન્સ અને યુઝર્સના મનમાં અનેક પ્રશ્નો પણ પેદા થયા છે.એક યુઝર્સે કોમેન્ટ બોક્સમાં લખ્યું કે, 'બીજા લગ્નની તૈયારી'. બીજા યુઝર્સે લખ્યું કે, 'સિંદૂર કોના નામનું લગાવ્યું છે?' અન્ય એક યુઝર્સે લખ્યું કે, 'ભાઈ મને એક વાત સમજાતી નથી, જો તેના છૂટાછેડા થઈ ગયા છે. તો સેંથામાં સિંદૂર શું ફોટો પડાવવા માટે પૂર્યું છે?'લાલ સાડી સિવાય ધનશ્રી વર્માએ બ્રાઉનિશન ગોલ્ડન શેડવાળી ટિશ્યુ સિલ્ક સાડી પહેરેલા ફોટો પણ શેર કર્યા છે. આ સાડીના પાલવ પર જુદાજુદા રંગના સેક્વિન સિતારાથી ફ્લોરલ પેટર્ન કરવામાં આવી છે અને બોર્ડરની પણ સિતારા અને સ્ટોનથી સજાવટ કરવામાં આવી છે. આ સાથે તેણે પર્પલ કલરનો બ્લાઉઝ પહેર્યો છે. તેની ડીપ નેકલાઈનને સ્ટોન લગાવીને હાઈલાઈટ કરવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, ધનશ્રી વર્માએ આ ફોટોશૂટ કોઈ વિન્ટેજ કારના મ્યુઝિયમમાં કરાવ્યું હોય એવું લાગી રહ્યું છે. તેના ફોટોના બેકગ્રાઉન્ડમાં વિન્ટેજ કાર દેખાઈ રહી છે.

## ફિલ્મની સ્ક્રિપ્ટ પરનું કામ પુરુ થઇ ગયું હોવાનું જણાવ્યું

# અનુપમ ખેરે ખોંસલા કા ઘોસલાની સીકવલની ઘોષણા કરી

અનુપમ ખેરની ખોસલા કા ઘોસલા નામની ફિલ્મ ૨૦ પહેલા બનાવી હતી જે બોક્સ ઓફિસ પર હિટ ગઇ હતી. આ ફિલ્મ ફક્ત ૩.૭૫ કરોડ રૂપિયામાં બની હતી અને ૬.૬૭ કરોડની આસપાસ કલેકશન કર્યુ હતું. હવે આ ફિલ્મની સીકવલની તૈયારી થઇ રહી હોવાનું અભિનેતાએ જણાવ્યું છે, જોકે તેણે ફિલ્મની વાર્તા તેમજ સ્ટારકાસ્ટ વિશે કોઇ માહિતી આપી નથી. મૂળ ફિલ્મમાં અનુપમ ખેર અને બોમન ઈરાની લીડ રોલમાં હતા.અન્ય એક રિપોર્ટના અનુસાર હુમા કુરેશીને આ ફિલ્મ માટે ફાઈનલ કરી લેવામાં આવી છે. તે આ ફિલ્મમાં મુખ્ય રોલમાં જોવા મળશે. તેણે ફિલ્મની સ્ક્રિપ્ટ વાંચી લીધી છે અને ફિલ્મનો હિસ્સો બનવા તૈયાર છે. એક રિપોર્ટના અનુસાર, આ ફિલ્મ પર હાલ કાસ્ટિંગનું કામ ચાલી રહ્યું છે. ફિલ્મનું શૂટિંગ નવેમ્બર ૨૦૨૫ના રોજ શરૂ કરવાની યોજના છે. તેમજ ફિલ્મને ૨૦૨૬મા રિલીઝ કરવામાં આવશે. ૨૦૨૬માં મૂળ ફિલ્મની રિલીઝને ૨૦ વરસ પુરા થશે. ખોસલા કા ઘોસલા અનુપમ ખેરની કારકિર્દીની ટોપની ફિલ્મોમાંની એક માનવામાં આવે છે. તેમજ ફિલ્મને ૨૦૨૬માં રિલીઝ કરવામાં આવશે. ૨૦૨૬માં મૂળ ફિલ્મની રિલીઝને ૨૦ વરસ પુરા થશે. ખોસલા કા ઘોસલા અનુપમ ખેરની કારકિર્દીની ટોપની ફિલ્મોમાંની એક માનવામાં આવે છે.

## શનિવારે ફિલ્મે રૂ. ૨૬ કરોડનું કલેક્શન કર્યુ

# પબ્લિસિટી મામલે ટ્રોલ થઈ હોવા છતાં સૈયારાએ છાપી માર્યા ૨૦૦ કરોડ

મોહીત સૂરીના ડિરેક્શનમાં બનેલી ફિલ્મ સૈયારા એક તરફ કમાણીના રેકોર્ડ તોડી રહી છે તો બીજી બાજુ અમુક બાબતોને લીધે ટ્રોલ પણ થઈ રહી છે. સૌયારા ફિલ્મે માત્ર ૯ દિવસમાં રૂ. ૨૦૦ કરોડના કલેક્શનનો આંકડો પાર કરી દીધો છે. ૧૮મી જુલાઈએ રિલિઝ થયેલી ફિલ્મને ઑપનિંગ કલેક્શન સારું મળ્યું હતું અને પહેલા વિકએન્ડમાં જ ૧૦૦ કરોડ પાસે પહોંચી ગઈ હતી. બીજા અઠવાડિયે પણ ફિલ્મનો જાદુ એવો જ રહ્યો અને શનિવારે ફિલ્મે રૂ. ૨૬ કરોડનું કલેક્શન કર્યુ. આ સાથે ફિલ્મનું કુલ કલેક્શન રૂ. ૨૧૭ કરોડ થઈ ગયું છે. સૈયારા ૨૦૨૫માં રિલિઝ થયેલી બીજી ફિલ્મ છે જેણે ૨૦૦ કરોડનો આંકડો પાર કર્યો છે. અગાઉ વિકી કૌશલની છાવા આટલી કમાણી કરી શકી હતી. સૈયારાનો તરખાટ જોઈ પરમસુંદરી અને સરદાર-૨ની રિલિઝ પાછી ઠેલાઈ છે.ફિલ્મનું સૌથી મોટું આકર્ષણ બન્ને નિવોદીત કલાકાર અહાન પાંડે અને અનીત પડ્ડા છે. બન્નએ યુવાનોમાં જબરું આકર્ષણ જણાવ્યું છે. આ સાથે ફિલ્મનું સંગીત ખૂબ જ પોપ્યુલર થયું છે. ઘણા લાંબા સમયથી લવસ્ટોરી થિયેટરોમાં જોવા ન મળી હોવાથી યુવાનોને આ ફિલ્મ ઘણી ગમી છે.જોકે ફિલ્મ તેના માર્કેટિંગ સ્ટંટને લીધે ટ્રોલ પણ થઈ છે. થિયેટરોમાં યુવકો રડતા ને બેભાન થતાં જોવા મળ્યા છે. જેને પબ્લિસિટી માટે બનાવવામાં આવ્યા હોવાનું કહેવાય છે. જોકે કારણ




જે હોય તે પણ ફિલ્મે નિર્માતાઓના ખિસ્સા ભરી દીધા છે, તે વાત નક્કી છે. જોકે કારણ જે હોય તે પણ ફિલ્મે નિર્માતાઓના ખિસ્સા ભરી દીધા છે, તે વાત નક્કી છે.

# અક્ષય કુમારે હેરાફેરી ૩નો વિવાદ એ પબ્લિસિટી સ્ટંટ ન હોવાની સ્પષ્ટતા કરી

## અક્ષય, સુનીલ શેટ્ટી અને પરેશ રાવળ વગર હેરાફેરી ૩ શક્ય ન હોવાની તેમણે દ્રઢ રીતે માનું લીધું હતું

અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી અને પરેશ રાવલની ત્રિપુટીની હેરાફેરી ૩ની ઘોષણા થયા પછી આ ફિલ્મ વિવાદમાં સપડાઈ હતી.પરેશ રાવલે પોતે આ ફિલ્મનો હિસ્સો ન હોવાની સ્પષ્ટતા કરી હતી.જોકે પછીથી તેણે પોતે આ ફિલ્મમાં કામ કરશે તે પણ સ્પષ્ટતા કરી હતી. લોકો પરેશ રાવલ આ ફિલ્મનો હિસ્સો ન હોવાનો અને પછીથી હોવા બાબત સઘળી ઘટનાક્રમને એક પબ્લિસિટી સ્ટંટમાં ખપાવ્યો હતો. જેની અક્ષય કુમારે સ્પષ્ટતા કરી હતી કે, આ કોઈ પબ્લિસિટી સ્ટંટ ન હતો, ખરેખર આ ફિલ્મ કાનૂની ઝપટમાં આવી હતી અને હવે સમસ્યા દૂર થઈ ગઈ છે. પરેશ રાવલ આ ફિલ્મનો હિસ્સો બની ગયો છે અને ફિલ્મ ટ્રેક પર ચડી ગઈ છે. હવે આ ફિલ્મને કોઈ સમસ્યા નથી. હું માનુંછે કે, ફિલ્મની ઘોષણા પછી થોડા ઉતાર-ચઢાવ આવ્યા હતા પરંતુ હવે બધું પાર પડીગયું છે અને અમે બધા જ સાથે છીએ. અમે સત્તાવાર રીતે જ હેરાફેરી ૩ને લઈને એક ઘોષણા કરવાના છીએ. મે મહિનામાં પરેશ રાવલે ઘોષણા કરી હતી કે, તે હેરાફેરી ૩ની ફ્રેન્ચાઈજીનો હિસ્સો નથી. પરેશ રાવળની આ સ્પષ્ટતા પછી



હેરાફેરી ફિલ્મના પ્રશંસકો અપસેટ થઈ ગયા હતા. અક્ષય, સુનીલ શેટ્ટી અને પરેશ રાવળ વગર હેરાફેરી ૩ શક્ય ન હોવાની તેમણે દ્રઢ રીતે માનું લીધું હતું. હેરાફેરી ૩નું દિગ્દર્શન પણ પ્રિયદર્શન કરવાનો છે, જેણે મૂળ હેરાફેરીનું દિગ્દર્શન કર્યુ હતું. હેરાફેરી ૩ માટે હજી સુધી કોઈ અભિનેત્રીને લઈને અપડેટ આવ્યા નથી.

# ઝાલોદ અગ્રવાલ સમાજ દ્વારા શ્રાવણ માસ નિમિતે ત્રિપુરા સુંદરી ખાતે સ્નેહ ગોષ્ઠી મિલન પ્રોગ્રામ યોજવામાં આવ્યો

## સમાજના ૨૦૦ ઉપરાંત લોકો હાજર રહેતા સામાજિક એકતા જોવા મળી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

ઝાલોદ અગ્રવાલ સમાજ દ્વારા દર વર્ષે શ્રાવણ માસ દરમિયાન સ્નેહ ગોષ્ઠી મિલન યોજવામાં આવે છે. શ્રાવણ મહિનામાં યોજવામાં આવતી આ સ્નેહ ગોષ્ઠી નગરની આસપાસ આવેલ સુંદર સ્થળ જે ઝાલોદ નગર થી ૫૦-૬૦ કિલોમીટરમા આવતા હોય તેવા રમણીય સ્થળ પર યોજવામાં આવતું હોય છે. અગ્રવાલ સમાજ દ્વારા ૨૭-૦૭-૨૦૨૫ રવિવાર હરિયાળી ત્રીજની સ્નેહ ગોષ્ઠી રાજસ્થાનના ત્રિપુરા સુંદરી મુકામે રાખવામાં આવેલ હતું. ત્રિપુરા સુંદરી એ ખૂબ પ્રચલિત માતાજીનું મંદિર છે. ઝાલોદ અગ્રવાલ સમાજના અંદાજીત ૨૦૦ ઉપરાંત લોકો ત્રિપુરા સુંદરી મુકામે



સમાજ દ્વારા રાખેલ સ્નેહ ગોષ્ઠી મિલનમા હાજર રહ્યા હતા. ઉપસ્થિત સહુ લોકોએ અલગ અલગ રમતો રમી આનંદ લીધો હતો. ત્યારબાદ સમાજની સાધારણ સભા પણ યોજવામાં આવી હતી. આ સાધારણ સભામાં સમાજને લગતી અલગ અલગ કામગીરી પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તેમજ સમાજના સંગઠન જાળવી આગળ વધવું એ સમાજની એકતા પ્રદર્શિત કરે છે તેવું સમાજના પદાધિકારીઓ કહ્યું હતું. આવનાર અગ્રસેન જન્મોત્સવની ઉજવણી કેવી રીતે કરવી તે વિશે સવિસ્તાર ચર્ચા કરવામાં આવી હતી. સમાજના નવીન પ્રમુખ પંકજ અગ્રવાલ, ઉપપ્રમુખ મનોજ અગ્રવાલ, મંત્રી દિલીપ અગ્રવાલ, સહમંત્રી કુણાલ અગ્રવાલ,ખજાનચી રિતેશ અગ્રવાલ, મહિલા પ્રમુખ સરિતા અગ્રવાલ તેમજ યુવા પ્રમુખ સાહિલ અગ્રવાલ દ્વારા સમાજનના સંગઠનને વધુ મજબૂત કરી આગળ કેવી રીતે વધવું તેમજ સંગઠનમાં શક્તિ છે તે વિશે વધુ ભાર મૂક્યો હતો. ઝાલોદ નગરમાં આંતરરાષ્ટ્રીય ધાર્મિક વક્તા એવા ગીરી બાપુ ૨૫-૧૨-૨૦૨૫ ના રોજ આવી રહેલ છે તે પ્રોગ્રામને સફળ બનાવવા માટે પણ ચર્ચા કરવામાં આવી હતી.

# છેલ્લા ૨૦ વર્ષના ભાજપના શાસનમાં અમદાવાદ સ્માર્ટ સીટીની બદલે સ્વીમીંગ સીટી બન્યું

। અમદાવાદ, તા.૨૮ ।

અધિકારીઓ વરસાદમાં અદશ્ય AI ટેકનોલોજી તથા IMD ટેકનોલોજી દ્વારા વરસાદી પાણીનો નિકાલ કરવાની વાતો કરતાં તંત્રના સત્તાધારી ભાજપ દ્વારા ઓલમ્પિક, સ્વચ્છતા, સ્માર્ટ સીટી, ની વાતો કરી છેલ્લા ૧૦ વર્ષના શાસનમાં માત્ર ૫૭ કિ.મી સ્ટ્રોમ વોટર લાઈનો નાખી અમદાવાદ શહેરને દર વર્ષે પાણીમાં ડુબાડી તારાજી સર્જતું ખુદ ભાજપ સત્તાધારી ભાજપના સત્તાધીશો છેલ્લા ૧૦ વર્ષમાં વિકાસ ના પોકળ નારા લગાવી પ્રજાને ગુમરાહ કરે છે. સામાન્ય વરસાદમાં પણ વરસાદી પાણી ભરાઈ જવા પામે તેમ છતાં સત્તાધારી ભાજપના શાસકોને ખોટી વાહવાહી કરવામાં કોઈ શરમ નથી હાલ અમદાવાદ શહેરનું કદ ૪૮૦.૮૮ ચો. કિ.મી છે. તેમાં રસ્તાઓની લંબાઈ ૩૨૦૦ કિ.મી.ની છે હાલ અમદાવાદ શહેરમાં ચૌમાસાની સિઝન દરમ્યાન અંદાજે ૪૦ ઈંચ વરસાદ પડે છે તેની સામે વરસાદી પાણીના નિકાલ કરવા સ્ટ્રોમ વોટર લાઈનો કુલ માત્ર ૯૯૫ કિ.મી છે. એટલે કે અંદાજે માત્ર ૨૫ % રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર લાઈનો નાખેલ છે. જેને પરિણામે સામાન્ય વરસાદમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવાની ઘટના બને છે અમદાવાદના નગરજનોના ઘર તથા કોર્મશીયલ એકમો પાણીમાં ગરકાવ થવાને કારણે આપત્તીનો ભોગ બનેલ છે. નગરજનોના ખાસ કરીને ભોયરાંવાળા તથા નિચાણવાળા મકાનો/ દુકાનોમાં પાણી ભરાવવાને કારણે ઘરવખરી, ફર્નિચર, વાહનો તથા માલસામાન પલળી જવાને કારણે કરોડો રૂા. નું નુકશાન થવા પામેલ છે તથા નિચાણવાળા નગરજનો અસરકારક રાહતની કામગીરી તાકીદે નહી થવાને કારણે નિઃસહાય હાલતમાં લાચાર જણાય છે. જે તંત્ર તથા સત્તાધારી પક્ષની નિષ્ક્રિયતા સાબિત કરે છે . તંત્ર તથા સત્તાધારી પક્ષ ઓલમ્પિક-૨૦૩૬, સ્વચ્છતા, સ્માર્ટ સીટી વિ બાબતે માત્ર ફાંકા ફોજદારી કરી રહી હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે હવે નવાઈજનક બાબત એ છે કે, છેલ્લા દસ વર્ષના ભાજપના શાસનમાં સને ૨૦૧૫-૧૬ માં અમદાવાદ શહેરમાં વરસાદી પાણીના નિકાલ કરવા સ્ટ્રોમ વોટર લાઈનો ૯૨૩ કિ.મી ની હતી તે દસ વર્ષ પછી એટલે કે સને ૨૦૨૪-૨૫ માં વરસાદી પાણીના નિકાલ કરવા સ્ટ્રોમ વોટર લાઈનો માત્ર ૯૮૦ કિ.મી છે. જેથી દસ વર્ષમાં માત્ર ૫૭ કિ. મી લાઈનો સત્તાધારી ભાજપ નાખી શક્યું છે. છેલ્લા પાંચ વર્ષના કુલ રૂા.૪૭૨૮૯ કરોડના બજેટમાંથી સ્ટ્રોમ વોટર લાઈનો નાખવા માટે માત્ર ૧૨૪,૨૯ કરોડનો ખર્ચ કરેલ છે. એટલે કે કુલ બજેટના ૧ % નો પણ ખર્ચ કરેલ નથી તેમ છતાં સત્તાધારી ભાજપના ડી-સ્માર્ટ શાસકો વિકાસના પોકળ ગાણાં ગાવા બાબતે કોઈ શરમ સંકોચ જ નથી.

# ઝાલોદ ઠુઠીકંકાસીયાના ૧૩૦ ઉપરાંત અરજદારોના નામ પ્રધાનમંત્રી આવાસ યોજનાના સર્વેમા ન આવતા યાદીમાં સમાવવા માંગ કરાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

ઠૂંઠી કંકાસિયા ઝાલોદ તાલુકાના છાસીયા ગ્રામ પંચાયતમાં આવે છે ત્યાં રહેતા કાયમી રહેવાસીઓને પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ ગ્રામ પંચાયત છાસીયામાં આવેલ કાચા આવાસોનો સર્વે વર્ષ ૨૦૨૫ ના ફેબ્રુઆરીમાં કરવામાં આવેલ હતો. આ સર્વે કરવામાં આવેલ અને તે સર્વે દરમ્યાન સર્વેયર રાજુભાઈ પટેલે અમુક અરજદારોના કાચા આવાસના ફોટા લીધેલ હતા તેમજ આધારકાર્ડ, રેશનકાર્ડ તથા બેંક એકાઉન્ટ નંબર તપાસી અને તેની વિગતો તેમના મોબાઈલમાં દાખલ કરેલ હતી. આ અરજદારોના કાચા આવાસોના ફોટા તેમના મોબાઈલ થી લીધેલ અને કાચા આવાસ સાથે અરજદારોના પણ ફોટા લીધેલ હતા. અરજદારોને પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ મકાન જ્યાં બનાવવું હોય તે સ્થળનો પણ ફોટો લીધેલ અને



આમ બધા અરજદારોની વિગતો સર્વેયર રાજુભાઈ પટેલ લઈ ગયેલ હતા તેમજ તેઓએ અરજદારોને જણાવેલ કે તમારી વિગતો સદર યોજના હેઠળ અરજદાર તરીકે અપડેટ થઈ ગયેલ છે. જે સર્વે પછી હાલ છાસીયા ગ્રામ પંચાયતમાં સદર યોજના માટે આવાસ સહાય ફાળવવા માટે બીજા સર્વે કરવા આવતા સર્વેયર અરજદારોના કાચા આવાસો પર સર્વે કરવા આવેલ નહીં તો અરજદારોએ સર્વેયરને અરજદારો દ્વારા આવાસ બાબત પૂછતાં ઉપરોક્ત અરજદારોના કાચા આવાસોનો બીજો સર્વે કયા કારણ થી નથી કરી રહયા તો સર્વેયર જણાવેલ કે તેમની યાદીમાં અરજદારોના નામ ન હોવાથી અમો અરજદારોના આવાસનો બીજો સર્વે કરવાનો નથી. જેથી અરજદારો દ્વારા તાલુકા પંચાયત અધિકારી ગઢવીને એક લેખિત આવેદનપત્ર આપી અગાઉ સર્વે કરાયેલ મુજબ કાચા મકાન ધરાવતા લોકોને લાભ મળે તેવી લેખિત રજૂઆત કરવા અરજદારો તાલુકા પંચાયત કચેરી એ આવેલ હતા.

# ઝાલોદ સબ ડીસ્ટ્રીક હોસ્પિટલ ખાતે "વર્લ્ડ હિપેટાઇટીસ ડે " ની ઉજવણી કરવામાં આવી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

આજરોજ તારીખ ૨૮-૦૭-૨૦૨૫ ના રોજ "૨૮ જુલાઈ વર્લ્ડ હિપેટાઈટિસ ડે ની ઉજવણી ના ભાગરૂપે "Iª's break it down ની થીમ અંતર્ગત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો ઉદય ટીલાવત તથા ડૉ આર. ડી. પહાડીયા ના માર્ગદર્શન હેઠળ તેમજ ઝાલોદ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ના સુપ્રીન્ટેડન્ટ શ્રીમતી ડૉ પ્રતિમા મહેતાના અધ્યક્ષ સ્થાને ઝાલોદ સબ ડીસ્ટ્રીક હોસ્પિટલ ખાતે "વર્લ્ડ હિપેટાઈટીસ ડે " ની ઉજવણી કરવામાં આવી.



જેમાં હિપેટાઈટીસ B રોગ વિશે માહિતી આપવામાં આવી હતી. હિપેટાઈટિસ કઈ રીતે ફેલાય છે પ્રદુષિત પાણી અને ખોરાક અસુરક્ષિત લગાવવામાં આવેલ સોય સિરીંજ થી તપાસ વિનાનું સંક્રમિત લોહી ચઢાવવાથી માતા થી નવજાત શીશુને અસુરક્ષિત જાતીય સંબંધો રેઝર અને ટૂથબ્રશ અદલાબદલી ઉપરોકત લક્ષણો દ્વારા ફેલાય છે. જેવી બાબતો સાથે વેક્સીન વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ઝાલોદ હોસ્પિટલ ના- લેબોરેટરી સ્ટાફ, નર્સ સ્ટાફ, ટી. આઈ. સ્ટાફ તેમજ HRG હાજર રહ્યાં હતા. આજરોજ આ કાર્યક્રમ માં નર્સિંગ સ્ટાફ ના ઈન્ચાર્જ શ્રીમતી ધર્મિષ્ઠા મેડમ દ્વારા " વર્લ્ડ હિપેટાઈટીસ ડે " ના મહત્વ વિશે માહિતી આપવામાં આવી હતી તેમજ ટી. આઈ. પ્રોજેકટ કાઉન્સેલર દ્વારા HIV/RPR/STI/TB/Hbsag - સ્પાઉસ અને પાર્ટનર ટેસ્ટિંગ વિશે માહિતી આપવામાં આવી હતી તેમજ હિપેટાઈટીસ બી ની સારવાર અને નિદાન માટેની માહિતી આપવામાં આવી હતી. તેમજ આજરોજ આવેલ HRG તેમજ જનરલ કલાયન્ટના HIV/RPR/SHIPHILIS / Hbsag ના ટેસ્ટિંગ લેબ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યા હતા.

# ભારત રેલવેના ઉપકરણોનો મોટો નિકાસકાર બની રહ્યું છે

। (માહિતી) અમદાવાદ, તા.૨૮ ।

શ્રી અશ્વિની વૈષ્ણવ, માનનીય કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી એ આજે મંત્રીએ આજે ગુજરાતના વડોદરમાં સાવલી ખાતે સ્થિત અલ્સ્ટોમ ફેક્ટરીની પણ મુલાકાત લીધી હતી. મંત્રીશ્રીની સાથે વડોદરાના સાંસદ ડૉ. હેમાંગ જોશી, સાવલીના ધારાસભ્ય શ્રી કેતન ઈનામદાર, પશ્ચિમ રેલવે અને સેન્ટ્રલ રેલવેના જનરલ મેનેજર, વડોદરા અને અમદાવાદના ડિવિઝનલ રેલવે મેનેજર અને અન્ય સિનિયર રેલવે અધિકારીઓ હતા.

# ઝાલોદ નગરમાં શ્રાવણના પહેલા સોમવારે શિવાલયો હર હર મહાદેવના નાદ થી ગુંજી ઉઠયા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

આજે શ્રાવણ મહિનાના પહેલા સોમવારે નગરના મહાદેવ મંદિરોએ ભાવિક ભક્તો મોટા પ્રમાણમાં દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. નગરના સોમનાથ મહાદેવ મંદિર, તળાવ કિનારે આવેલ રામેશ્વર મંદિર, ડી.વાય.એસ.પી કચેરી એ આવેલ મહાદેવ મંદિર , વણકતલાઈ હનુમાનજી મંદિર, ગીતા મંદિર, રામદ્વારા મંદિર, તાલુકા પંચાયત સામે આવેલ મહાદેવ મંદિર, મુવાડા રામજી મંદિર તેમજ નગરના દરેક શિવાલયો હર હર મહાદેવના નાદ ગુંજી ઉઠયા હતા. તેમજ ભાવિક ભક્તો ભક્તિમાં મહાદેવની ભક્તિમાં લીન જોવા મળતા હતા.



નગરના ભાવિક ભક્તો બીલીપત્ર , દૂધ, દહીં લઈ નગરના મહાદેવ મંદિરે પૂજા અર્ચના કરવા પહોંચી ગયેલ હતા. શ્રાવણનો મહિનો પવિત્ર માસ હોવાથી ભાવિક ભક્તો આજના દિવસે વ્રત રાખી મહાદેવની આરાધના કરતા હોય છે. શ્રાવણ મહિનામા તેમજ વિશેષમાં સોમવારના દિવસે મહાદેવની ભક્તિ કરવા થી સહુ ભક્તોની મનોકામના પૂર્ણ થાય છે તેવું ભાવિક ભક્તોનું માનવું છે. શ્રાવણ મહિનો ભગવાન ભોળાનાથની આરાધના માટે જાણીતો છે તેમાં પણ વિશેષમાં સોમવારના દિવસે ભગવાન શિવની પૂજા કરવાથી ભોળાનાથના વિશેષ આશીર્વાદ મળતા હોય છે. ભગવાન શિવના દર્શન અને મનોકામનાઓની પૂર્ણતા માટે અહીં આવતા ભક્તોની સંખ્યામાં ખાસ વધારો નોંધાયો હતો. શ્રાવણ માસમાં પરંપરા મુજબ સનાતન સંસ્કૃતિ મુજબ પૂજા અર્ચના કરવામાં આવતી હોય છે. નગરના મંદિરોમાં શ્રદ્ધાથી પૂજા આરાધના શિવજીને ઝડપથી પ્રસન્ન કરવા તેમજ ભક્તોની મોનોકામનાઓ પૂર્ણ થાય તે માટે શિવભક્તિથી કરી મંદિર પરિસર થી વાતાવરણ ગુંજી ઉઠેલ હતો. શ્રાવણના પવિત્ર સોમવારના દિવસને દિવ્ય ભક્તિભાવ સાથે ભાવિક ભક્તો એ ઉજવણી કરેલ હતી.

# "ધર્મ એટલે ટકાઉ અને શાશ્વત સિદ્ધાંતોનું આચરણ કરવું"-રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

। (માહિતી) અમદાવાદ, તા.૨૮ ।

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિમાં આજે પરમ પૂજ્ય દિગંબર જૈનાચાર્ય, ચતુર્થ પટ્ટાધીશ આચાર્ય શ્રી સુનીલ સાગરજી મહામુનિરાજના આધ્યાત્મિક વર્ષાયોગ – ૨૦૨૫ મહોત્સવનો અમદાવાદમાં ભવ્ય આરંભ થયો હતો. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ અવસરે પ્રેરક પ્રવચન કરીને આધ્યાત્મિક મૂલ્યો, સંયમ, અને શાશ્વત સિદ્ધાંતોના મહત્વ પર ભાર મૂક્યો હતો.

રાજ્યપાલશ્રીએ આચાર્ય શ્રી સુનીલ સાગરજી મહામુનિરાજની પ્રશંસા કરતાં જણાવ્યું કે, "માત્ર ૧૯ વર્ષની ઉંમરે આચાર્ય સુનીલ સાગરજીએ અધ્યાત્મનો માર્ગ, ત્યાગ અને તપસ્યાનો માર્ગ સ્વીકારી લીધો હતો. આ એવી ઉંમર હોય છે જ્યારે યુવાનો અનેક રંગીન સપનાઓ અને મહત્વાકાંક્ષાઓ ઘડતા હોય છે, ત્યારે આચાર્યજીએ સદાચાર અને પરોપકારના રાહ પર ચાલવાનું નિશ્ચિત કર્યું. તેમનો આ સંકલ્પ આજની યુવા પેઢી માટે એક અદ્ભુત પ્રેરણાસ્રોત છે." રાજ્યપાલશ્રીએ કહ્યું કે, "એક વિચાર માણસનું જીવન બદલી શકે છે. જ્યારે કોઈ વ્યક્તિ સમ્યક વિચાર સાથે આગળ વધે છે, ત્યારે તે હંમેશા કલ્યાણકારી હોય છે." તેમણે ધર્મ અને સંપ્રદાય વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરતાં કહ્યું કે, "ધર્મ એ ટકાઉ સિદ્ધાંતોને ધારણ કરવા બરાબર છે. હિંદુ, મુસલમાન, ઈસાઈ, જૈન, બૌદ્ધ – આ બધા મજહબ છે, સંપ્રદાય છે. ધર્મનો ખ્યાલ જુદો છે. જે ધારણ કરવામાં આવે તે ધર્મ છે. ટકાઉ વિચાર હંમેશા ધારણ કરવા યોગ્ય હોય છે. જેમ કે સત્ય અને અસત્ય. જો દુનિયા આખી અસત્ય બોલવા લાગે અને આવતીકાલથી નક્કી કરીએ કે બધા જ અસત્ય બોલશે, તો તમે લોકો જે વ્યાપાર સાથે સંકળાયેલા છો તે સમજી જશો કે વ્યવસ્થા કેવી રીતે ચાલશે? કોઈનો કોઈ પર વિશ્વાસ નહીં રહે અને સમાજ પડી ભાંગશે. એવી જ રીતે હિંસા અને અહિંસા બંનેને આ વાત લાગુ પાડી જોઈએ અને કયો વિચાર ટકે છે તે જોઈએ. જો નક્કી કરવામાં આવે કે કાલથી બધા જ હિંસા કરી શકશે, કોઈને પણ અન્યને મારવાની છૂટ છે, તો દુનિયા ટકશે નહીં, જલ્દી નાશ થઈ જશે. આથી અહિંસા જ સત્ય છે. આમ, ધર્મ એ આવા ટકાઉ, શાશ્વત અને સનાતન સિદ્ધાંતોને અપનાવવા બરાબર છે. ટકાઉ સિદ્ધાંતોનું આચરણ કરીએ તે જ ધર્મ છે." રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે બ્રાહ્મી લિપિમાં અને પ્રાકૃત ભાષામાં લખાયેલા મહત્વપૂર્ણ ધાર્મિક પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ પ્રાકૃત ભાષાના ઐતિહાસિક અને સાહિત્યિક મહત્વ પર વિસ્તૃત પ્રકાશ પાડતાં કહ્યું કે, "પ્રાકૃત ભાષા એ માત્ર એક બોલચાલની ભાષા નહોતી, પરંતુ તે પ્રાચીન ભારતના સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક જીવનનો અરીસો હતી. જૈન ધર્મના અનેક મહામૂલ્યવાન ગ્રંથો, જેમ કે આગમ સૂત્રો, આ પ્રાકૃત ભાષામાં જ રચાયેલા છે. આ ભાષા સંસ્કૃત જેટલી જ સમૃદ્ધ અને વ્યાકરણબદ્ધ હતી, પરંતુ તે સામાન્ય જનજીવનની વધુ નજીક હતી, જેના કારણે બુદ્ધ અને મહાવીર જેવા મહાન તત્વજ્ઞાનીઓએ પોતાના ઉપદેશો જનસામાન્ય સુધી પહોંચાડવા માટે પ્રાકૃતનો સહારો લીધો હતો.

# ગુજરાતમાં સાર્વત્રિક મેઘમહેરઃ સૌથી વધુ અમદાવાદના દસક્રોઈ તાલુકામાં ૧૦ ઇંચ જેટલો વરસાદ વરસ્યો

। (માહિતી) સૌરાષ્ટ્ર, તા.૨૮ ।

રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૫૮ ટકાઃ સૌથી વધુ કચ્છ વિસ્તારમાં ૬૪ ટકા અને સૌથી ઓછો સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૫૪ ટકા, ચોમાસા દરમિયાન સમગ્ર રાજ્યમાં સાર્વત્રિક મેઘમહેર જોવા મળી રહી છે. જે અંતર્ગત આજે સવારે ૬:૦૦ થી સાંજે ૬:૦૦ કલાક સુધીમાં રાજ્યમાં સૌથી વધુ અમદાવાદના દસક્રોઈ તાલુકામાં ૧૦ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે, જ્યારે ખેડાના નડિયાદ અને મહેમદાવાદ તાલુકામાં ૮-૮ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના અહેવાલ મુજબ, ખેડાના માતર તાલુકામાં ૭ ઈંચ કરતાં વધુ તેમજ વસો, મહુધા અને કઠલાલ તાલુકામાં ૫ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત આણંદના ઉમરેઠ અને ખેડા તાલુકામાં ૪-૪ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે.

વધુમાં, રાજ્યના ૮ તાલુકામાં ૩ ઈંચ કરતા વધુ વરસાદ, ૧૮ તાલુકામાં ૨ ઈંચથી વધુ, ૩૦ તાલુકામાં એક ઈંચથી વધુ જ્યારે, કુલ ૧૧૨ તાલુકામાં એક ઈંચ કરતા ઓછો વરસાદ નોંધાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આજે તા. ૨૭ જુલાઈ, ૨૦૨૫ના રોજ સવારે ૬:૦૦ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૫૮ ટકા નોંધાયો છે, જેમાં સૌથી વધુ કચ્છ વિસ્તારમાં ૬૪ ટકા અને સૌથી ઓછો સૌરાષ્ટ્ર વિસ્તારમાં ૫૪ ટકા જેટલો નોંધાયો છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય. મહત્વના લોકો સાથે હળો-મળો ત્યારે તમારા આંખ-કાન ખુલ્લા રાખો-કેમ કે એવું કરવાથી તમને મહત્વની કોઈ વાત જાણવા મળી શકે છે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારો શંકાશીલ સ્વભાવ તમને કદાચ પરાજયનો ચહેરો દેખાડી શકે છે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો.

**કર્ક (ડ,હ) :**
આજે બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. ઘરમાં કોઈક વિધી કરાવશો. સહકાર આપવાનો તમારો અભિગમ તથા વિશ્લેષણાત્મક કૌશલ્યની નોંધ લેવાશે. આજે તમે તમારી જાતને સ્પૉટલાઈટ હેઠળ મહેસૂસ કરશો.

**સિંહ (મ,ટ) :**
આજે તમારે તબિયત પર થોડું વધારે ધ્યાન આપવું પડશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે સ્વાસ્થ્યની દષ્ટિએ તમારા માટે સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**તુલા (ર,ત) :**
આજે તમારા શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે સમતોલ આહાર લો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? મહેમાનોની સંગત માણવા માટે અદભુત દિવસ. તમારા સગાં-સંબંધીઓ સાથે કોઈક ખાસ યોજના ઘડો. તેઓ પણ આ બાબતને ચોક્કસ જ બિરદાવશે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. આજે તમને જે ફાજલ સમય મળે તેનો લાભ લો અને તમારા પરિવારના સભ્યો સાથે પ્રેમભર્યો સમય વિતાવો.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. બાળકો તથા તમારાથી ઓછો અનુભવ ધરાવતા લોકો સાથ તમારે ધીરજથી કામ લેવું પડશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.

**મકર (ખ,જ) :**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશે પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. પરિવારના સભ્યો તમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આવતીકાલે તમને કામ પર મોડું થવાનું છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે કશુંક રસપ્રદ વિચારીને માનસિક વ્યાયામ કરો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. તમારા પ્રિયપાત્ર સાથે દલીલો સર્જી શકે એવા વિવાદાસ્પદ મુદ્દાઓને છેડવાનું ટાળવું જોઈએ. આજે તમારા પ્રિયપાત્રની લાગણીઓ સમજજો. તમારા બૉસ અથવા વરિષ્ઠોને તમારા ઘરે આમંત્રવા માટે સારો દિવસ નથી.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારૂં કોઈ એક સૌથી પ્રિય સપનું સાકાર થવાની શક્યતાઓ છે પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

## ચોથી ટી૨૦માં ઓસ્ટ્રેલિયાનો વિન્ડિઝ સામે ૩ વિકેટથી વિજય

। (એજન્સી) બાસેટેર, તા.૨૮ ।

ચોથી ટી-૨૦માં ઓસ્ટ્રેલિયાએ વેસ્ટ ઈન્ડિઝને ત્રણ વિકેટથી હરાવીને પાંચ મેચની શ્રેણીમાં ૪-૦ની લીડ મેળવી લીધી છે. ઓસ્ટ્રેલિયાની સતત ચોથી T20I જીતમાં કેમેરોન ગ્રીન, જોશ ઈંગ્લિસ અને ગ્લેન મેક્સવેલે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. કેમેરોન ગ્રીન અને જોશ ઈંગ્લિસે અડધી સદી ફટકારી હતી, જ્યારે ગ્લેન મેક્સવેલે ૧૮ બોલમાં ઝડપી ૪૭ રન બનાવ્યા હતા. વેસ્ટ ઈન્ડિઝ દ્વારા આપવામાં આવેલા ૨૦૬ રનના લક્ષ્યનો પીછો કરતા ઓસ્ટ્રેલિયાએ ગ્રીન (૫૫ અણનમ) અને ઈંગ્લિસ (૫૧ રન)ની ઈનિંગ્સની મદદથી ૧૯.૨ ઓવરમાં સાત વિકેટે ૨૦૬ રનનો લક્ષ્યાંક હાંસલ કર્યો હતો. વેસ્ટ ઈન્ડિઝ તરફથી જેડિયા બ્લેડ્સે ૨૯ રન આપીને ત્રણ વિકેટ લીધી હતી. આ સાતમી વખત છે જ્યારે વેસ્ટ ઈન્ડિઝ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાં ૨૦૦થી વધુના સ્કોરના ડિફેન્ડ કરી શક્યું નહીં.ઓસ્ટ્રેલિયાએ T20I ક્રિકેટના ઈતિહાસમાં ૭મી વખત ૨૦૦થી વધુ રનના લક્ષ્યનો પીછો કર્યો છે. આ સાથે ઓસ્ટ્રેલિયન ટીમે T20Iમાં ૨૦૦+ રનનો લક્ષ્યાંક સૌથી વધુ વખત એટલે કે ૭ વખત હાંસલ કરવાના વિશ્વ રેકોર્ડની બરાબરી કરી છે. આ પહેલા ભારત એકમાત્ર ટીમ હતી જેણે ૭ વખત T20I માં ૨૦૦+ રનનો લક્ષ્યાંક હાંસલ કરવાની સિદ્ધિ મેળવી છે.ઓસ્ટ્રેલિયાની ટીમે વેસ્ટ ઈન્ડિઝ પ્રવાસ પર અત્યાર સુધી એક પણ મેચ હાર્યું નથી. ટેસ્ટ શ્રેણીમાં ૩-૦થી ક્લીન સ્વીપ કર્યા પછી ઓસ્ટ્રેલિયાએ હવે ૫ મેચની ૨૦ૈં શ્રેણીમાં ૪-૦ થી અજેય લીડ મેળવી લીધી છે. હવે કાંગારૂ ટીમ ટેસ્ટ શ્રેણીની જેમ T20 શ્રેણીમાં પણ વેસ્ટ ઈન્ડિઝને ક્લીન સ્વીપ કરવા માંગે છે.

### આ સિરીઝમાં બંને ટીમે એક વાર ૫૦૦+નો સ્કોર રજૂ કર્યો છે

# એશિઝમાં ઓસી. પિચ પર રમવા તૈયાર રહેજો : સ્મિથની ચેતવણી

### ઇંગ્લેન્ડની સપાટ વિકેટ જોઈને ઓસ્ટ્રેલિયન ક્રિકેટરે આગામી એશિઝ અંગે ચેતવણી આપી

। (એજન્સી) લંડન, તા.૨૮ ।

હાલમાં ભારત સામેની ટેસ્ટ સિરીઝમાં ઘરઆંગણાની સપાટ પિચો પર ઈંગ્લેન્ડના બેટર્સ ધૂમ મચાવી રહ્યા છે પરંતુ ઓસ્ટ્રેલિયાના મહાન ક્રિકેટર સ્ટિવ સ્મિથે અંગ્રેજ ટીમને અત્યારથી જ ચેતવણી આપી દીધી છે કે આ વર્ષના અંતમાં એશિઝ સિરીઝ રમવા ઓસ્ટ્રેલિયા આવો ત્યારે કપરા સમય માટેની તૈયારી રાખજો કેમ કે ઓસ્ટ્રેલિયન મેદાનો પર આ પ્રકારની સપાટ પિચ પર રમવા નહીં મળે.ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે હાલમાં ચાલી રહેલી પાંચ ટેસ્ટની સિરીઝમાં આસાન બેટિંગ અને સરળ પિચો ચર્ચાનો વિષય બની ગયો છે પરંતુ સ્ટિવ સ્મિથનું માનવું છે કે ઈંગ્લેન્ડના બેટર્સે આ પ્રકારની બેટિંગને અનુકૂળ પિચથી ટેવાઈ જવાની જરૂર નથી. આ સિરીઝમાં બંને ટીમે એક વાર ૫૦૦+નો સ્કોર રજૂ કર્યો છે તો માન્ચેસ્ટરમાં રમાતી ટેસ્ટમાં શનિવારે ઈંગ્લેન્ડે ૬૬૯ રનનો તોતિંગ સ્કોર કર્યો હતો. આ ઉપરાંત સિરીઝમાં બંને ટીમ ૪૦૦+નો સ્કોર નોંધાવતી રહે છે.સ્ટિવ સ્મિથે આ અંગે જણાવ્યું હતું કે હાલમાં તેઓ (ઈંગ્લેન્ડના બેટર્સ) જે પિચ પર રમી રહ્યા છે તેની ઉપર તેમને ખાસ પડકાર મળતો નથી કેમ કે પિચો એકદમ સપાટ અને બેટિંગને અનુકૂળ છે. જોકે છેલ્લા કેટલાક વર્ષથી ઓસ્ટ્રેલિયન પિચો વિચિત્ર બની ગઈ છે અને મોખરાના બેટ્સમેન માટે કપરી બનતી જાય છે. આમ અંગ્રેજોને આ વખતે મોટો પડકાર મળવાનો છે. જોકે તેમ છતાં આ વખતની એશિઝ રોમાંચક બની રહેશે તેમાં શંકા નથી.આગામી એશિઝની તૈયારીના ભાગરૂપે સ્ટિવ સ્મિથ હાલમાં ભારત સામેની સિરીઝ દરમિયાન ઈંગ્લેન્ડની ટીમના પ્રદર્શન પર ચાંપતી નજર રાખી રહ્યો છે.

### ડીલ હેઠળ અમેરિકન હથિયારો ખરીદાશે

# યુરોપિયન યુનિયન સામે ૧૫ ટકા ટેરિફ ઝીંકવાનું ટ્રમ્પનું એલાન

### યુરોપિયન યુનિયન અમેરિકામાં $૬૦૦ બિલિયનનું રોકાણ કરશે, જે અમેરિકાના અર્થતંત્રને પણ મજબૂત બનાવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચે એક મોટા અને ઐતિહાસિક વેપાર કરારની જાહેરાત કરવામાં આવી છે. ટ્રમ્પે આ કરારને 'અત્યાર સુધીનો સૌથી મોટો વેપાર કરાર' ગણાવ્યો છે, જે બંને પક્ષો માટે ફાયદાકારક સાબિત થશે.આ પ્રસંગે ટ્રમ્પે કહ્યું કે આ કરાર હેઠળ તમામ દેશોના બજારો ખોલવામાં આવશે અને યુરોપિયન યુનિયન પર તમામ ક્ષેત્રોમાં 15 ટકા ટેરિફ લાદવામાં આવશે. આ સાથે, EU અમેરિકા પાસેથી સૈન્ય સંસાધનની ખરીદીમાં પણ વધારો કરશે. ઉર્જા ક્ષેત્રમાં પણ, યુરોપિયન યુનિયન અમેરિકા પાસેથી લગભગ $૧૫૦ બિલિયનની ઊર્જા ખરીદશે, જે બંને પક્ષોના આર્થિક સહયોગને મજબૂત બનાવશે.આ ઉપરાંત, યુરોપિયન યુનિયન અમેરિકામાં $૬૦૦ બિલિયનનું રોકાણ કરશે, જે અમેરિકાના અર્થતંત્રને પણ મજબૂત બનાવશે. આ સોદા હેઠળ, સ્ટીલ અને એલ્યુમિનિયમ પર પહેલાથી લાગુ હાલની ડ્યુટી સિસ્ટમ ચાલુ રહેશે. ચિપ્સ અથવા સેમિકન્ડક્ટર ક્ષેત્ર અંગે આગામી બે અઠવાડિયામાં કલમ 232 હેઠળ નવી જાહેરાત કરવામાં આવશે, જે આ ઉદ્યોગ માટે એક મોટી પહેલ હશે. જે અમેરિકાના અર્થતંત્રને પણ મજબૂત બનાવશે. આ સોદા હેઠળ, સ્ટીલ અને એલ્યુમિનિયમ પર પહેલાથી લાગુ હાલની ડ્યુટી સિસ્ટમ ચાલુ રહેશે. ચિપ્સ અથવા સેમિકન્ડક્ટર ક્ષેત્ર અંગે આગામી બે અઠવાડિયામાં કલમ 232 હેઠળ નવી જાહેરાત કરવામાં આવશે, જે આ ઉદ્યોગ માટે એક મોટી પહેલ હશે.




નવી દિલ્હીમાં બિહારમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) સામે વિરોધ પ્રદર્શન દરમિયાન ભારતીય યુવા કોંગ્રેસના સભ્યો પોલીસ બેરિકેડ પર ઉભા છે.

## દિગ્ગજ ખેલાડીઓ ટીમમાં નથી અને તેમનું યોગદાન ટીમને યાદ પણ આવી રહ્યું નથી

। નવી દિલ્હી, તા.૨૮ ।

ભારતીય ટીમે શાનદાર પ્રદર્શન કરીને ઈંગ્લેન્ડને માન્ચેસ્ટર ટેસ્ટ મેચ ડ્રો કરાવી હતી. આ દરમિયાન પૂર્વ ભારતીય ક્રિકેટર સંજય માંજરેકરે ફરી એકવાર વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે રોહિત-વિરાટ માટે એવું બોલ્યા કે ફેન્સને પસંદ નહીં આવે. તેમણે કહ્યું કે, રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા દિગ્ગજ ખેલાડીઓ ભારતીય ટેસ્ટ ટીમમાં નથી અને તેમનું યોગદાન ટીમને યાદ પણ આવી રહ્યું નથી. એક ઈન્ટરવ્યૂમાં પૂર્વ ભારતીય ક્રિકેટર સંજય માંજરેકરે જણાવ્યું કે, રોહિત શર્મા છેલ્લી સીરિઝમાં ૧૦ સરેરાશથી બેટિંગ કરી રહ્યા હતા. જ્યારે વિરાટ કોહલી છેલ્લા પાંચ વર્ષમાં ૩૦ની સરેરાશથી રન બનાવી રહ્યા હતા. ભારતીય ટીમમાં આ બંનેની જગ્યા કોઈ લઈ શકે તેમ નથી. પરંતુ તેમનું ટીમમાં ન હોવાથી મોટું નુકસાન પણ થયુ નથી. જો કે, બે સિનિયર ખેલાડીઓની ટીમને ખોટ પડી છે, પરંતુ તેમના યોગદાનનું ટીમને નુકસાન થયુ નથી કારણ કે આ બંને ટીમને વધુ યોગદાન આપી રહ્યા નહોતા. નોંધનીય છે કે, સંજય માંજરેકરનું કહેવું છે કે, રોહિત અને વિરાટનું ભારતીય ટીમમાં મોટું યોગદાન આપ્યું નથી.

## બેંગકોકની માર્કેટમાં અંધાધૂંધ ગોળીબાર : ૬ લોકોના મોત

। (એજન્સી) બેંગકોક, તા.૨૮ ।

થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં એક ભીડવાળી માર્કેટમાં ગોળીબારની ઘટના બની છે. આ ઘટનામાં અંદાજે ઓછામાં ઓછા છ લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે, જેમાં ચાર બજારના સુરક્ષાકર્મીઓ, એક મહિલા અને એક હુમલાખોર પોતે સામેલ છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હુમલાખોરે બજારમાં અંધાધૂંધ ગોળીબાર કર્યો અને પછી પોતાને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી. ૨૮ જુલાઈ, ૨૦૨૫ના રોજ એટલે કે આજે બેંગકોકના ઓર ટો કોર માર્કેટમાં આ હુમલો થયો હતો. સામાન્ય રીતે આ માર્કેટમાં પ્રવાસીઓ અને સ્થાનિક લોકો ઘણી લોકપ્રિય હોવાથી ત્યાં ઘણી ભીડ રહે છે. બેંગકોકની હોસ્પિટલોનું નિરીક્ષણ કરતા ઈરાવાન ઈમરજન્સી મેડિકલ સેન્ટર તરફથી મળતી માહિતી અનુસાર મૃતકોમાં ચાર સુરક્ષા ગાર્ડ, એક મહિલા અને હુમલાખોરનો સમાવેશ થાય છે.

### ઇંગ્લેન્ડના બોલર્સ વિકેટ માટે તરસ્યા

# ગિલ, જાડેજા અને સુંદરની લડાયક સદી, ચોથી ટેસ્ટ ડ્રો

### પાંચમા અને અંતિમ દિવસના અંત સુધીમાં ભારતે ૪ વિકેટ ગુમાવીને ૪૨૫ રન બનાવ્યા હતા

। માન્ચેસ્ટર, તા.૨૮ ।

માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ મેદાન પર ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી ચોથી ટેસ્ટ ડ્રો થઈ હતી. ભારત માટે આ મેચ ઘણી રીતે ઐતિહાસિક હતી. પ્રથમ ઈનિંગમાં ૬૬૯ રન બનાવ્યા બાદ ઈંગ્લેન્ડ પાસે ભારત સામે ૩૧૧ રનની લીડ હતી. જેના જવાબમાં ભારતીય ટીમે પહેલી જ ઓવરમાં બે વિકેટ ગુમાવી હતી. આવી સ્થિતિમાં, ભારત પર ઈનિંગ્સ સાથે હારનું જોખમ હતું, પરંતુ પહેલા કેએલ રાહુલ અને ગિલ વચ્ચે ૧૮૮ રનની ભાગીદારી અને પછી જાડેજા અને સુંદરની નિર્ભય અને આક્રમક ઈનિંગે ઈંગ્લેન્ડને બેકપૂટ પર ધકેલ્યું હતું અને લડાયક સદી ફટકારીને મેચ ડ્રો કરાવી હતી.પાંચમા અને અંતિમ દિવસના અંત સુધીમાં ભારતે ૪ વિકેટ ગુમાવીને ૪૨૫ રન બનાવ્યા હતા. જાડેજા અને સુંદરને આઉટ કરવા માટે ઈંગ્લેન્ડે બોલિંગમાં ઘણા ફેરફાર કર્યા હતા. તેમ છતાં તેઓ વિકેટ માટે તરસી રહ્યા હતા. બીજી તરફ બોલર્સ પણ ઓવર ફેંકીને હાંફી ગયા હતા. આ દરમિયાન બેન સ્ટોક્સે જાડેજા અને સુંદરની સદી પૂર્ણ ન થાય તે માટે મેચ ડ્રોની ઓફર કરી હતી. જોકે, જાડેજા, વોશિંગ્ટને ફરજિયાત ઓવર શરૂ થાય તે પહેલાં મેચ રદ કરવાની બેન સ્ટોક્સની તે ઓફરનો ઈન્કાર કર્યો હતો. જાડેજા અને સુંદર સદી નજીક પહોંચતા ટેસ્ટ મેચમાં ટી૨૦ જેવો રોમાંચ જોવા મળ્યો હતો અને મેદાન પર હાજર ભારતીય ફેન્સ પણ ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા.મેચમાં ઈંગ્લેન્ડનો પહેલો દાવ ૬૬૯ રન સુધી મર્યાદિત રહ્યો હતો. એટલે કે, યજમાન ઈંગ્લેન્ડે ભારત પર ૩૧૧ રનની મોટી લીડ બનાવી હતી. આ પહેલા ભારતીય ટીમે પહેલા દાવમાં ફક્ત ૩૫૮ રન જ બનાવી શકી હતી. ઈંગ્લેન્ડ તરફથી જો રૂટે પહેલી ઈનિંગમાં શાનદાર ૧૫૦ રન જ્યારે ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ૧૯૮ બોલમાં ૧૪૧ રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડ તરફથી જેક ક્રોલી (૮૪ રન), બેન ડકેટ (૯૪ રન) અને ઓલી પોપે પણ અડધી સદી ફટકારી હતી.ભારતીય ટીમની બીજી ઈનિંગ્સ ખૂબ જ ખરાબ શરૂઆત થઈ હતી. ઓપનર યશસ્વી જયસ્વાલ અને સાઈ સુદર્શન ખાતું ખોલાવ્યા વિના આઉટ થઈ ગયા હતા. બે વિકેટ પડ્યા પછી કેએલ રાહુલ અને કેપ્ટન શુભમન ગિલે ભારતીય ટીમની કમાન સંભાળી હતી. શુભમન ગિલે સદી ફટકારી જ્યારે કેએલ રાહુલ સદી ચૂકી ગયો હતો. પરંતુ ગિલ-રાહુલના આઉટ થયા પછી રવીન્દ્ર જાડેજા અને સુંદર વચ્ચે ઐતિહાસિક ૨૦૩ નોટઆઉટ રનની ભાગીદારી થઈ હતી. ચોથી ટેસ્ટ ડ્રો પછી ભારતીય ટીમ હવે પાંચ મેચની ટેસ્ટ શ્રેણીમાં ૧-૨થી પાછળ છે. તેથી પાંચમી ટેસ્ટ વધુ રોમાંચક બની રહેશે. કારણ કે, ઈંગ્લેન્ડ પાસે સિરીઝ જીતવાની તક હશે, જ્યારે ભારત સિરીઝ સરભર કરવાનો પ્રયાસ કરશે.

### સ્યુસાઈડ નોટ અને પત્નીના નિવેદનથી ચોંકાવનારા રહસ્ય ખુલ્યાં

# મધ્ય પ્રદેશમાં એક જ પરિવારના ૪ લોકોનો સામૂહિક આપઘાત

। (એજન્સી) ભોપાલ, તા.૨૮ ।

મધ્ય પ્રદેશના સાગર જિલ્લાના તિહાર ગામમાંથી એક દુઃખદ ઘટના સામે આવી છે, જ્યાં એક જ પરિવારના ચાર સભ્યોએ સામૂહિક આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. મૃતકોની ઓળખ મનોહર લોધી, તેમની વૃદ્ધ માતા ફૂલરાણી લોધી, પુત્રી શિવાની અને પુત્ર અનિકેત તરીકે થઈ છે.અહેવાલો અનુસાર, આ ઘટના શુક્રવારે પ્રકાશમાં આવી જ્યારે ઘરમાંથી ચારેયના મૃતદેહ મળી આવ્યા. ઘટનાસ્થળેથી એક સુસાઈડ નોટ પણ મળી આવી હતી, જેના કારણે કેસ વધુ ગંભીર વળાંક લઈ ગયો હતો. સુસાઈડ નોટમાં મિલકતના વિભાજનનો ઉલ્લેખ હતો. તેમાં લખ્યું હતું કે, 'મિલકત ત્રણ ભાઈઓમાં વહેંચી દેવી જોઈએ અને પત્ની દ્રૌપદીને કંઈ આપવું જોઈએ નહીં.' આ સમગ્ર કેસમાં સૌથી ચોંકાવનારી વાત એ હતી કે આપઘાત સમયે મનોહરની પત્ની દ્રૌપદી લોધી ઘરે નહોતી, તે ત્રણ દિવસ પહેલા તેના મામાના ઘરે ગઈ હતી. મૃતકની પત્ની દ્રૌપદીએ આરોપ લગાવ્યો કે, 'મારો દેર સુરેન્દ્ર છેલ્લા બે વર્ષથી મને માનસિક અને શારીરિક રીતે ત્રાસ આપી રહ્યો હતો. તે બળજબરીથી મારી પાસે આવતો હતો અને જો તે મોં ખોલશે તો આખા પરિવારને મારી નાખવાની ધમકી આપતો હતો. હું આ ડરમાં જીવી રહી હતી અને આ માનસિક દબાણનું પરિણામ એ આવ્યું છે કે આજે મારો આખો પરિવાર ખતમ થઈ ગયો છે.'પોલીસે દ્રૌપદીના નિવેદનને ગંભીરતાથી લીધું છે અને કેસની તપાસ શરૂ કરી છે. જો કે, મનોહરે આ પગલું કેમ ભર્યું તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. પરંતુ સુસાઈડ નોટમાં તેની પત્નીને મિલકતથી વંચિત રાખવાનો ઉલ્લેખ અને દ્રૌપદીના સનસનાટીભર્યા આરોપો આ કેસને વધુ ઊંડો અને શંકાસ્પદ બનાવી રહ્યા છે. પોલીસ હવે તમામ પાસાઓની તપાસ કરી રહી છે. જો કે, મનોહરે આ પગલું કેમ ભર્યું તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. પરંતુ સુસાઈડ નોટમાં તેની પત્નીને મિલકતથી વંચિત રાખવાનો ઉલ્લેખ અને દ્રૌપદીના સનસનાટીભર્યા આરોપો આ કેસને વધુ ઊંડો અને શંકાસ્પદ બનાવી રહ્યા છે. પોલીસ હવે તમામ પાસાઓની તપાસ કરી રહી છે.

### ઓપરેશન સિંદૂર પછી ઓપરેશન મહાદેવ

# પહેલગામ હુમલાનો માસ્ટર માઈન્ડ હાશિમ મુસા ઠાર

### જમ્મુ કાશ્મીરમાં સેનાએ ત્રણ આતંકીઓને ઠાર કર્યા છે, આતંકીઓ પાસે મોટી માત્રામાં હથિયાર મળ્યા હતા

। (એજન્સી) જમ્મુ, તા.૨૮ ।

પહેલગામ આતંકવાદી હુમલામાં સંડોવાયેલા બે આતંકવાદીઓ માર્યા ગયા છે. સોમવારે (૨૮ જુલાઈ, ૨૦૨૫) ત્રણ આતંકવાદીઓના મૃતદેહ મળી આવ્યા હતા, જેમાંથી બે ૨૬ એપ્રિલે કાશ્મીરમાં પહેલગામ હુમલામાં સામેલ હતા. જમ્મુ કાશ્મીરમાં સેનાએ ત્રણ આતંકીઓને ઠાર કર્યા છે. આતંકીઓ પાસે મોટી માત્રામાં હથિયાર મળ્યા છે. જમ્મુ કાશ્મીરમાં સેના દ્વારા ઓપરેશન મહાદેવ ચલાવવામાં આવી રહ્યું છે. જમ્મુ અને કાશ્મીરમાં પહેલગામ હુમલાનો માસ્ટરમાઈન્ડ અને લશ્કર-એ-તૈયબા (LeT) ના ટોચનો કમાન્ડર હાશિમ મુસા (જે પહેલા પાકિસ્તાની સેનામાં સૈનિક હતો) ને આખરે ભારતીય સેના દ્વારા ઠાર કરવામાં આવ્યો છે. આ એન્કાઉન્ટર ૨૮ જુલાઈના રોજ શ્રીનગરના લિડવાસ વિસ્તારમાં થયું હતું. હવે આ એન્કાઉન્ટરની તસવીરો સામે આવી છે. હાશિમ મુસાને માત્ર પહેલગામ હુમલાનો કાવતરાખોર માનવામાં આવતો ન હતો, પરંતુ તે સોનમર્ગ ટનલ હુમલા માટે પણ જવાબદાર હતો. તેમની પાસેથી અમેરિકા સ્થિત કાર્બાઈન, AK-47, ૧૭ રાઈફલ ગ્રેનેડ અને અન્ય સામગ્રી મળી આવી છે. ભારતીય સેના માટે આ એક મોટી સફળતા છે, પહેલગામ હુમલાના તમામ આતંકવાદીઓ માર્યા ગયા છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ગુપ્ત માહિતીના આધારે, સુરક્ષા દળોએ હરવાનના મુલનાર વિસ્તારમાં આતંકવાદ વિરોધી કાર્યવાહી શરૂ કરી હતી. જ્યારે સુરક્ષા કર્મચારીઓ સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા હતા, ત્યારે દૂરથી બે રાઉન્ડ ગોળીબારનો અવાજ સંભળાયો. તેમણે કહ્યું કે વિસ્તારમાં વધારાના દળો મોકલવામાં આવ્યા છે અને આતંકવાદીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન વધુ તીવ્ર બનાવવામાં આવ્યું છે. પ્રાથમિક માહિતી અનુસાર, ઘેરાયેલા વિસ્તારમાં બે થી ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા છે. લિડવાસ શ્રીનગરની બહારનો ગીચ જંગલ વિસ્તાર છે, જે ત્રાલને પહાડી માર્ગે જોડે છે. આ વિસ્તારમાં અગાઉ પણ TRFની આતંકવાદી પ્રવૃત્તિઓના અહેવાલો આવ્યા છે. આ ઓપરેશનનું નેતૃત્વ સેનાના ચિનાર કોર્પ્સ દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેણે ત્રણ આતંકવાદીઓને માર્યા ગયાની પુષ્ટિ કરી છે. આ દરમિયાન, દાચીગામ જંગલના ઉપરના ભાગોમાં CRPF અને જમ્મુ અને કાશ્મીર પોલીસનું સંયુક્ત ઓપરેશન હજુ પણ ચાલુ છે. આ એ જ વિસ્તાર છે જ્યાં જાન્યુઆરીમાં પણ TRFના એક ઠેકાણાને તોડી પાડવામાં આવ્યો હતો.

## એવા કોઈ પુરાવા નથી કે આતંકી પાકિસ્તાનમાંથી આવ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

આજે લોકસભામાં પહલગામ આતંકી હુમલો અને ઓપરેશન સિંદૂરને લઈને ચર્ચા થશે. તેમજ મંગળવારે આ અંગે રાજ્યસભામાં ચર્ચા થશે. ઉપલા ગૃહમાં આ માટે નવ કલાકનો સમય ફાળવવામાં આવ્યો છે. એવામાં પહલગામ હુમલાને લઈને કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી પી. ચિદમ્બરમે સરકારી નીતિ સામે પ્રશ્નો ઉઠાવ્યા છે. તાજેતરના એક ઈન્ટરવ્યુ દરમિયાન તેમણે આતંકવાદીઓની ધરપકડ અને ઓળખને લઈને પ્રશ્નો ઉઠાવ્યા હતા. ચિદમ્બરમે સરકારને પૂછ્યું હતુ કે એવું કેવી રીતે માની લેવામાં આવ્યું કે આતંકવાદીઓ પાકિસ્તાનથી જ આવ્યા છે? તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં ચિદમ્બરમે પહલગામ હુમલા વિશે વાત કરતાં કહ્યું હતુ કે, સરકાર એ કહેવા તૈયાર નથી કે NIA એ છેલ્લા કેટલાક અઠવાડિયામાં શું કર્યું છે.

## ગૌતમ ગંભીરે ડ્રેસિંગ રૂમમાં રિષભ પંતના વખાણ કર્યા

। (એજન્સી)માન્ચેસ્ટર, તા.૨૮ ।

માન્ચેસ્ટરમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી ચોથી ટેસ્ટ મેચમાં ભારતીય ટીમના વિકેટકીપર અને બેટર રિષભ પંતે મેદાન પર કંઈક એવું કર્યું, જે ક્રિકેટ ઈતિહાસમાં હિંમત અને સમર્પણનું ઉદાહરણ બની ગયું છે. પગમાં ગંભીર ઈજાઓ હોવા છતાં રિષભ પંતે શાનદાર બેટિંગ કરી હતી. ત્યારે હવે મુખ્ય કોચ ગૌતમ ગંભીરને પણ રિષભ પંત માટે પોતાનો જ નિયમો તોડ્યા છે. ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર હંમેશા ટીમ સ્પોર્ટ્સમાં વ્યક્તિગત પ્રશંસા કરતા નથી. હવે તેમણે પહેલીવાર પોતાનો જ નિયમ તોડ્યો છે. ડ્રેસિંગ રૂમમાં ગૌતમ ગંભીરે બધા ખેલાડીઓની સામે રિષભ પંતના વખાણ કર્યા છે. તેમણે કહ્યું કે, 'મને વ્યક્તિઓ વિશે વાત કરવાનું પસંદ નથી. મેં ક્યારેય ટીમમાં કોઈ એક ખેલાડી વિશે વાત કરી નથી, પરંતુ તમે (રિષભ પંત) આ ડ્રેસિંગ રૂમમાં જ નહીં પરંતુ આવનારી પેઢીઓને પણ પ્રેરણા આપી છે. આ તમારો આ જુસ્સા માટે આખો દેશ હંમેશા તમારા પર ગર્વ કરશે.' ગૌતમ ગંભીરની આ સ્પીચ રિષભ પંત ખૂબ જ શાંતિથી સાંભળી રહ્યા હતા. ડ્રેસિંગ રૂમમાં હાજર અન્ય ખેલાડીઓ તાળીઓના ગડગડાટથી તેમનું સન્માન કર્યું હતું. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે એન્ડરસન-તેંદુલકર ટ્રોફી ૨૦૨૫ની ચોથી ટેસ્ટ મેચમાં ટોસ હાર્યા બાદ ભારત ઈંગ્લેન્ડ સામે માન્ચેસ્ટર ટેસ્ટમાં પહેલા બેટિંગ કરવા ઉતર્યું હતું. મેચના પહેલા (૨૩મી જુલાઈ) દિવસે જ્યારે રિષભ પંત રમી રહ્યા હતા, ત્યારે ક્રિસ વોક્સનો ફુલ ટોસ બોલ તેમના જમણા પગમાં વાગ્યો. આ બોલથી તેઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. તપાસમાં જાણવા મળ્યું કે તેમના પગમાં ફ્રેક્ચર થયું હતું. જો કે, BCCIએ જાહેરાત કરી હતી કે પંત ટીમને જરૂર પડશે તો બેટિંગ માટે હાજર રહેશે, પરંતુ બીજા દિવસે (૨૪મી જુલાઈ) ભારતીય ટીમ મુશ્કેલીમાં દેખાતા આખરે પંત મેદાન પર ફરી વખત બેટિંગ કરવા ઉતર્યો હતો.

## અંતિમ સંસ્કારમાં ઉગ્ર બોલાચાલી થતા મામલો મારામારી સુધી પહોંચ્યો

। બલિયા, તા.૨૮ ।

ઉત્તર પ્રદેશના બલિયામાંથી એક આશ્ચર્યજનક સમાચાર સામે આવ્યા છે, જ્યાં બે ભાજપના નેતાઓની માથાકૂટ મારપીટ સુધી પહોંચી ગઈ હતી. જેમાં ઘણા લોકો ઘાયલ થયા હતા અને તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા અને મામલો પોલીસ સુધી પહોંચી ગયો હતો. પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પ્રાથમિક જાણકારી અનુસાર, બલિયામાં ભાજપના પૂર્વ સાંસદ વીરેન્દ્ર સિંહ મસ્તના પુત્ર અને ભાજપના પૂર્વ ધારાસભ્ય સુરેન્દ્ર સિંહના સમર્થકો વચ્ચે મારામારી થઈ હતી. કહેવાય છે કે ગઈકાલે બૈરિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક અંતિમ સંસ્કાર સ્થળે સુરેન્દ્ર સિંહ અને પૂર્વ સાંસદના પુત્ર વિપલેન્દ્ર હાજર હતા. આ દરમિયાન કોઈ વાતને લઈને બંને વચ્ચે બોલાચાલી થઈ હતી, જે બાદ મામલો એટલો વણસ્યો કે બંને પક્ષો વચ્ચે ઉગ્ર મારામારી થઈ હતી. મળતી માહિતી મુજબ, ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લામાં પૂર્વ ભાજપ ધારાસભ્ય સુરેન્દ્ર સિંહ અને પૂર્વ સાંસદ વીરેન્દ્ર સિંહ મસ્તના પરિવાર વચ્ચે મારામારી થઈ હતી. આ ઘટનામાં બંને પક્ષના કુલ આઠ લોકો ઘાયલ થયા છે.

## ન્યૂઝ બ્રિફ

### હાંસોટ નજીક દરિયાના પાણીમાં કન્ટેનર તણાઇને આવ્યું

। (એજન્સી) ભરૂચ, તા.૨૮ ।

ભરૂચના હાંસોટના કતપોર ગામ નજીક દરિયામાં કન્ટેનર તણાઈને આવતા દોડધામ મચી જવા પામી હતી. બનાવની જાણ થતાની સાથે જ દહેજ મરીન અને હાંસોટ પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો.ભરૂચના હાંસોટ તાલુકાના કતપોર ગામ નજીક દરિયો અને વન ખાડીનો સંગમ થાય છે.આ ખાડીના પાણીમાં દરિયામાંથી તણાઈને આવેલ મોટુ કન્ટેનર નજરે પડ્યું હતું જેના પગલે ગ્રામજનોમાં કુતુહલ ફેલાયું હતુ આસપાસના ઝીંગા તળાવમાં કામ કરતા કામદારો દ્વારા તેને બાંધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ તરફ આ અંગેની જાણ થતાની સાથે જ દહેજ મરીન પોલીસ તેમજ હાંસોટ પોલીસનો કાફલો પહોંચ્યો હતો અને તપાસ કરતાં કન્ટેનરમાં બાળકોના બુટ ચપ્પલનો જથ્થો હોવાનો બહાર આવ્યું છે. પોલીસ દ્વારા આ અંગે કસ્ટમ વિભાગને પણ જાણ કરવામાં આવી છે.

### વડોદરાના સલાટવાડા વિસ્તારમાં ઉંદર કરડવાથી ઘવાયેલા યુવકનું મોત

। (એજન્સી) વડોદરા, તા.૨૮ ।

વડોદરામાં ઉંદર કરડવાના કારણે ગંભીર ઈજાગ્રસ્ત થયેલા યુવકના મોતનો કિસ્સો સામે આવ્યો છે. વડોદરાના સલાટવાડા વિસ્તારમાં રહેતા ૪૦ વર્ષિય યુવકને ઉંદર કરડતા તે મોઢા અને પગના ભારે ઈજાગ્રસ્ત થયો હતો. ઉંદરે એ હદે કરડી ખાધું હતુ કે, યુવકને એસએસજી હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડના આઈસીયુમાં દાખલ કરવો પડ્યો હતો. જેમાં ટુંકી સારવાર દરમિયાન યુવકનું મોત નીપજ્યું છે. વડોદરાના સલાટવાડામાં ઉંદરનો ત્રાસ જીવલેણ બન્યો છે. તાજેતરમાં સલાટવાડામાં રહેતા ૪૦ વર્ષિય યુવક સંદીપ મોરેના ઘરે ઉંદર કરડ્યો હતો. ઉંદર કરડતા યુવકના માથા અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અને ઘણું લોહી વહ્યું હતું. આ ઘટનામાં યુવક બેભાન થતા તેને સારવાર અર્થે એસએસજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. જ્યાં આ યુવકને ઈમરજન્સી વિભાગના આઈસીયુમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો. સારવાર માટે દાખલ થયાના બીજા દિવસે ફરજ પરના હાજર તબિબો દ્વારા યુવકને મૃત જાહેર કરવામાં આવ્યો છે.

### દહેજની માંગ સાથે મારઝૂડ મામલે પતિ વિરુદ્ધ પરિણીતાની ફરિયાદ

। (એજન્સી) ભરૂચ,તા.૨૮ ।

ભરૂચ જિલ્લામા રહેતી અને દવાખાનું ધરાવતી તબીબ પરણીતાએ ફરિયાદમાં કહ્યું હતું કે, ગઈ તા.૭ ફેબ્રુઆરીના રોજ મારા લગ્ન સમાજના રીત રિવાજ મુજબ ભાવિક દીક્ષિતભાઈ રાણા (રહે ભોલાવ ગામ, ભરૂચ)સાથે થયા હતા. લગ્નના બીજા દિવસથી પતિએ મારી પાસે જુદી જુદી વસ્તુ અને પૈસાની માંગણી કરી હતી. થાઈલેન્ડ હનીમૂન માટે જતા મને મારા પિતા પાસેથી એક નવી કારની માંગ કરી હતી. બોર્ટિંગ સમયે પણ મને અપશબ્દો કહ્યા હતા. મે વેલેન્ટાઈન ડે હોવાથી ગિફટમાં મને શું આપીશ તેવું કહેતા ભાવિકે તારા માતા પિતાએ મને કશું આપ્યું નથી તેમ કહી મારી સાથે મારઝુડ કરતા મારા ચશ્મા તૂટી ગયા હતા. અને મને હોટલના કબાટની સાથે અથડાવતા ખભાના ભાગે ઈજા થઈ છે. જેથી હું હોટલના બાથરૂમમાં દરવાજો બંધ કરી બેસી ગઈ હતી. વધુમાં કહ્યું હતું કે, મારા પતિના અન્ય સ્ત્રી સાથે આડા સંબંધો હોય તેના ફોટા પણ મને બતાવ્યા હતા. તે બાબતે પણ અમારી વચ્ચે ઝઘડો ચાલી રહ્યો હતો. ભાવિકે મને મારો પાસપોર્ટ ન આપી મારો મોબાઈલ લઈ લેતા હું ગભરાઈ જઈ એરપોર્ટના ટોયલેટમાં સંતાઈ ગઈ હતી. અને કરાબી એરપોર્ટ સ્ટાફની મદદથી પિતા સાથે વાત કરી હતી. અને તેઓએ મને સુરત સુધી પહોંચવામાં મદદ કરી હતી. ત્યારબાદ સસરાના કહેવાથી ભાવિકે મારો પાસપોર્ટ અને મોબાઈલ ફોન પરત આપ્યો હતો. અરજીના કામે મને તથા મારા પતિને ભેગા કરી કાઉન્સેલિંગ કરાવતા હું મારા પતિ સાથે જવા માંગતી હતી પરંતુ પતિ મને તેડી જવાબ માંગતો ન હતો.

**જવાબદારી માટે નામ થઇ ગયા ફાઈનલ**

# બે સેનાપતિઓને રાહુલ ગાંધી સોંપશે ગુજરાતની જવાબદારી

**રાષ્ટ્રીય સ્તરે રાહુલ ગાંધીએ ચાર્જ સંભાળ્યા બાદ તેમણે પોતાની ટીમમાં કુશળ રણનીતિકારોને સામેલ કર્યા છે. જેના કારણે કોંગ્રેસમાં અનેક મોટા બદલાવ આવ્યા છે.**

। અમદાવાદ, તા.૨૮ ।

રાહુલ ગાંધીના ગુજરાત પ્રવાસ દરમિયાન એક મહત્વનો નિર્ણય લેવાયો છે. રાહુલ ગાંધી પોતાના બે સેનાપતિઓને ગુજરાતની જવાબદારી સોંપવાના છે. આ બંને નેતાઓ ગુજરાતની રણનીતિ ઘડશે, જેઓ ગુજરાત માટે કોંગ્રેસના નવા રણનીતિકાર બનશે. આણંદની બેઠકમાં લગભગ નિર્ણય લેવાઈ ગયો, હવે ટૂંક સમયમાં અમલ થશે. રાહુલ ગાંધીના ગુજરાત પ્રવાસ બાદ ગુજરાત કોંગ્રેસે બે રણનીતિકાર મળવા જઈ રહ્યાં છે. રાષ્ટ્રીય સ્તરે રાહુલ ગાંધીએ ચાર્જ સંભાળ્યા બાદ તેમણે પોતાની ટીમમાં કુશળ રણનીતિકારોને સામેલ કર્યા છે. જેના કારણે કોંગ્રેસમાં અનેક મોટા બદલાવ આવ્યા છે. રાહુલ ગાંધીએ આણંદમાં નેતાઓ સાથે કરેલી બેઠકમાં આ નિર્ણય લીધો છે. આ બંને રણનીતિકારના નામ પણ સામે આવ્યા છે. સુનીલ કાનુગોલુ ૪૦ વર્ષીય રણનીતિકાર છે, જેમની રણનીતિએ કોંગ્રેસને તેલંગાણામાં કેસીઆરને હાંકી કાઢવામાં મદદ કરી હતી. તેમની રણનીતિએ તેલંગાનામાં કોંગ્રેસની લાજ બચાવી હતી.

કોણ છે સુનીલ કાનુગોલુ : ચૂંટણી રણનીતિકાર સુનીલ કાનુગોલુ કોંગ્રેસ માટે મીડાસ ટચ ધરાવતા વ્યક્તિ સાબિત થયા છે. તેલંગાણામાં કોંગ્રેસની જીતનું આયોજન કર્યાના થોડા મહિના પછી, કર્ણાટકમાં તેઓ આ ભવ્ય જૂની પાર્ટીના સત્તામાં પાછા ફરવાના શિલ્પી હતા. કર્ણાટકમાં કોંગ્રેસની જીતનો શ્રેય કાનુગોલુને આપવામાં આવ્યો હતો અને સિદ્ધારમૈયા સરકારે તેમને કેબિનેટ પદ આપ્યું હતું. સુનીલ કાનુગોલુએ તેલંગાણા પ્રદેશ કોંગ્રેસ સમિતિના વડા એ રેવંત રેડ્ડી સાથે મળીને કે. ચંદ્રશેખર રાવની આગેવાની હેઠળની બીઆરએસ સરકારને સત્તા પરથી ઉથલાવી દીધી હતી. કર્ણાટક અને તેલંગાણામાં કોંગ્રેસની સફળતા પાર્ટી દ્વારા કાનુગોલુને આપવામાં આવેલી છૂટ અને તેમની ટીમને સ્વતંત્ર રીતે કામ કરવાની મંજૂરી આપવાનું પરિણામ હતું. કાનુગોલુ, જે પોતે કર્ણાટકના છે અને લગભગ ૪૦ વર્ષના છે, તેમને કર્ણાટકમાં ભાજપ વિરુદ્ધ 'PECM' અભિયાન સાથે કોંગ્રેસની રણનીતિ પાછળનું મગજ માનવામાં આવે છે. રસપ્રદ વાત એ છે કે, સુનીલ કાનુગોલુએ ભાજપ સાથે પણ કામ કર્યું છે. સુનીલ કાનુગોલુ ભાજપ માટે રણનીતિકાર પણ રહ્યા છે. ૨૦૧૮ માં, તેમણે કર્ણાટકમાં ભાજપ સાથે કામ કર્યું અને પાર્ટી ૧૦૪ બેઠકો સાથે સૌથી મોટી પાર્ટી બનવામાં સફળ રહી. તેમણે ૨૦૧૪ માં નરેન્દ્ર મોદીના પ્રચાર તેમજ ઉત્તર પ્રદેશ અને ગુજરાતમાં પાર્ટીના રાજકીય પ્રચાર પર પણ કામ કર્યું. કોણ છે સચિન રાવ : સચિન રાવ રાહુલ ગાંધીની ટીમના એક મહત્વપૂર્ણ સભ્યોમાંના એક છે. તેમજ કોંગ્રેસના પ્રશિક્ષણ વડા છે. જે કોંગ્રેસના કાર્યકરોને પ્રસિક્ષિત કરવાની જવાબદારી સંભાળે છે. સચિન રાવ મિશિગન બિઝનેસ સ્કૂલમાંથી કોર્પોરેટ સ્ટ્રેટેજી અને ઈન્ટરનેશનલ બિઝનેસમાં MBA ગ્રેજ્યુએટ છે. સચિન રાવે પર્સનલ ટ્રેનિંગ અને INC મેસેજિંગનો હવાલો સંભાળ્યો છે. તેમણે અગાઉ ભારતીય યુવા કોંગ્રેસ અને રાષ્ટ્રીય વિદ્યાર્થી સંઘ ભારતના સંચાલનનું પણ સંચાલન સંભાળ્યું છે. ૨૦૦૭ માં, જ્યારે રાહુલ ગાંધીએ AICC મહાસચિવ તરીકે કાર્યભાર સંભાળ્યો, ત્યારે તેમણે IYC અને NSUI ને પુનર્જીવિત કરવા માટે રાવ સાથે કામ કર્યું. ત્યારબાદ પાર્ટીમાં નવા મહાસચિવનું આ પ્રથમ કાર્ય માનવામાં આવતું હતું. સૂત્રો કહે છે કે રાહુલના કાર્યકાળ દરમિયાન ૨૦૦૭-૨૦૦૯ દરમિયાન પહેલીવાર બંને સંસ્થાઓ માટે આંતરિક ચૂંટણીઓ યોજવાનો રાવનો વિચાર હતો. રાવ કોંગ્રેસ કાર્યકારી સમિતિ (CWC) ના સભ્ય પણ છે, જે પાર્ટીની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા છે. રાહુલ ગાંધી દ્વારા પાર્ટી કાર્યકરોને તાલીમ આપવા અને આંતરિક વ્યવસ્થાઓમાં સુધારા લાવવા માટે પસંદ કરાયેલા નેતાઓમાંના એક છે.

**સરકારે દાદાઓની ભરતીનો નિર્ણય બદલ્યો**

## નિવૃત શિક્ષકોને કરાર આધારે રાખવાના નિર્ણયને આખરે સરકારે રદ કર્યો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૮ ।

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગને એક અઠવાડિયામાં બીજો તઘલખી નિર્ણય પરત ખેંચવાની ફરજ પડી છે. ભારે વિવાદ થયા બાદ શિક્ષણ વિભાગે નિવૃત શિક્ષકોની ભરતીનો પરિપત્ર રદ કરવાની ફરજ પડી છે. નિવૃત શિક્ષકોને કરાર આધારે રાખવાના નિર્ણયને આખરે સરકારે રદ કર્યો છે. બે દિવસ પહેલા સરકાર દ્વારા આ વિવાદાસ્પદ નિર્ણય લેવાયો હતો. જોકે સરકારના આ નિર્ણયનો વ્યાપક વિરોધ થયો હતો. જેને કારણે આખરે શિક્ષણ વિભાગને આ નિર્ણય રદ કરવો પડ્યો. નિર્ણય રદ કરતા પરિપત્રમાં જણાવાયું કે,અંત્રેના સરખા ક્રમાંકના તા. ૨૫-૭-૨૦૨૫ ના પત્રથી રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની નિયમિત ભરતી તથા જ્ઞાન સહાયકોની નિમણૂંક થયા બાદ પણ ખાલી રહેતી જગ્યાઓ પર વચગાળાની વ્યવસ્થા તરીકે નિવૃત શિક્ષકોને કામગીરી સોંપવાની સૂચના આપવામાં આવેલ હતી તે મૂળ અસરથી રદ કરવામાં આવે છે. બે દિવસ પહેલા નિવૃત્ત શિક્ષકોને માનદવેતનથી ભરતી કરવાનો શિક્ષણ વિભાગે નિર્ણય કર્યો હતો. રાજ્યના શિક્ષણ વિભાગે શૈક્ષણિક કાર્ય ખોરવાય નહીં તે માટે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે નિવૃત્ત શિક્ષકોને માનદવેતનથી ભરતી કરવાનો નિર્ણય કર્યો છે. જે મુજબ, ગુજરાતમાં શિક્ષક અને જ્ઞાન સહાયકની ભરતી બાદ ખાલી રહેતી જગ્યામાં નિવૃત્ત શિક્ષકોને કામગીરી સોંપાશે. વચગાળાની વ્યવસ્થાના ભાગ રૂપે સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં નિવૃત્ત શિક્ષકોને કામગીરી સોંપાશે. જે નિવૃત્ત શિક્ષકને કામગીરી સોંપાય તેમની ઉંમર ૬૨ વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ નહીં. શાળામાં બદલીથી અથવા ભરતીથી કાયમી શિક્ષક કે જ્ઞાન સહાયકની નિમણૂક ન થાય સુધી કામગીરી કરવાની રહેશે. શૈક્ષણિક વર્ષના અંતે છૂટા કરાશે. નિવૃત્ત શિક્ષકને જ્ઞાન સહાયક જેટલું જ માનદ વેતન અપાશે કોઈ વધારાના નાણાકીય કે સેવાકીય લાભ મળશે નહીં.

## પંચમહાલની પંચામૃત ડેરીનો પશુપાલકો માટે ઐતિહાસિક નિર્ણય

। (એજન્સી) પંચમહાલ, તા.૨૮ ।

પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લાના લાખો પશુપાલકો માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. પંચામૃત ડેરીના ચેરમેન દ્વારા ખેડૂતોના હિતલક્ષી મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ડેરીની દાણ ફેક્ટરીમાંથી ઉત્પાદિત થતાં દરેક દાણમાં પ્રતિ કિલોગ્રામે ૨ રૂપિયાનો ઘટાડો જાહેર કરવામાં આવ્યો છે, જેનો અમલ આજ (૨૮ જુલાઈ)થી જ કરવામાં આવ્યો છે. ધી પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ દ્વારા જાહેર કરેલા પરિપત્રમાં જણાવ્યું છે કે, પંચામૃત દાણના વિવિધ ઉત્પાદનોના ભાવમાં ૨ રૂપિયાનો ઘટાડો કર્યો છે. આ ભાવ ઘટાડાનો સીધો લાભ પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લાના અંદાજે લાખો પશુપાલકોને મળશે. આ નિર્ણયથી લાખો પશુપાલકોને મહિને અંદાજે રૂ.૨ કરોડનો સીધો આર્થિક લાભ થવાનો અંદાજ છે. દાણના ભાવ ઘટવાથી પશુપાલકોના દૂધ ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે અને તેમની આવકમાં વધારો થશે, જે આર્થિક રીતે તેમને વધુ સક્ષમ બનાવશે. પંચામૃત ડેરી દ્વારા લેવાયેલા આ નિર્ણયથી પશુપાલકોમાં ખુશીનો માહોલ છવાયો છે. પંચામૃત ડેરીના ચેરમેનના આ સંવેદનશીલ અને ખેડૂતલક્ષી પગલાની લોકોએ વધાવી લીધો છે.

**યુવક-યુવતીએ પોલીસથી બચવા બારીમાંથી કુદકો માર્યો**

## નરોડા સ્વામિનારાયણ પાર્કમાં જુગાર રમતી ૫ મહિલા સહિત ૧૦ની ધરપકડ

। (એજન્સી) અમદાવાદ , તા.૨૮ ।

શ્રાવણ મહિનાની શરૂઆત સાથે શ્રાવણિયો જુગાર શરૂ થઈ ગયો છે. જુગાર રમવાના શોખીનો પોલીસથી બચવા માટે અવનવી ટેકનિકો અપનાવી રહ્યાં છે. પરંતુ પોલીસ પણ કેસો શોધી આવા લોકો પર ધોંસ વધારી રહી છે. નરોડા પોલીસે બાતમીના આધારે સ્વામિનારાયણ પાર્કમાં જુગારના અડ્ડા પર રેડ કરી પાંચ મહિલા સહિત દસ લોકોની ધરપકડ કરી છે. બીજી તરફ પોલીસથી બચવા માટે યુવક અને યુવતીએ પહેલા માળે બારીમાંથી કુદકો માર્યો હતો. જેથી બન્નેને ફ્રેક્ચર થતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઝોન-૪ ડીસીપી કાનન દેસાઈએ તેમના તાબાના વિસ્તારમાં દારૂ જુગારની બદી ઝડપી લેવા અધિકારીઓને સૂચના આપી છે ત્યારે નરોડા પીઆઈ પી.વી. ગોહિલ અને એસ. એ. કોટડિયાને બાતમી મળી હતી કે, સ્વામિનારાયણ પાર્કના મકાન નં-૧૦૩માં કેટલા લોકો જુગાર રમી રહ્યાં છે. જેથી પીઆઈની સૂચનાથી ડી સ્ટાફ પીએસઆઈ વી. આર. ચૌધરી સહિતનો સ્ટાફ ત્યાં પહોંચ્યો હતો. ત્યારે કુંડાળું વળી પત્તા પર પૈસાની હાર જીતનો જુગાર રમી રમાઈ રહ્યો હતો. પોલીસને જોતા જ યુવક અને યુવતીએ બારીમાંથી કુદકો માર્યો હતો. જો કે, પોલીસે બન્નેને ઝડપી લીધા હતા. પોલીસે આ મામલે પાંચ મહિલા અને પાંચ પુરુષોને ઝડપી લઈ ૩.૪૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, ઝડપાયેલ રીટાની સામે ૩ ગુના, રાણીબહેન સામે ૧૭ ગુના, અમિત અભિચંદાની, ભાવના, અનિતા અને કિશોર ટેકવાણી સામે ૧-૧ ગુના અગાઉ નોંધાયેલ છે. જો કે, પોલીસે બન્નેને ઝડપી લીધા હતા. પોલીસે આ મામલે પાંચ મહિલા અને પાંચ પુરુષોને ઝડપી લઈ ૩.૪૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, ઝડપાયેલ રીટાની સામે ૩ ગુના, રાણીબહેન સામે ૧૭ ગુના, અમિત અભિચંદાની, ભાવના, અનિતા અને કિશોર ટેકવાણી સામે ૧-૧ ગુના અગાઉ નોંધાયેલ છે.

**સરકારે દાદાઓની ભરતીનો નિર્ણય બદલ્યો**

## નિવૃત શિક્ષકોને કરાર આધારે રાખવાના નિર્ણયને આખરે સરકારે રદ કર્યો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૮ ।

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગને એક અઠવાડિયામાં બીજો તઘલખી નિર્ણય પરત ખેંચવાની ફરજ પડી છે. ભારે વિવાદ થયા બાદ શિક્ષણ વિભાગે નિવૃત શિક્ષકોની ભરતીનો પરિપત્ર રદ કરવાની ફરજ પડી છે. નિવૃત શિક્ષકોને કરાર આધારે રાખવાના નિર્ણયને આખરે સરકારે રદ કર્યો છે. બે દિવસ પહેલા સરકાર દ્વારા આ વિવાદાસ્પદ નિર્ણય લેવાયો હતો. જોકે સરકારના આ નિર્ણયનો વ્યાપક વિરોધ થયો હતો. જેને કારણે આખરે શિક્ષણ વિભાગને આ નિર્ણય રદ કરવો પડ્યો. નિર્ણય રદ કરતા પરિપત્રમાં જણાવાયું કે,અંત્રેના સરખા ક્રમાંકના તા. ૨૫-૭-૨૦૨૫ ના પત્રથી રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની નિયમિત ભરતી તથા જ્ઞાન સહાયકોની નિમણૂંક થયા બાદ પણ ખાલી રહેતી જગ્યાઓ પર વચગાળાની વ્યવસ્થા તરીકે નિવૃત શિક્ષકોને કામગીરી સોંપવાની સૂચના આપવામાં આવેલ હતી તે મૂળ અસરથી રદ કરવામાં આવે છે. બે દિવસ પહેલા નિવૃત્ત શિક્ષકોને માનદવેતનથી ભરતી કરવાનો શિક્ષણ વિભાગે નિર્ણય કર્યો હતો. રાજ્યના શિક્ષણ વિભાગે શૈક્ષણિક કાર્ય ખોરવાય નહીં તે માટે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે નિવૃત્ત શિક્ષકોને માનદવેતનથી ભરતી કરવાનો નિર્ણય કર્યો છે. જે મુજબ, ગુજરાતમાં શિક્ષક અને જ્ઞાન સહાયકની ભરતી બાદ ખાલી રહેતી જગ્યામાં નિવૃત્ત શિક્ષકોને કામગીરી સોંપાશે. વચગાળાની વ્યવસ્થાના ભાગ રૂપે સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં નિવૃત્ત શિક્ષકોને કામગીરી સોંપાશે. જે નિવૃત્ત શિક્ષકને કામગીરી સોંપાય તેમની ઉંમર ૬૨ વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ નહીં.

## ગુજરાતના ૨૦ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી

। અમદાવાદ, તા.૨૮ ।

ગુજરાતમાં થોડા વિરામ બાદ વરસાદે ફરીથી ધડબડાટી બોલાવવાનું શરૂ કર્યુ છે. ગુજરાતમાં વરસાદ લાવે તેવી હાલ ત્રણ સિસ્ટમ સક્રિય છે. ત્યારે હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ગુજરાતમાં આગામી સાત દિવસ વરસાદની આગાહી આપી છે. આ સાથે બે દિવસ ભારેથી અતિભારે વરસાદની શક્યતા પણ દર્શાવવામાં આવી છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના ડાયરેક્ટર, એ. કે. દાસે જણાવ્યુ છે કે, હાલ ત્રણ સિસ્ટમ સક્રિય છે. ઉત્તર પશ્ચિમ મધ્યપ્રદેશ અને રાજસ્થાનના કેટલાક ભાગોની ઉપર લો પ્રેશર બન્યું છે. જેની સાથે સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયુ છે. આ સાથે ટ્રફ લાઈન પણ સર્જાયું છે.

આ સાથે તેમણે જણાવ્યુ છે કે, આગામી ૫ દિવસ દરિયો તોફાની બનશે. માછીમારોને આગામી એક ઓગસ્ટ સુધી દરિયો ન ખેડવાની ચેતવણી આપવામાં આવી છે. અમદાવાદમાં ગાજવીજ સાથે મધ્યમથી ભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ સાથે તેમણે જણાવ્યુ છે કે, પહેલી ઓગસ્ટ સુધી વીજળીના કડાકા ભડાકા થવાની આગાહી આપવામાં આવી છે. આ સાથે પવનની ગતિ ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની રહેવાની શક્યતા છે. હવામાન વિભાગે આપેલા વેધર મેપ પ્રમાણે, દાહોદમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું હતું. આ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ ઉપરાંત ૧૨ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. જેમાં આણંદ, ખેડા, મહીસાગર, વડોદરા, પંચમહાલ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. વેધર મેપ પ્રમાણે, મંગળવારે, ૨૯મી જુલાઈના રોજ વરસાદનું જોર ઓછું થતું દેખાઈ રહ્યું છે.

